સંસ્થાપક · રવિશંકર રાવળ


કુમાર

જુલાઈ
૧૯૭૦
વર્ષ ૪૭મું
અંક ૭મો
તંત્રી
બચુભાઈ
રાવત



જાંબુડાને આવ્યાં ફૂલ · ફોટો: અશ્વિન મહેતા

સળંગ અંક
૫૫૯





નવદંપતી (કલાકાર · પળશીકર)

આ પાના પરનાં ચિત્રોના કર્તા મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સના ડીન અને ખ્યાતનામ કલાકાર શ્રી શંકર પળશીકર ભારતીય કળાના નવા પ્રવાહોમાં પોતાની સફળ દેણગીથી જાણીતા છે. પશ્ચિમની વાસ્તવદર્શી ચિત્રશૈલીમાં શિક્ષણ અને પરદેશના પ્રવાસો પછી યે એમના વિચારો અને કલાભિવ્યક્તિમાં, બચપણથી પડેલા ભારતીય સંસ્કારોની છાપ સ્પષ્ટ વરતાય છે. છેલ્લે છેલ્લે તેઓ ગાયત્રી વગેરે મંત્રો અને બીજાક્ષરોને કલાના માધ્યમ વડે સમજવાના પ્રયોગ કરી એમાં એક નવું જ પરિમાણ પ્રકટ કરી રહ્યા છે.


અનેક પ્રશંસા અને પુરસ્કાર પામેલા શ્રી પળશીકરનાં અમૂર્ત શૈલીનાં ચિત્રોમાં પણ રંગ કે પીંછીના આવેગભર્યા લીસોટા લપકા કે લોચા, યા વિસ્તૃત પટ પર સીધા સપાટ એકરંગી લેપનને બદલે બહુ વિચારપૂર્વક યોજેલી સંયોજના ને ભાત જોવા મળે છે; અને તે ધાર્મિક તથા ભાવુક ગાંભીર્યથી સર્જાએલાં હોઈ ભાવક પર અસર પાડ્યા વિના રહેતાં નથી. નીચે એવી બે કૃતિ આપી છે.

આલેખન દ્વારા મંત્રાક્ષરોનો તાગ પામવાના પ્રયત્નરૂપ શ્રી પળશીકરની બે કૃતિઓ





ભારતના ઇતિહાસ અને સંસ્કૃતિનું માનચિત્ર : લગભગ ૫,૦૦,૦૦૦ વર્ષો પૂર્વે, એટલે કે છેક દ્વિતીય હિમયુગના આરંભકાળના માનવ-અવશેષો શિવાલિક પહાડીઓ અને વાયવ્ય પંજાબ તથા જમ્મુનાં મેદાનોમાંથી મળ્યા છે. દોઆબ (ગંગા-યમુના)ના પ્રદેશમાંથી તામ્રયુગનાં પ્રમાણો અને ઉત્તર-દક્ષિણ ભારતમાંથી લોહયુગના અવશેષો મળ્યા છે. સુયોજિત નગરરચના, સ્નાનગૃહો અને કલાકૌશલ માટે વિખ્યાત સિંધુખીણની સંસ્કૃતિના અવશેષો ઈ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ જૂના ગણાય છે, અને તે પછી આર્યો ભારતમાં સ્થાયી થયા તેમ મનાય છે. મહાભારતનો સમય ત્યાર પછીનો ગણાય છે. આ પૈકી ઈ. સ. પૂર્વેના અઢી હજાર વર્ષના ઇતિહાસનો આછોશો ખયાલ આપ્યો છે. તે પછીનો પૃ. ૨૭૦ પર જુઓ.



પહાડ ચઢતાં / જયન્ત પાઠક

· કટાવ ·

પહાડ ચઢતાં મનમાં થયું તે
પગોથિયાના પથ્થર માથે
લખ્યું તમારું નામ !
નામ લખ્યું ને
દરિયા પરથી ચઢયો વાયરો
પહાડ ભરીને વરસ્યો :
અક્ષરો ફૂલ થઈને ઊઘડયા,
અક્ષરો ભમરા થૈને ઊડયા,
અક્ષરો ડંખ્યા
અમને ઘેન ચઢયાં રે ઘેરાં !

પહાડ આખો પરિમલથી ઘેરાયો,
ચારે બાજુ ચંદનવન લ્હેરાયાં,
એમાં થડિયેથડિયે સાપ
શીતળતાનાં ઘેન ચઢયાં ને
ઢળિયા આપોઆપ
વગડાનાં વરણાગી અમે તે
એક ઝાડને અડયા
લીલા ઉઝરડા પડ્યા !
લોહીમાં ભળ્યું તમારા ચંદનવનનું ઝેર
—આપણે કિયા જનમનાં વેર !

કાવ્ય / રમેશ પારેખ

· પરંપરિત હરિગીત ·

રોજ એવું થાય, એવું થાય કે…
આ ખંડમાં
બારીના સળિયાઓની પેલે પાર આઘે
ગંધમાં તરબોળ ટેકરીઓ અહીં સૂંઘું…

પ્રિયના આશ્લેષમાં ઉચ્છ્વાસતી
કોઈક કંપિતા તણા
લજ્જાળુ ઉચ્છ્વાસો સમી
કૈં ઘાસની વિશ્રંભમર્મર
સાવ પાસે પી લઉં આકંઠ;

લીલી ટોચથી પડતું મૂકીને
ટેકરીના ઘાસ-વહેતા ઢાળ પરથી દડદડું,
કેડી થઈ પાછો ચડી લપસી પડું;

ચોમેર તૃણ-શય્યા વિષે વિંટળાઉં,
રોમેરોમથી આતુર આળોટી પડું,
આખી ય લીલી વેળ ઝંઝેડી દઉં;

સંતાઉં લીલાકાચ ઘેઘૂર ઝુંડમાં
ને કોઈ ઓચિંતી ઊડેલી
દેવચકલી-શો હવામાં ફરફરું…

ફરફરું
ને એટલે આઘે જઉં
કે સાંજનો અંધાર ઊગે તો ય
મારા નીડમાં ક્યારે ય ના પાછો ફરું…

ઊંઘ / ચિનુ મોદી

· શિખરિણી સૉનેટ ·

ફરીથી ડોકાશે રવિ શિખરમાથે, પલકમાં
સમુદ્રોનાં પાણી કિરણપગલે પાવન થશે,
અનેત્યારે આછી વિચલિતહવા સ્પર્શબધિરા
મને અંધારેથી તટ ઉપર લાવી ડણકશે.

વિહંગેલું મારું નભ તરત પોલાણ ભરશે,
અતાગેલું મારું મન વિસરતો સૂર બનશે;
થશે આ કે પેલું—પણ તરતમાં કૈંક જ થશે,
હશે એનું ઘેરું પુલકિતપણું, પોકળ હશે.

હશે મારા મધ્યે સમયસરખા રિક્ત ચરખા,
ફરે ચક્રો કિંતુ ગતિવલયમાં શૂન્ય સરખાં,
હજી હું બોલું છું અવશ થઈને—એ પણ જશે,
અને ઘેરુંઘેરું સુકુલિત થશે મૌન… … …

બગાસે ડેલાશે કદીક પણ બપ્પોર, નહિ, નહૈં
મને ઘેરી લેશે ગહનગભરુ ઊંઘ પળમાં.

અલ્વિદા / હસિત બૂચ

આપની જો આંખમાં હું
ચાંદની વૈશાખની આંજી જઉં,

પૂમડું ભરહેતનું
જો આપને આપી જઉં,

મારા અધૂરા ગીતની
વણગવાઈ જે રહી છેલ્લી કડી
એ આપના એકાંતમાં
મ્હોરી રહે એવી અગર વાવી જઉં,

વાયરે ભુંસાય
પણ જો આપના મનમાં ઘુંટાયે જાય
મારી એમ મોંની રેખ હું
છાપી જઉં,

તો ના ફિકર :
લ્યો, અલ્વિદા માગી લઉં !

વાત શું કરું / 'ચાતક'

· ગઝલ ·

હોઠે હતો એ જામ, ભલા વાત શું કરું!
પીવાની ન્હોતી હામ: ભલા વાત શું કરું?

'લ્યો આવજો' કહીને એ તો ચાલતાં થયાં,
કીધું ન ક્યાં મુકામ: ભલા વાત શું કરું?

આ જિંદગીની લાંબી સફરમાં તો ક્યાંય પણ
ઠરવા મળ્યું ન ઠામ: ભલા વાત શું કરું?

વર્ષો નિહાળી વાટ, ત્યારે આવીને પૂછ્યું:
'એવું ય છે શું કામ?' ભલા વાત શું કરું?

'ચાતક' કોઈની યાદમાં જે ગાયા એમણે
મારા હતા કલામ! ભલા વાત શું કરું?

કવિલોક

ગુજરાતી કવિતાસાહિત્યનું સૌપ્રથમ સામયિક હવેથી અમદાવાદની બુધવાર કવિતાસભાના સહકારથી (તંત્રીઓ : રાજેન્દ્ર શાહ, મ. રાવત) તદ્દન નવા કલેવર અને રૂપરંગમાં પ્રગટ થશે. વાર્ષિક ૭ અંકના રૂ. ૬. સંપાદન-સંચાલનને લગતો સર્વ પત્રવ્યવહાર C/o કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર અમદાવાદ-૧

સહવાસ

ફાધર વાલેસ

સહવાસથી પરિચય થાય, પરિચયથી પ્રેમ જાગે અને પ્રેમથી પ્રેમ વધે. વર-કન્યા એ જાણે છે. મા-દીકરો એ જાણે છે. દિલોજાન દોસ્તો એ જાણે છે. તો ધર્મની બાબતમાં માણસ એ કેમ જાણતો નથી? અથવા જાણીને એ કેમ તે પ્રમાણે વર્તતો નથી? સાથે તો રહેવાનું જ છે (ભગવાન ક્યાં દૂર છે કે એક પળ પણ એનાથી છૂટા થવાય?) તો એનો લાભ લેવાનું માણસને કેમ સૂઝતું નથી?

એક આધુનિક નવલનું કથાવસ્તુ છે: પતિ-પત્ની લગ્ન પછી તરત યુદ્ધને લીધે છૂટાં પડ્યાં. પછી એકબીજાનો પત્તો લાગ્યો નહિ પણ બંને એકબીજાને વફાદાર રહ્યાં. વિધિની વિચિત્રતા એ થઈ કે બંને એક જ શહેરમાં ને એના એક જ રસ્તાનાં બે સામસામાં મકાનોમાં રહેવા આવ્યાં હતાં. પણ દરેકનાં કામો ને જવાનાં સ્થળ જુદાં એટલે વર્ષો સુધી ભેટો ન થયો. છેવટે એક દિવસ અકસ્માતથી એકબીજાને મળે છે ને ઓળખીને ભેટી પડે છે ને પાછો સુખી સંસાર માંડે છે ત્યારે મનમાં એક જ વસ્તુનો વસવસો રહે છે: લાંબો વિયોગ તો ઠીક, પણ આટલે નજીક હોવા છતાં આટલા સમય સુધી એકબીજાથી અજાણ્યાં રહ્યાં એ કેવી કરુણતા!

કરુણતા છે. આપણા જીવનની જ કરુણતા છે. સાથે રહ્યા પણ મળ્યા નહિ. સામસામા હતા પણ ભેટો થયો નહિ. કોઈ 'અકસ્માતથી' આંખો ઊઘડે અને સુખી સંસાર શરૂ થાય તો!

અને વાત તો સરળ છે. કોઈ આકરી સાધના કે ભારે તપશ્ચર્યા માગે એવી નથી. ઊલટું, જીવન જેવું છે તેવું સરળતાથી ને સભાનપણે જીવવાનો સવાલ છે. સવારે ઊઠ્યા. કેવું મંગળ છે નવા દિવસના ઉદયનું એ મુહૂર્ત! નવો દિવસ એટલે નવું જીવન, નવો જન્મ. સ્વપ્નમાંથી જાગ્યા. અંધારામાંથી ઊઠ્યા. હજુ એ તમસ ને નિદ્રાનો સ્પર્શ છે. એમાંથી છૂટવાનું છે. અંગેઅંગમાં નવી સ્ફૂર્તિ લાવવાની છે. એ દિવસે જે જે કરવાનું છે એની આખી યાદી એકદમ મનની સામે ઊભી થાય છે. એક પળ છે. રાત્રિ ને દિવસની સંધિ છે. યાત્રાનો ફરી પ્રારંભ છે. યજ્ઞનું મંગલાચરણ છે. એ ધન્ય ઘડીએ શું કોઈની પાસે જવાની, ચરણસ્પર્શ કરવાની, આશીર્વાદ માથે ચડાવવાની હૃદયને જરૂર નથી લાગતી? લાગે છે. રાત્રિની તંદ્રા ઉડાડવા અને દિવસનો પડકાર ઝીલવા આશીર્વાદ લેવાની ઇંતેજારી ને આગ્રહ દિલને છે. અને સરળ ભાવથી નિત્ય હાજર રહેતા ભગવાન આગળ એ માથું નમાવે છે પગે લાગે છે, આશીર્વાદ માગે છે—ને નવો દિવસ નવા ઉત્સાહથી શરૂ કરે છે.

પછી કામ ઉપર જાય અને મનમાં પળ બે પળ ભગવાનને યાદ કરીને કામ આજે સારી રીતે થાય એ માટે તાત્કાલિક પ્રાર્થના કરે; જમવા બેસે ત્યારે આ ખાવાનું એ અન્નદાતાની પાસેથી મળ્યું છે એ સમજીને દિલમાં આભાર માને; ફરવા જાય ત્યારે હવાના સ્પર્શમાં એનો સ્પર્શ પારખે ને એના સ્મરણથી પ્રફુલ્લિત થાય; દુ:ખ આવે ત્યારે ધીરજ માગે, સુખ આવે ત્યારે ઉપકાર માને; પાપ થાય ત્યારે માફી માગે, પુણ્ય લાગે ત્યારે વધામણી ખાય; બીજાઓ મળે ત્યારે જનસેવામાં પ્રભુસેવા જુએ; એકલો પડે ત્યારે એ ખરેખર એકલો નથી એની અનુભૂતિ થાય. અને એમ કરતાં કરતાં એ દિવસ પૂરો થાય ને ફરીથી નિદ્રાને શરણે જવા તૈયાર થાય ત્યારે ફરી એ બીજા સંધિકાળમાં, એ ધન્ય ઘડીએ ભગવાન પાસે જવાનું મન થાય. ને હાથ જોડી નમસ્કાર કરીને એ દિવસનાં સુખદુ:ખનો અહેવાલ આપે, પ્રેરણા માગે, શરણે જાય અને છેલ્લો આશીર્વાદ લઈને એના ખોળામાં માથું મૂકીને સૂઈ જાય, ઊંઘી જાય. ચિંતા ને નિરાશા ને બદમાશીની આ દુનિયામાં નિરાંતે ઊંઘી જવું એ શું શ્રદ્ધાની પરાકાષ્ઠા નથી?

એમ આખો દિવસ સરળતાથી જીવતાં શ્રદ્ધાનું ભાથું બંધાય, ધર્મનું જીવન જિવાય, ભગવાનની પૂજા થાય. એ સ્મરણ, એ ભાન એ જાગૃતિ તો કેટલાકને સહજ હોય છે, દિલના ઊમળકાથી થાય છે, ભક્તિના સ્ફુરણથી મળે છે. બીજાઓને માટે અભ્યાસ માગે છે, મહેનત માગે છે, પણ બધાને માટે પ્રયત્નસાધ્ય તો છે જ.

પોતાનાં માતુશ્રી વિશે પૂ. કાકાસાહેબ લખે છે: 'હાલતાં ને ચાલતાં મારી બાને ભગવાનનું જીવતું સ્મરણ રહેતું. પિતા, માતા, દાદી, ફોઈબા, ભાઈઓ, ભાભીઓ વગેરે જેમ ઘરનાં કુટુંબીઓ હતાં, તેમ જ બિલકુલ તેટલી જ સત્યતાથી ભગવાન પણ અમારા કુટુંબી હતા. એ દેખાતા ન હતા, છતાં ઘરમાં એમની ઓરડી હતી, મુસાફરીમાં એ અમારા સાથે રહેતા. હું નથી માનતો કે મારી બા માટે એમનાં માતાપિતા કે સાસુસસરા કરતાં કુળદેવ ભગવાન ઓછા પ્રત્યક્ષ હોય.'

એ સહજ સ્મરણથી જીવનમાં નવી શક્તિ ને સ્ફૂર્તિ આવે. ભગવાન હાજર છે એટલે જીવનમાં આપોઆપ શુદ્ધિ આવે. એના પુણ્ય સાંનિધ્યમાં વાસના શમે, ઇંદ્રિયો શરણે આવે, સદ્ભાવના જાગે, સમભાવ અનુભવાય. રાજા જોઈ રહ્યા છે, તો સૈનિક કેટલીક બહાદુરીથી લડશે! પિતા પાસે બેઠા છે, તો બાળક કેટલા આનંદથી રમશે!

એક ભક્તનો અનુભવ અને બોધ છે: 'પ્રાર્થના દ્વારા ભગવાન અને આપણી વચ્ચેના સતત સંબંધની યાદ આપણને રહે છે, અને એ યાદથી મન સ્થિર થાય છે અને જીવન શુદ્ધ થાય છે. ખરી રીતે ભગવાનની અને આપણી વચ્ચે એક અસ્ખલિત સ્રોત વહે તો છે જ, પરંતુ એનું ભાન આપણે ગુમાવી દીધું છે. બાળકોની આંખમિચામણીની રમતમાં મા સાક્ષાત્ સામે ઊભી હોય તોપણ બાળક તેને જોઈ શકતું નથી, કારણ તેની આંખ મીંચેલી છે. તેવી જ રીતે ભગવાન સન્મુખ હોવા છતાં મીંચેલી આંખો તેને જોઈ શકતી નથી. એ અંતર્ચક્ષુ ઉઘાડવાની કળા પ્રાર્થના દ્વારા જ પ્રાપ્ત થાય છે. આંખો ઉઘાડતાં જ જેમ બાળક સામે ઊભેલી માને સન્મુખ જુએ છે તેમ આંખનાં પડળ ખૂલતાંવેંત જ સાક્ષાત્ મા અર્થાત્ ભગવાન દેખાય છે. એક વખત હૃદયમાં બિરાજેલો ભગવાન સન્મુખ છે એનું જ્ઞાન મળતાં જ, માવીતર વિનાના રડતા બાળકને મા મળતાં જે આનંદ થાય છે તેવો જ આનંદ અને શાંતિ પ્રાપ્ત થાય છે.'

અનુભવની વાત છે. પ્રેમની સાધના છે. ને સરળ પ્રયત્નથી ને નિખાલસ શ્રદ્ધાથી એ મળી શકે છે. કોઈ ચમત્કારની જરૂર નથી, કલ્પનાની જરૂર નથી, જંતરમંતરની જરૂર નથી. જે છે તેનો સ્વીકાર કરવાનો છે. જે સામે ઊભો છે તેને જોવાનો છે. જે વાત કાને પડે છે એ સાંભળવાની છે. ભગવાન વિષે જે જાણીએ છીએ, માનીએ છીએ, અનુભવીએ છીએ એ પ્રમાણે જ હવે વ્યવહારમાં જીવવાની વાત છે: ઘરગથ્થુ ઉપાય છે. તળપદો બોધ છે.

ટાગોરનો સચોટ ઉપદેશ છે: 'ઈશ્વર છે. તો ખરેખર ઈશ્વર છે જ એ રીતે વર્તીએ. એમાં નીતિધર્મનો સાર છે.' □

સ્વાતંત્ર્ય પૂર્વેના દેશભક્તોમાં પાટવી જેવા ગણાએલા અને આઝાદી પછીની સત્તાના વારસદારોમાં મુશ્તાક મુફલિસ બની રહેલા મહારાષ્ટ્રના દિવંગત શુચિષ્મંત નેતા

'ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે તમારે પણ કંઈક કરવું છે ને? એમને અસ્પૃશ્યોદ્ધારનું કાર્ય અત્યત પ્રિય હતું એટલે તમે એ દિશામાં કંઈક કરો. તમે બધા સ્થિતિસંપન્ન માણસો છો, તે ઓછામાં ઓછા ત્રણેક મહિના માટે પણ તમે સૌ એક એક દલિત હરિજન બાળકને તમારે ત્યાં રાખી એમને ભણાવો કે કંઈ શીખવો.'

ગયે વર્ષે 'ગાંધી જન્મ-શતાબ્દી' નિમિત્તે દેશભરમાં અનેક ભવ્ય કાર્યક્રમો યોજાયા, પણ આવો વિચાર કોઈને સૂઝ્યો જાણ્યો નહિ. ગાંધીજીના જીવનકાર્યની સાચી સમજ અને દેશની એક અગત્યની જરૂરિયાતની જાણ આ સૂચનમાં વ્યક્ત થાય છે. પોતાની પાસે સલાહ લેવા આવેલા રોટરી ક્લબના સભ્યોને મહારાષ્ટ્રના શુચિષ્મંત નેતા રાવસાહેબ પટવર્ધને આ સુચન કરેલું.

સ્વાતંત્ર્ય પૂર્વેના દેશભક્તોમાં પાટવી જેવા ગણાએલા અને આઝાદી પછીની સત્તાના વારસદારોમાં એક મુશ્તાક મુફલિસ બની રહેલા એ રાવસાહેબ પટવર્ધનને, મહારાષ્ટ્રમાંના એમના કાર્યક્ષેત્રના મુખ્ય વિસ્તાર અહમદનગર જિલ્લા સિવાયની, દેશની આજની પેઢી કદાચ બહુ જ ઓછી ઓળખતી હશે. પણ ઉદ્દામ દેશભક્ત અને રાષ્ટ્રની સ્વાતંત્ર્ય-ચળવળના અગ્રગણ્ય આગેવાન તરીકે એક કાળે એમનું (અને એમના ભાઇ અચ્યુત પટવર્ધનનું) નામ દેશભરમાં ગાજતું હતું. દેશ સ્વતંત્ર થયા પછી પોતે આપેલા ભોગની વસૂલાત કરવા અન્યો જ્યારે સત્તા મેળવવા પાછળ પડયા ત્યારે એમણે સીધું રાજકારણ છોડી લોકહિતની પ્રવૃત્તિ તરફ વળાંક લઈ લીધો.

સક્રિય રાજકારણમાંની એ નિવૃત્તિ પછી યે છેક સુધી તેઓ નવભારતના સર્જનમાં જેમને ખરો રસ છે એવા નાના મોટા સૌ કોઈનું પ્રેરણાસ્થાન બની રહેલા. અનેકવિધ વાદવિવાદમાં છિન્નભિન્ન બની રહેલા દેશમાં ઐક્ય સ્થાપીને એક સબળ રાષ્ટ્રનું નિર્માણ કરવાનો ખયાલ એમણે કદી છોડયો નહોતો. 'આંતરભારતી'ની પ્રવૃત્તિ દ્વારા તેઓ રાજ્યો વચ્ચે સમભાવ સ્થાપવા સદા પ્રવૃત્ત રહેલા. લોકશાહી સમાજવાદમાં એમને પૂર્ણતઃ શ્રદ્ધા હતી, પણ એ સમાજવાદ માત્ર આર્થિક સમાનતાની વ્યાખ્યામાં સમાઈ જતો નહોતો. વૈયક્તિક અને સામાજિક નીતિમત્તાનાં ઉચ્ચ ધોરણોવાળા જીવનનો એ એક માર્ગ હતો.

પુરુષોત્તમ હરિભાઉ પટવર્ધન એ એમનું પૂરું નામ, પણ લોકો એમને હેતથી રાવસાહેબ પટવર્ધન જ કહેતા. પિતા હરિ કેશવ પટવર્ધનની સુપ્રસિદ્ધ વકીલ અને એક શ્રદ્ધાવાન થીઑસૉફિસ્ટ તરીકે અહમદનગરમાં સારી પ્રતિષ્ઠા હતી. એમણે (અહમદ) નગરમાં* બૉય સ્કાઉટિંગની પ્રવૃત્તિ ચાલુ કરેલી. માતા પણ સનાતની હિન્દુ વૃત્તિનાં હોઈ એમનાં બાળકોમાં સ્વાભાવિકરીતે જ ઉચ્ચ સંસ્કારો વિકસ્યા ને પુરુષોત્તમ તથા અચ્યુતે તો આગળ જતાં નામ કાઢ્યું.

પુરુષોત્તમે શાલેય શિક્ષણ દરમિયાન સ્કાઉટિંગ, વ્યાખ્યાનો, નાટકો વગેરે જેવી ઇતર પ્રવૃત્તિઓમાં પણ સારી નામના મેળવી હતી. ત્યાર બાદ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં પંડિત માલવીયજી અને ડૉ. ભગવાનદાસ જેવી વિભૂતિઓની પ્રેરણા સાથે એમણે ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. આ દરમિયાન પિતાનું અવસાન થયું અને તે પછી હિતેચ્છુ-

* અહમદનગર શહેર મહારાષ્ટ્રમાં એકલું 'નગર' કહેવાય છે.



રાવસાહેબ પટવર્ધન

ઓની સલાહથી એમણે પૂનામાં વકાલતનો અભ્યાસ આદર્યો, પણ સવારે એકાદ બે કલાક કૉલેજના વર્ગમાં ગાળી તેઓ બાકીનો દિવસ વાચન, વાર્તાવિનોદ, બ્રિજ વગેરેમાં વિતાવતા. કવિવર રવીન્દ્રનાથની બધી કૃતિઓ તેમણે ત્યારે વાંચી નાખેલી. નાટકોનો શૉખ પણ ખરો, અને 'સૌભદ્ર'એ એમનું ત્યારનું પ્રિય નાટક હતું. આમ બનારસના વાતાવરણની પૂરી છાપવાળું એમનું શાંત શુચિ જીવન અનેકવિધ સંસ્કારોમાં વિકસી રહ્યું હતું.

પી. કે. તેલંગના એઓ પ્રિય શિષ્ય હતા અને એમના પર તેલંગનો એટલો પ્રભાવ હતો કે પોતે યે તેલંગના જેવો લાંબો રેશમી કોટ ને કાળી ટોપી પહેરતા. ક્રિકેટનો શૉખ પણ એમને ત્યાંથી જ લાગેલો. જોકે આમ તો તેઓ એ સમયની અનેક અગ્રગણ્ય વિભૂતિઓનો પ્રભાવ ઝીલતા રહેતા. ઍની બેસંટના વિચારોની એમના માનસ પર ત્યારે ઊંડી છાપ પડેલી હતી. અને પછીથી એ જ રીતે ગાંધીજી, પં. નેહરુ, આચાર્ય નરેન્દ્રદેવ, વિનોબાજી તથા સાને ગુરુજી, આચાર્ય જાવડેકર ને યુસુફ મહેરઅલીના વિચારો તથા વ્યક્તિત્વને એમણે આત્મસાત્ કરેલાં. પણ આ બધા વ્યક્તિવિશેષોના પ્રભાવ ઉપરાંત એમના અંતરાત્માની સદસદ્ વિવેકબુદ્ધિ અને કર્તવ્યનિષ્ઠાનું પ્રેરક બળ એમના વ્યક્તિત્વના ઘડતરમાં અગ્રિમ રહ્યું છે.



◁ પૂર્વ જીવનમાં પોતાના તોફાની સંચારો અને પરાક્રમો તથા રાષ્ટ્રનિષ્ઠાથી રાષ્ટ્રીય સંગ્રામોમાં જનમાનસ પર અદ્દભુત પકડ જમાવી એમણે અહર્નિશ રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની મહાસાધના કરી.........
અને સ્વાતંત્ર્ય બાદ સ્વેચ્છાએ રાષ્ટ્રીય વાનપ્રસ્થ સ્વીકારી ઉત્તર જીવનમાં લોકોની આકાંક્ષાઓમાં જ પોતાની મહત્ત્વાકાંક્ષાઓને વાળી લીધી......

વકાલતના અભ્યાસ પછી સનદ મેળવી એમણે રાવબહાદુર ચિતળેના મદદનીશ તરીકે કામ કરવા માંડયું, પણ થોડા જ વખતમાં પોતાને આ વ્યવસાય નહિ ગમે તેની ખાતરી થઈ જતાં એમણે કોર્ટમાં જવાનું બંધ કર્યું. એવામાં ૧૯૩૦ની કાયદાભંગની ચળવળ આરંભાઈ અને 'યંગ ઈંડિયા'ના નિયમિત વાચનથી દેશના સ્વાતંત્ર્ય માટે પેદા થએલા થનગનાટથી પ્રેરાઈ એમણે એ લડતમાં ઝંપલાવ્યું. કમલાદેવી ચટ્ટોપાધ્યાયને આમંત્રીને એમણે અહમદનગરમાં અગાઉ કદી નહિ થએલી એવી વિશાળ સભા યોજી અને પછી ગેરકાયદે મીઠું ઉપાડનાર ટુકડીના નાયક તરીકે રત્નાગિરિની જેલ વહોરી. ૧૯૩૨માં વૈયક્તિક સત્યાગ્રહમાં પણ એમને બે વર્ષની કેદ અને પાંચ હજાર રૂપિયા દંડ થએલો. જો કે સરકારમાં લાગવગ ધરાવતા રાવબહાદુર ચિતળેએ એ દંડ રદ કરાવેલો.

આ જેલવાસ પછી એમણે બેલાપુરના ખાંડના કારખાનાના કામદારોના પ્રશ્નો હાથ ધર્યા. ૧૯૩૫માં 'બેલાપુર કામગાર યૂનિયન'ની સ્થાપના કરી અને નગરમાંથી 'સંઘશક્તિ' નામે સાપ્તાહિક શરૂ કરી તે દ્વારા ગાંધીજીના સંદેશને આસપાસના વિસ્તારોમાં પહોંચાડીને ત્યાંના ગરીબોમાં સેંકડો ચરખા ચાલુ કરાવી દીધા. ઈ. ૧૯૩૬માં ફૈઝપુર કૉંગ્રેસ અધિવેશનના સ્વયંસેવક દળનું એમણે નેતૃત્વ કર્યું તે દરમિયાન ત્યાંના લોકોમાં કૉંગ્રેસનાં કાર્યોનો એટલો તો પ્રચાર કરી દીધેલો કે માઇલો દૂરથી પગે ચાલીને સેંકડો ગ્રામવાસીઓ એ અધિવેશનમાં આવેલા. ઈ. ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું તે પછીના વૈયક્તિક સત્યાગ્રહમાં એમને પૂનામાં જેલ મળી. એમાંથી ઈ. ૧૯૪૫માં છૂટયા ત્યારે નગર જિલ્લાના લોકોએ બહુ પ્રેમથી એમનું સ્વાગત કરીને દસ હજાર રૂપિયાની થેલી ભેટ કરી, પણ એ રકમ એમણે જિલ્લા કૉંગ્રેસને સોંપી દીધી, જેના પ્રમુખપદે વર્ષો સુધી તેઓ બિનહરીફ ચૂંટાતા રહેલા. ૧૯૪૬માં કોપરગાંવના શંકરબાગમાં એમણે એક મોટો શિબિર યોજેલો જેમાં ૧૦૦૦ જેટલા યુવકો જોડાયા હતા. આ પછી યે એમણે વિવિધ ઉદ્દેશો નિમિત્તે બીજા છ મોટા શિબિર યોજ્યા હતા. રોજની ચૌદચૌદ કલાકની મજૂરી પછી યે માત્ર પાંચસાત આના મેળવતા ખાંડના કારખાનાના કામદારોમાંની એમની પ્રવૃત્તિ અને નેતૃત્વને લીધે જ તેઓને પગારવધારો, બોનસ, ગ્રૅચ્યુઈટી, પ્રોવિડન્ટ ફંડ, ચડતે પગારે રજા, રહેવાસ વગેરેની સવલતો મળી હતી. આ બધા હક્કો અપાવવા સાથે એમણે એમના ઉત્કર્ષ માટે શાળાઓ, સાધનસંપન્ન વિશ્રામસ્થાનો વગેરેથી માંડી કુટુંબનિયોજન સુધીની બધી જ પ્રવૃત્તિ રસપૂર્વક ચલાવેલી.


દેશ સ્વતંત્ર થયો; ગાંધીજીની હત્યા થઈ; પોતે જેમને બહુ જ માનતા એ સાને ગુરુજીએ આત્મહત્યા કરી; અને રાવસાહેબે સક્રિય રાજકારણ છોડી લોકશિક્ષણનો માર્ગ અપનાવ્યો. સાને ગુરુજીના 'સાધના' પત્રનું સંપાદન પણ થોડો સમય સંભાળ્યું અને એમની 'આંતરભારતી'ની ભાવનાને તો જીવનપર્યંત પુરસ્કારી અને પ્રસારી.

લોકો પરની એમની પ્રેમભરી પકડને કારણે સરદાર વલ્લભભાઈ પટેલે જેમને 'અહમદનગરના સરદાર' કહી બિરદાવેલા અને એમના નેતૃત્વમાં અનેકમુખી લાભ પામનાર પ્રજાએ જેમને 'નગર જિલ્લાના રાજા' તરીકે વધાવેલા એ રાવસાહેબે સત્તાની અનેક તકોને પાછી વાળી તદ્દન નિસ્પૃહ ભાવે જે લોકસેવા કરી તે એમને મળેલી લોકચાહના પરથી કલ્પી શકાય તેવી છે. રાષ્ટ્ર સેવાદળ, સર્વોદય, ભૂદાન, 'સાધના' સાપ્તાહિક, 'આંતરભારતી', વિદ્યાર્થી સહાયક સમિતિ, રાષ્ટ્રભાષા સભા, કોરેગાંવકર ટ્રસ્ટ, હરિજન સેવકસંઘ અને બીજી અનેકાનેક પ્રવૃત્તિઓ એમના નેતૃત્વથી વિભૂષિત થઈ. શિક્ષણસંસ્થાઓ, સાહિત્યકારો, કવિઓ, પત્રકારો, કલાકારો વગેરે સાથે પણ તેઓ સદા સંકળાએલા રહેતા. આમ, અનેકવિધ ક્ષેત્રોમાં એમનું સ્નેહવિશ્વ વિસ્તરેલું હતું.

એમનું ઘર 'સીતારામ' સદા મુલાકાતીઓથી ગુંજતું રહેતું. ત્યાં જનાર ગરીબ કે તવંગર સૌ સરખું આતિથ્ય પામતા. આવનારની પીઠ પર હાથ ફેરવી તેઓ આત્મીયતા દાખવી તેના પ્રશ્નો સમજતા, યોગ્ય માર્ગદર્શન આપતા, એની તબિયતના ખબરઅંતર પૂછી જરૂર હોય તો દાક્તર પર ચિઠ્ઠી પણ લખી આપતા. પોતે ઝરૂખામાં ઊભા હોય ને કોઈને આવતાં જુએ તો જાતે નીચે આવી, મોકળે મને હાસ્યવિનોદ કરતા એને આદરથી ઘરમાં લઈ જાય, આવનાર વ્યક્તિના કાર્યક્ષેત્ર પ્રમાણે તે વિષયની વાતોચીતો ઉપાડે ને છેવટ એને છેક દ્વાર સુધી વળાવવા પણ જાય. સાધારણ સ્થિતિના લોકો માટે એમનામાં સદૈવ સહૃદયતા ઊભરાતી, અને એથી જ એમણે રાજકારણ કરતાં લોકશિક્ષણને વધુ મહત્ત્વ આપ્યું હતું. આદિવાસી જનસમૂહને તેઓ સંશોધનો વિષય નહિ, પણ સમાજનું સુપ્ત સામર્થ્ય સમજતા.

બીજા દેશોએ જે વિકાસ સો-બસો વર્ષે સાધ્યો તે વિકાસ પાંચપંદર વર્ષમાં સાધી લેવાની ગુલબાંગોમાં એમને શ્રદ્ધા નહોતી. ઔદ્યોગીકરણની સિદ્ધિનાં ચાર-છ શહેરોના આંકડાથી હરખાઈ જવાને બદલે એમને આ દેશના વિશાળ જનસમુદાય, એની નિરક્ષરતા, એનો સતતનો સંખ્યાવધારો વગેરે પ્રશ્નો સામે એ સિદ્ધિઓ તુચ્છ લાગતી. દેશના ભૌતિક અને વૈજ્ઞાનિક વિકાસથી એમને આનંદ થતો જ, પણ એટલો જ રંજ તેઓ દેશનો ચારિત્ર્યલોપ જોઈને અનુભવતા. પ્રાંતિક સ્વાર્થની હોંસાતોંસીથી તેઓ બહુ વ્યથિત રહેતા. બંગાળીની વિરુદ્ધમાં આસામમાં થએલાં તોફાનોથી નિરાધાર થએલાઓને સાંત્વન આપવા તેઓ છેક ત્યાં ગએલા, એટલું જ નહિ બંગાળીઓ માટે એક ફંડ પણ એકઠું કરી આપેલું. આવું જ કાર્ય એમણે કોયનાના ભૂકંપ-પીડિતો માટે પણ કર્યું. હાથ લાંબો કરવો એ એમના માટે અત્યંત ગ્લાનિપ્રદ હતું, પણ બીજાને સહાયરૂપ થવા સારુ માગતાં એ કદી ક્ષોભ પામતા નહિ. અને એ પણ માત્ર દુ:ખિત-પીડિત માટે જ નહિ, કોઈ પણ સારા કાર્ય માટે તેઓ જોઈતી ચીજ માગીને પણ એકઠી કરી આપતા. રવીન્દ્ર શતાબ્દી વર્ષમાં આંતરભારતીના 'ઋતુદર્શન' નામક એક કાર્યક્રમ માટે અનેક રંગરંગીન સાડીઓની જરૂર પડી તે એમણે જાતે જઈને ઘેરઘેરથી ઉઘરાવી આપેલી. એટલું જ નહિ પણ જે તખ્તા પરથી વિવિધ ભારતીય પ્રેક્ષકગણને પોતે સંબોધવાના હતા એ તખ્તાની શોભા માટે ફૂલનાં કૂંડાં જાતે ઊંચકીને ગોઠવતાં યે એમણે નાનમ અનુભવી નહોતી. ઉનાળાના તાપમાં જમવા બેસાડેલી વિદ્યાર્થીઓની એક પંગતને, વીજળીના પંખાના અભાવે, એમણે પોતે હાથમાં પંખો લઈ હવા નાખેલી, અતિ અંગત એવા પત્રવ્યવહાર સિવાય કદી ક્યાંયે એમણે પહેલા પુરુષ એકવચનનો પ્રયોગ પણ કર્યો નથી.

ચર્ચાવાર્તામાં સર્વમાન્ય કે રૂઢ નિયમોને બાજુએ રાખી કેવળ શુદ્ધ બુદ્ધિની પવિત્ર નિષ્ઠાથી નિર્ભીત બની તે બોલતા. સ્ત્રીપુરુષોની પરસ્પર



પોતાના ભાઈ અચ્યુત (ડાબી બાજુ) સાથે

**વૈયક્તિક અને સામાજિક નીતિમત્તાનાં ઉચ્ચ ધોરણો
સમંજસપણા પર આધારિત માનવજીવનની ઝંખના
તંદુરસ્ત તનમનવાળા લોકસમાજનો આદર્શ તથા
નિર્મત્સરી સ્વભાવ અને શુદ્ધ ચારિત્ર્ય ધરાવનાર
ઉન્નતમુખ છતાં વિનમ્ર અને નિસ્પૃહ તથા લોકનિષ્ઠ નેતા**

પ્રેમનિષ્ઠા, લગ્નસંબંધે ભિન્નભિન્ન ધર્મોના નિયમો, સામાજિક જીવનમાં કળાતો દંભ એમ, કોઈ પણ વિષય પર, કે સમાજના તથા સામાજિક નેતાઓના ગુણદોષ વિષે બેધડક અને સહેજ પણ ઉત્તેજિત થયા વિના પોતાનો સ્પષ્ટ અભિપ્રાય તેઓ સવિવેક રજૂ કરતા. બધા પ્રત્યે ક્ષમાવૃત્તિથી જોવાની એમની આ લાક્ષણિકતામાં એમની ઉદારતા અને સંસ્કારિતા જ પ્રકટ થતી. આવું જ લાક્ષણિક હતું એમનું વક્તવ્ય. હાવભાવ સાથેનો ચડઊતર અવાજ, વચ્ચેવચ્ચે એકાદ સંસ્કૃત સુભાષિત, તુકારામના અભંગ, જ્ઞાનદેવની ઓવી કે નાટકના ગીતની લીટીઓ પણ એમાં આવે. ભાષામાં પણ મરાઠી, ઉર્દૂ મિશ્રિત હિંદી, તો ક્યારેક અંગ્રેજી ને વળી ક્યારેક ગ્રામીણ મરાઠી બોલી પણ આવે. એમનું અંગ્રેજી ઘણું ફાંકડું હતું, પણ તેઓ સંભાષણપટુ નહોતા. નાસિક જેલમાં હતા ત્યારે ત્યાં એમણે જ્ઞાનેશ્વરીનું એટલું સુંદર પારાયણ કરેલું કે એ સાંભળી મુંબાઈના રતનશીભાઈ (મામા)એ ખુશ થઈ જેલમાં સૌને પુરણપોળી જમાડેલી.

પણ ચાર ચીજની રાવસાહેબને ચીડ હતી: ખોટું બોલવું, લાંચ લેવી, વગ લગાડી કામ કઢાવવું ને ઠાલી બડાઈ હાંકવી એમને બિલકુલ ન ગમતી. એમનું રાજકારણ એટલે લોકમાન્ય ટિળક, ડૉ. ઍની બેસંટ ને ગાંધીજીના વિચારોનો સમન્વય. ગાંધીજીના તો તેઓ નિષ્ઠાવંત અનુયાયી હતા. રાજકારણમાં સેવાને એ ધર્મ સમજતા અને વિરક્તિ એ એમનો મોટો ગુણ હતો. પોતાથી થઈ શકે તે સેવા નિષ્કામપણે કરી છૂટવામાં આનંદ માનતા. અંતરના આનંદ ખાતર જ જાણે તે બધી પ્રવૃત્તિ કરતા અને સંસારમાં રહીને પણ સંન્યાસી બની રહ્યા હતા. નિર્મત્સરી સ્વભાવ, સમંજસપણા પર આધારિત માનવજીવનની ઝંખના, શુદ્ધ ચારિત્ર્ય ને લોકસંગ્રહની ખાનદાની એમનામાં સહજ જણાતાં.

આમ, પૂર્વજીવનમાં પોતાના વક્તૃત્વ, તોફાની સંચારો અને પરાક્રમો તથા રાષ્ટ્રનિષ્ઠાથી રાષ્ટ્રીય સંગ્રામોમાં જનમાનસ પર અદ્ભુત પકડ જમાવી એમણે અહર્નિશ રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની મહાસાધના કરી અને સ્વાતંત્ર્ય બાદ સ્વેચ્છાએ રાજકીય વાનપ્રસ્થ સ્વીકારી ઉત્તર જીવનમાં લોકોની આકાંક્ષાઓમાં જ પોતાની મહત્ત્વાકાંક્ષાઓને વાળી લીધી. આવા અનાસક્ત લોકનિષ્ઠ નેતા બની રહેનાર એમના જેવા વિરલ હશે.

તેઓ હમેશાં સાદો પણ સફાઈદાર પોશાક પહેરતા. કાપડમાં આંધ્ર કે મદ્રાસની ખાદી, હાથવણાટનું રેશમ તથા કાશ્મીરી દુપટ્ટો વાપરતા. વિવિધ પ્રકારનાં પાદત્રાણ વાપરવાનો એમને એક અજબ શૉખ હતો. ખાવાપીવાનું સાદું અને અમુક જ જોઈએ. ઘીવાળી ભાખરી, વરણ (ઢીલી લચકો દાળ), ભાત પર દહીં અને લાલચોળ અથાણું એમને પ્રિય હતાં. કેરી, સીતાફળ અને ચીકુ એમનાં પ્રિય ફળ, અને ગુલાબના તો એવા આશિક હતા કે દેશના અનેક ભાગોમાંથી લાવીને એમણે ઘરઆંગણે અનેકવિધ ગુલાબોનો જાતે ઉછેર કર્યો હતો. મન ઉદ્વિગ્ન બની જાય ત્યારે બાગબાની જેવો શાતાપ્રદ કોઈ ઉપાય નથી એમ તે માનતા.

છેલ્લાં કેટલાંક વર્ષોથી પૂનામાં સ્થાયી થયા પછી ત્યાંનું એમનું ઘર પણ અનેક કાર્યકર્તા અને વિચારકોનું માર્ગદર્શક કેન્દ્ર બની રહેલું. એમની આ બધી પ્રવૃત્તિમાં એમનાં પત્ની માણિકબાઈનો પણ એટલો જ સાથ રહેતો. લોકપ્રિયતાના ઉત્તુંગ શિખર પર વિરાજમાન છતાં લોકેષણાથી અલિપ્ત રહી શકવા જેટલી અને વિરક્ત છતાં પ્રભાવી જીવન વ્યતીત કરી શકવા જેટલી એમના જેવી પ્રતિભા ભાગ્યે જ જોવા મળે.

છેલ્લા દિવસોમાં અર્ધાંગવાયુનો હુમલો આવ્યો અને તેઓ બેશુદ્ધિમાં સરી પડ્યા. ચાર દિવસની એ ગાઢ બનતી જતી બેભાનાવસ્થામાં જ, ગયા ઑગસ્ટની ૨૮મી તારીખે સવારે સવા સાત વાગ્યે એમનો જીવનદીપ શમ થઈ ગયો. મૃત્યુ અંગે પણ એમના આગવા વિચારો હતા. પ્રેતયાત્રા વગેરે એમને પસંદ નહોતાં. પોતાની માતાના દેહને પણ તેઓ ઍમ્બ્યુલન્સમાં જ સ્મશાને લઈ ગએલા, તેમ પોતાના મૃત્યુ પછી પણ એમ જ કરવા, તથા પૂનામાંની બ્રાહ્મણોની મનાતી 'ઓંકારેશ્વર' સ્મશાનભૂમિના બદલે સર્વજનોની 'લકડીપુલ' ભૂમિ પર જ પોતાના શબને અગ્નિદાહ આપવાની એમની મનેચ્છા હતી. દહનપૂર્વે અને દહનોત્તર કોઈ પણ રૂઢ વિધિઓ નહિ કરવાની પણ એમની ઇચ્છા એમનાં આપ્તજનોએ પૂરી કરી.

ઉન્નતમુખ છતાં વિનમ્ર, તંદુરસ્ત તનમનવાળા લોકસમાજનો આદર્શ પ્રસારનારા ને તદ્દન નિસ્પૃહ સેવાભાવી નેતૃત્વગણમાં સાને ગુરુજી, આચાર્ય જાવડેકર ને તેમના પછી રાવસાહેબના જવાથી રાષ્ટ્રને મોટી ખોટ પડી છે.

–બિ. ઠાં.

ફૉર્સ્ટરની નવલકથાઓ: જુઓ પૃ. ૨૭૩

ફૉર્સ્ટરની પહેલી ત્રણ નવલકથાઓ, જેમાં પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાંના અંગ્રેજસમાજને એણે તાદશપણે પોતાની કૃતિઓમાં ઉતાર્યો છે.

વ્હેર એન્જલ્સ ફીઅર ટુ ટ્રેડ

ફૉર્સ્ટરની પહેલી જ નવલકથા. એની રજૂઆત બહુ નાટકી છે, પણ માણસની ખરી ઓળખ તો જીવનની નાનીનાની બાબતોમાંથી જ મળે છે એવી એની સમજ બંધાતાં એણે એ શૈલી છોડી દીધી હતી. એના ઇટાલીના પ્રવાસના અનુભવો પરથી લખાએલી આ કથામાં એણે ઇંગ્લંડના કુળગૌરવના ડોળ અને ઇટાલીની મુક્ત વૃત્તિઓ વચ્ચેના અંતરને સજીવ કર્યું છે.

ધ લૉંગેસ્ટ જર્ની

ફૉર્સ્ટરની બીજી અને લોકપ્રિય તથા સ્વયંસ્ફુરિત કથા. અકલ્પિત વળાંકો લેતી સંવેદનાઓથી ભરપૂર આ કથા આદર્શઘેલા નાયકના દુનિયાદારી સાથેના કડવા અનુભવો અને પરિણામે એના જીવનના કરુણ અંત પ્રતિ દોરી જાય છે. એનાં પાત્રનિરૂપણમાં લેખકનું વલણ કંઈક ઉપહાસભર્યું લાગે છે, પણ એમાં દુનિયાની ઉદાસીનતા કે નીરસતા નથી નિરૂપાઈ.

અ રૂમ વિથ અ વ્યૂ

માનવપ્રકૃતિનાં વિવિધ પાસાં રજૂ કરતી ફૉર્સ્ટરની આ ત્રીજી ને સુખાન્ત કથામાં પણ ઇટાલીની જ પશ્ચાદભૂ છે. તીવ્ર સંવેદનો દર્શાવતી આ કથામાં વધુમાં વધુ ઉદ્દાર પાત્રમાં પણ કરુણા અને તદ્દન લાગણીહીન પાત્રમાં પણ સાચી સમજનું આરોપણ કરીને એણે સમાજની અપૂર્ણતા અને ગુણવત્તાના પોતાના ઊંડા જ્ઞાનને વ્યક્ત કર્યું છે.

અ પેસેજ ટુ ઇન્ડિયા ◁ ભારતના ચાહક અંગ્રેજ નવલકથાકાર

પાત્રો : ડૉ. અઝીઝ : એક યુવાન હિંદી દાક્તર
મિસિસ મૂર : ભારત આવેલી એક અંગ્રેજ મહિલા અને ડૉ. અઝીઝની મિત્ર
રૉનાલ્ડ હિસ્લૉપ : મિસિસ મૂરનો પુત્ર અને સિટી મૅજિસ્ટ્રેટ
ઍડિલા ક્વેસ્ટેડ : મિસિસ મૂર સાથે આવેલી રૉનાલ્ડની વાગ્દત્તા
સેસિલ ફીલ્ડિંગ : ડૉ. અઝીઝનો મિત્ર અને ગવર્નમેન્ટ કૉલેજનો પ્રિન્સિપલ.

તે દિવસે ડૉ. અઝીઝ બેવડો અપમાનિત થયો હતો. પોતે જમવા બેઠો ત્યાં જ ઉપરી સિવિલ સર્જને એને પોતાને ઘેર બોલાવ્યો અને જ્યારે એ ત્યાં પહોંચ્યો ત્યારે કંઈ પણ સંદેશો મૂકતા જવાની પરવા કર્યા વિના એ ક્લબમાં ચાલ્યો ગયો હતો. આમ એને ધક્કો થયો, ને અધૂરામાં પૂરું એ જ ઘરમાંથી બહાર આવેલી બે સ્ત્રીઓ, તેણે રોકેલી ઘોડાગાડીમાં, આભારના બે શબ્દો યે બોલ્યા વિના ઊપડી ગઈ! અંગ્રેજોની આવી વર્તણૂકથી ધૂંધવાતા ડૉ. અઝીઝને ચાલતાં ચંદ્રાપુર આવવું પડયું. થાક્યોપાક્યો એ એક મસ્જિદમાં વિસામો લેવા રોકાયો, ત્યાં એણે ત્રીજી કોઈ અંગ્રેજ સ્ત્રીને અંદર આંટા મારતી જોઈ. કદાચ એ પહેર્યે પગરખે જ અંદર પેઠી હશે એમ કલ્પી એ વધુ ચિડાયો, પણ મિસિસ મૂર ઉઘાડે પગે જ મસ્જિદમાં પ્રવેશી હતી તથા એની વર્તણૂક પણ તોછડી ન લાગી એટલે તે એની સાથે વાતે વળગ્યો.

મિસિસ મૂર પોતાના પુત્ર (અને ચંદ્રાપુરના સિટી મેજિસ્ટ્રેટ) રૉનાલ્ડ હિસ્લૉપને મળવા હમણાં જ ઇંગ્લંડથી આવી હતી. ડૉ. અઝીઝે જ્યારે જાણ્યું કે પાછા ફરવા માટે પોતે રોકેલી ગાડીમાં ચાલી ગએલી પેલી અંગ્રેજ સ્ત્રી—સિવિલ સર્જનની પત્ની પ્રત્યે—મિસિસ મૂરને પણ સદ્‌ભાવ નહોતો ત્યારે એને કંઈક સમભાવ સાંપડયાનો અનુભવ થયો. પછી તો બંને જણ ક્લબ સુધી સાથે જ ગયાં, પણ હિંદી હોવાને લીધે ડૉ. અઝીઝ એ ક્લબની અંદર જઈ શકે તેમ નહોતો!

મિસિસ મૂર સાથે હિંદુસ્તાન આવેલી અને મૅજિસ્ટ્રેટ હિસ્લૉપની વાગ્દત્તા ઍડિલા ક્વેસ્ટેડ પણ ક્લબમાં આવી હતી. બ્રિટિશ વસાહતના ઓપ વિનાના ખરા હિંદુસ્તાનીઓને જોવા-મળવાની ઇચ્છા એણે ત્યાં વ્યક્ત કરી એટલે એને, તથા એકઠી થએલી અન્ય અંગ્રેજ બાનુઓને રાજી રાખવા એક સભ્યે સૂચવ્યું કે તે માટે એક બ્રિજ પાર્ટી યોજીને તેમાં કેટલાક દેશી લોકોને બોલાવવા.

પણ એ 'બ્રિજ પાર્ટી' રકાસ જેવી બની ગઈ. તેમાં બોલાવેલા હિંદીઓ બધા એક બાજુ તરવાઇને બેઠા અને અંગ્રેજોની વચ્ચે રહેવા માટે નાખુશ એવી ઍંગ્લો-ઇન્ડિયન સ્ત્રીઓ પણ ત્યાં એમની સાથે ગપ્પાં મારવા જુદી પડી ગઈ. પરિણામે આખો કાર્યક્રમ કઢંગો બની રહ્યો.

પણ આમાંથી એક પરિણામ આવ્યું : પાર્ટીમાં આવેલા ગવર્નમેન્ટ કૉલેજના પ્રિન્સિપલ મિ. ફીલ્ડિંગે મિસિસ મૂર અને ઍડિલાને પોતાને ત્યાં ચા-પાણી માટે બોલાવ્યાં. હિંદીઓ પ્રત્યે એમને દેખીતી રીતે તિરસ્કાર કે મગરૂરીનો ભાવ નહોતો એટલે કોઈ હિંદીઓને પણ બોલાવવાની ઍડિલાની વિનતિથી એમણે પોતાની કૉલેજના એક અધ્યાપક પ્રો. ગોડબોલે અને ડૉ. અઝીઝને પણ આમંત્રણ આપેલાં.

આ મિલનમાં પોતાની સંસ્કારિતાથી ડૉ. અઝીઝે મિ. ફીલ્ડિંગ અને બંને મહેમાન અંગ્રેજ મહિલાઓ પર સુંદર છાપ પાડી. પણ બંને મહિલાઓને લેવા માટે આવેલા હિસ્લૉપે એ મુલાકાતની મઝા મારી નાખી. એ આવ્યો ત્યારે ફીલ્ડિંગ મિસિસ મૂરને પોતાની સંસ્થા બતાવવા લઈ ગયા હતા અને ઍડિલા ડૉ. અઝીઝ પાસે એકલી બેઠી હતી. પોતાની ભાવિ પત્નીને આમ એક હિંદી પાસે એકલી મૂકી જવા બદલ હિસ્લૉપ ફીલ્ડિંગ પર બહુ ચિડાયો અને પોતાના શંકાશીલ ને તુંદમિજાજી માનસનું પ્રદર્શન કરી જે અજુગતાં વેણ તે બોલ્યો તેથી ત્રાસીને આવેશમાં આવી જઈ ઍડિલાએ એના જેવા સાથે સંબંધ જોડવા અંગે પોતાની નાપસંદગી એને સંભળાવી દીધી! પણ એ પછી મોડી સાંજે ઊંચા મને જ્યારે તેઓ ગ્રામવિસ્તારમાંથી પાછાં ફરી રહ્યાં હતાં ત્યારે, એકાએક અંધકારમાંથી કૂદી આવતાં એમની મોટર એકદમ ખચકાઈ, અને એના ધક્કાથી માનસિક એકલતા અને અજાણ ભયથી ઘેરાએલાં એ બંને જણ એકબીજાની પડખે સરી આવ્યાં. અને આમ હિસ્લૉપની ગોદમાં આવી પડેલી ઍડિલાએ પોતે કરેલા લગ્નના ઇન્કારને ભૂલી જવા એને કહ્યું.

ચંદ્રાપુર શહેરથી કેટલાક માઈલ દૂર આવેલી મરબાર ગુફાઓમાંના ચમત્કારો વિષે બહુ વાતો ચાલતી હતી. એ ગુફાઓ જોવા જવા માટે ડૉ. અઝીઝે મિસિસ મૂર અને ઍડિલા પાસે પ્રસ્તાવ મૂક્યો ને બંનેએ તે વધાવી લીધો. પરંતુ એ મુલાકાત ત્રણેને માટે આપત્તિરૂપ નીવડી.

એક ગુફામાં ત્યાં કંઈ પણ બોલાયું હોય તો એની દીવાલો તથા તેમાંની મોટી બખોલોમાંથી પડઘાઓની પરંપરા ચાલ્યા જ કરતી હતી. મિસિસ મૂર ત્યાં બેસી ગઈ ને એ પડઘા, ડૉ. અઝીઝ, ઍડિલા, પોતાનાં બાળકો વગેરે વચ્ચે કેટલું બધું અંતર હતું તેના વિચારે ચડી ગઈ. ધીરેધીરે એને લાગવા માંડયું કે પોતાના બધા જ ગુણો, સદ્‌અસદ્‌ના બધા વિચારો, અરે ખુદ જીવન વિષેના પોતાના બધા જ ખયાલો અંતે તો આ મરબાર ગુફાઓમાંના પડઘા જેવા પોકળ હોવા સિવાય કંઈ જ નહોતું.

બીજી બાજુ ઍડિલા પણ એક ગુફામાં એકલી લટાર મારી રહી હતી ત્યાં એકાએક એ છળી પડી. તેને લાગ્યું કે કોઈ ઓળો પોતા પર આક્રમણ કરી રહ્યો છે. એ અત્યંત ગભરાઈ ગઈ ને બહાર દોડી. તેને લાગ્યું કે પેલો ઓળો ડૉ. અઝીઝ હતો. અને તેના એવા નિવેદનથી ડૉ. અઝીઝની ધરપકડ કરવામાં આવી.

હિંદીઓ અને ઍંગ્લો-ઇન્ડિયનો વચ્ચે આમ તો હમેશાં સ્પષ્ટ તફાવત વરતાતો, પણ જેમજેમ ડૉ. અઝીઝના મુકદ્દમાનો દિવસ નજીક આવતો ગયો તેમતેમ બંને જૂથનો મિજાજ અંગ્રેજોની વિરુદ્ધ ઢળતો ગયો. એક વાર અમસ્તાં જ મિસિસ મૂરે પોતાના પુત્રને જણાવ્યું કે પોતે ખાતરીપૂર્વક ડૉ. અઝીઝને નિર્દોષ માને છે ત્યારે એ સાંભળતાં વેંત જ તે અકળાઈ ઊઠયો અને એણે વહેલી તકે માને ઇંગ્લંડ જતી સ્ટીમરમાં ચડાવી દીધી. ક્લબમાં સૌ મળ્યા ત્યારે ફીલ્ડિંગે પણ ડૉ. અઝીઝના પક્ષમાં પોતાનો મત ઉચ્ચારતાં સૌએ એને લગભગ હડધૂત કરી મેલ્યો.

અંતે તંગ વાતાવરણ વચ્ચે મુકદ્દમો શરૂ થયો. અને કામ ચાલતું હતું ત્યાં એકાએક ડૉ. અઝીઝના એક મિત્રે અદાલતમાં ધસી આવીને બરાડા પાડવા માંડયા કે ડૉ. અઝીઝની નિર્દોષતા અંગે સાક્ષી ન પુરાવી શકે એટલા સારુ જ હિસ્લૉપે પોતાની માને પાછી ઇંગ્લંડ રવાના કરી દીધી છે. એકઠા થએલા હિંદી પ્રેક્ષકો તો આ સાંભળતાં જ એ મહિલા જાણે કોઈ દેવી હોય એમ એના નામનો ગણગણાટ કરવા લાગી ગયા : જાણે કોઈ મંત્રોચ્ચાર ચાલતા હોય એવું વાતાવરણ બની રહ્યું. પાછળથી ખબર આવ્યા કે મિસિસ મૂર જહાજ પર જ અવસાન પામી છે!

આવો જ બીજો અકલ્પિત બનાવ મુકદ્દમાના અંત ભાગે બન્યો. ઍડિ-

લા જુબાની આપી રહી હતી. અદાલતનું તંગ વાતાવરણ, મિસિસ મૂરના નામનો વારંવાર થતો આવતો ઉચ્ચાર અને પેલી ત્રેફામાંથી નાસી આવી ત્યારથી એના કાનમાં એકધારા ગુંજ્યા કરતા કોઈ અગમ્ય અવાજે એના પર કોઈ એવી ઘેન જેવી અસર કરી કે કૉર્ટના વકીલ સમક્ષ ગુફામાં બનેલા બનાવનું અથેતિ વર્ણન કર્યા બાદ છેવટે જ્યારે એ પોતાના પર થએલા આક્રમણના પ્રસંગે પહોંચી ત્યારે તદ્દન ભાંગી પડી અને ડૉ. અઝીઝ પરના આરોપો એણે પાછા ખેંચી લીધા.

ત્યાર પછીના કેટલાક કલાકો ચંદ્રાપુરમાં જાણે ધમાલ મચી ગઈ. હિંદીઓ હરખાઈને મોજમાં આવી ગયા, તો અંગ્રેજોને લાગ્યું કે ઍડિલાએ પોતાની જાતિને છેહ દીધો છે. હિસ્લૉપે પણ ઍડિલાને સાવધાનીપૂર્વક જણાવી દીધું કે એ હવે એની સાથે વધુ સંબંધ રાખી શકે તેમ નથી. આથી થોડાં અઠવાડિયાં ફીલ્ડિંગની મહેમાન રહી ઍડિલા વતન પાછી ફરી ગઈ. ડૉ. અઝીઝની અંગ્રેજો પ્રત્યેની વધી ગએલી ઘૃણા છતાં ફીલ્ડિંગે એને ઍડિલા પર પોતાની બદનામી કર્યા અંગેનો દાવો ન માંડવા સફળતાથી સમજાવ્યો.

બે વર્ષ વીતી ગયાં. ગોકુલઅષ્ટમીના ઉત્સવની ધમાલમાં એક આગેવાન હિંદુના અવસાન અંગેની તપાસમાં અદાલત તરફથી દાક્તર તરીકે ડૉ. અઝીઝની નિમણુક થઈ હતી. આખું ગામ તહેવારની ધૂનમાં ધમધમી રહ્યું હતું. ફીલ્ડિંગ પણ ત્યાં આવેલો. વીતેલાં એ બે વર્ષ દરમિયાન એ ફરી પરણ્યો હતો. ડૉ. અઝીઝને લાગ્યું કે એણે ઍડિલા સાથે જ લગ્ન કર્યું હશે, એટલે એણે આ જૂના અંગ્રેજ મિત્રને ટાળવા માંડ્યો; પણ છતાં યે અકસ્માત એ બંને જણનો ભેટો થઈ જ ગયો, અને વાતચીતમાં જ્યારે એણે જાણ્યું કે ફીલ્ડિંગે તો મિસિસ મૂરની પુત્રી સ્ટેલા સાથે લગ્ન કર્યાં હતાં ત્યારે પોતે કરેલા ખોટા વિચારની શરમમાં એ વધુ અતડો બની ગયો.

છેવટ છૂટા પડતાં પહેલાં બંને જૂના મિત્રો જંગલમાં ઘોડેસવારી કરવા ગયા. એમની વચ્ચે હવે કોઈ ગેરસમજ રહી નહોતી, છતાં બંને વચ્ચે મળવા માટે કોઈ સામાજિક ભૂમિકા પણ જાણે હવે રહી નહોતી. ડૉ. અઝીઝને લાગતું હતું કે અંગ્રેજ સ્રીને પરણીને ફીલ્ડિંગે અંતે તો પોતાની જાતિ તરફનો પક્ષપાત જ વ્યક્ત કર્યો હતો. મનમાં ભાર સાથે બંને જણ ચાલ્યા જતા હતા, ત્યાં એકાએક એમની સામે એક ખડક આવી ઊભો. બંનેના ઘોડા છૂટા પડી જઈ અલગઅલગ દિશામાં આગળ વધ્યા—જાણે હવે પછી એ બંનેના માર્ગ અલગ જ રહેવાના હતા!

બંનેના હૃદયભાવ ગમે તેવા હોવા છતાં બંને જાતિ વચ્ચેના ગાળાને સાંધવાને એ પૂરતા નહોતા. □

હાવર્ડ્ઝ એન્ડ

પાત્રો : હેન્રી વિલ્કૉક્સ: બ્રિટિશ વેપારી
રૂથ વિલ્કૉક્સ: એની પહેલી પત્ની
ચાર્લ્સ વિલ્કૉક્સ: એનો મોટો પુત્ર
પૉલ વિલ્કૉક્સ: એનો નાનો પુત્ર
માર્ગારેટ શ્લેગેલ: હેન્રીની બીજી પત્ની
હેલન શ્લેગેલ: માર્ગારેટની બહેન
લીઓનાર્ડ બાસ્ટ: એક મુફલિસ યુવાન
જૅક્રી બાસ્ટ: લીઓનાર્ડની પત્ની

જર્મનીમાં રજા ગાળતો વિલ્કૉક્સ પરિવાર અને માર્ગારેટ શ્લેગેલ તથા તેની બહેન હેલન ત્યાં મળ્યાં ત્યારે તે એક આકસ્મિક મુલાકાત જ લાગેલી. પણ સૌ ઈંગ્લંડ પાછાં ફર્યા પછી એ પરિચયના અનુસંધાનમાં એક વાર હેલનને લંડન નજીક આવેલા વિલ્કૉક્સ પરિવારના નિવાસસ્થાન 'હાવર્ડ્ઝ એન્ડ'થી એક આમંત્રણ મળ્યું. એ સ્વીકારીને હેલન ત્યાં જે થોડા દિવસ રહી તે દરમિયાન એ તરુણ પૉલ વિલ્કૉક્સના પ્રેમમાં પડી, પણ બંને કુટુંબોને આ સંબંધ રુચ્યો નહિ અને એ પરિચય ત્યાંથી જ અટકી ગયો.

થોડા સમય પછી લંડનમાં જ વિલ્કૉક્સે એક મકાન ભાડે રાખ્યું, જે અકસ્માત જ શ્લેગેલ કુટુંબના નિવાસસ્થાનવાળા માર્ગ પર જ હતું, પણ એ સમયે પેલાં બંને પ્રેમી જુવાનિયાં દેશાટને ગએલાં હતાં. સમય જતાં શ્રીમતી વિલ્કૉક્સ અને માર્ગારેટ શ્લેગેલની ફરી મુલાકાત થઈ ગઈ અને જૂનો પરિચય ધીરેધીરે વધતો જઈ સહીપણામાં પરિણમ્યો.

શ્લેગેલનાં પરિચિતોમાં એક લીઓનાર્ડ બાસ્ટ નામનો યુવાન પણ હતો. એક સમારંભમાં એ મુફલિસ યુવાનની છત્રી હેલને ભૂલથી પોતાની સાથે લઈ લીધેલી તે પાછી લેવા એ એમને ઘેર આવેલો ને ત્યાં એની વાક્પટુતાથી શ્લેગેલ બહેનો તથા તેના ભાઈને તેનામાં રસ પડેલો. પણ એ લીઓનાર્ડને એના કરતાં ઉમરમાં મોટી અને અતિશય ફૂવડ પત્ની પણ હતી એની શ્લેગેલ ભાઈબહેનોને ખબર નહોતી. વળી લીઓનાર્ડ જ એ સ્રીને લગ્નમાં ફસાવી હતી.

મિસિસ વિલ્કૉક્સ અને માર્ગારેટની મૈત્રી જામ્યા પછી થોડા મહિના બાદ મિસિસ વિલ્કૉક્સ માંદાં પડ્યાં અને ગુજરી ગયાં. પોતાના વસીહતનામા ઉપરાંત એણે એક જુદી નોંધ પણ રાખી હતી, જેમાં એણે 'હાવર્ડ્સ એન્ડ' મકાન માર્ગારેટ શ્લેગેલને બક્ષિશ આપવાની સૂચના લખી હતી. પણ એ ઘર આમ પરાયાના હાથમાં ચાલ્યું જાય એ મિસ્ટર વિલ્કૉક્સને બિલકુલ પસંદ પડે તેમ નહોતું, અને પેલી નોંધ કાયદેસરના વસીહતનામાનો ભાગ ન હોઈ તેઓ તે ઓળવી ગયા. માર્ગારેટને તો પોતાની સખીએ આપેલી બક્ષિશની કંઈ જાણ હતી જ નહિ, અને પોતાની નાની બહેન હજી યે પૉલ વિલ્કૉક્સને ચાહે છે એમ તે માનતી હતી, એટલે મિસિસ વિલ્કૉક્સના અવસાન પછી એ પરિવારના નાતો તૂટી જતાં એક રીતે એ રાજી પણ થઈ.

મિસિસ વિલ્કૉક્સના અવસાન પછી ઘણા સમય બાદ એક સાંજે માર્ગારેટ અને હેલન બાગમાં બેઠાં હતાં ત્યાં એકાએક મિ. વિલ્કૉક્સ આવી ચડ્યા. આડીઅવળી થોડી વાતો કરી એમણે કહ્યું કે જે પેઢીમાં લીઓનાર્ડ કામ કરે છે એ પેઢી જરા યે ભરોસાપાત્ર નથી. આ માહિતીને આધારે બંને બહેનોએ લીઓનાર્ડને નોકરી બદલવા સલાહ આપી અને લીઓનાર્ડે એ છોડી પણ દીધી. પણ એ સૌને ખબર નહોતી કે માર્ગારેટને મનોમન ચાહવા લાગેલા મિ. વિલ્કૉક્સે ખોટી સલાહ આપીને માર્ગારેટના એક સંભવિત પ્રેમી અને પોતાના હરીફને માર્ગમાંથી દૂર કરવા આ ચાલ રમી હતી.

આમ મિ. વિલ્કૉક્સને ભાવતું થયા બાદ થોડા વખત પછી શ્લેગેલ ભાઈબહેનો જે ઘરમાં રહેતાં હતાં એ ઘરના ભાડાંના કરાર પૂરો થતાં એમને તે ખાલી કરવાનું થયું અને બહુ શોધખોળ છતાં એમને બીજું યોગ્ય મકાન મળતું નહોતું. વિલ્કૉક્સને એમની આ ભીડની જાણ થતાં એમણે માર્ગારેટને પત્ર લખી પોતાનું લંડનનું ઘર ભાડે આપવા-

નો પ્રસ્તાવ મૂક્યો. માર્ગરેટ એ મકાન જોવા આવી અને ત્યાં તક સાધી વિલ્કૉક્સે પોતાનો પ્રેમ વ્યક્ત કરી લગ્નની માગણી મૂકી. ત્રીસી વટાવી ચૂકેલી માર્ગરેટ તો આ સાંભળી આભી જ બની ગઈ, પણ તરત તેનો આઘાત કે મૂંઝવણ ન અનુભવતાં વિચાર કરી જોવા તેણે થોડી મહેતલ માગી, અને અંતે લગ્નનો પ્રસ્તાવ સ્વીકાર્યો. સ્વાભાવિક રીતે જ હવે મકાન ભાડે રાખવાપણું રહ્યું ન હતું.

પણ એ બંને પરણે તે અગાઉ મિ. વિલ્કૉક્સની પુત્રીનાં લગ્ન થયાં અને તે વિલ્કૉક્સ પરિવારના જ એક મકાનમાં વેલ્સ નજીક રહેવા ગઈ. આ પ્રસંગ પછી, થોડા જ વખતમાં માર્ગરેટના નજીક આવી રહેલા લગ્નને નાપસંદ કરતી હેલન એક દિવસ લીઓનાર્ડ અને એની પત્નીને લઈને ત્યાં આવી ચડી. હેલન જાણી ગઈ હતી કે વિલ્કૉક્સની ખોટી વાત માની લઈ પોતે બંને બહેનોએ આપેલી સલાહને લીધે જ લીઓનાર્ડ નોકરી છોડી બેહાલ બની ગયો હતો. આથી તે માનતી હતી કે વિલ્કૉક્સે તેને કરેલા આ નુકસાનનો બદલો વાળી આપવો જોઇએ. આ વખતે એક બીજી વાત પણ પ્રકટ થઈ. બાસ્ટની પત્નીએ પીધેલી હાલતમાં જાહેર કરી દીધું કે આ જ વિલ્કૉક્સ, વર્ષો પહેલાં એની સાથે પણ આડો વહેવાર ધરાવતો હતો! આ બધું જાણવામાં આવ્યા છતાં પણ માર્ગરેટ વિલ્કૉક્સને માફ કરવા તૈયાર થઈ એટલું જ નહિ, પણ લીઓનાર્ડને સહાય આપવાની વાતને પણ એણે કોઠું ન આપ્યું.

અજાણપણે લીઓનાર્ડને ચાહવા લાગેલી હેલનને પોતાની મોટી બહેનના આ વલણથી રીસ ચડી અને એક રાત થોડો સમય લીઓનાર્ડ સાથે ગાળી એ ઇંગ્લૅંડ છોડી ચાલી ગઈ. જતાં પહેલાં એણે પોતાની પાસેની રકમનો મોટો ભાગ લીઓનાર્ડને આપવા પ્રયત્ન કર્યો, પણ તેણે એ સહાય સ્વીકારી નહિ.

હેલન અને લીઓનાર્ડના આ સંબંધની માર્ગરેટને જાણ નહોતી. લગ્ન પહેલાં તેણે વિલ્કૉક્સને મળીને, તેના બંને પુત્રો કદાચ પોતાના આ લગ્નને પસંદ નહિ કરે તે વાત પણ સ્પષ્ટ કરી લીધી. હેલને તો એ લગ્ન વખતે હાજર રહેવાનું નકાર્યું જ હતું, પણ એની માર્ગરેટને કંઈ નવાઈ નહોતી. અંતે લગ્ન પતી ગયાં અને આઠ માસ પણ વીતી ગયા. પણ હેલન હજી પાછી ફરી નહોતી એટલે માર્ગરેટને એની ચિંતા થવા લાગી.

આખરે હેલન ઇંગ્લૅંડ પાછી ફરી અને કહેવડાવ્યું કે પોતાને 'હાવર્ડ્સ ઍન્ડ'માંની અમુક ચોપડીઓ જોઇએ છે. મોઢામોઢ મળવાનું હેલન ટાળતી હતી એટલે કદાચ એ મનઃક્ષોભનું કારણ હશે એમ માનીને વિલ્કૉક્સે અને માર્ગરેટે એની મુલાકાત થઈ જ જાય એવો તાગડો રચ્યો. પરંતુ એમણે એને રૂબરૂ જોઈ ત્યારે ખરો ભેદ પ્રકટ થઈ ગયો. લીઓનાર્ડ સાથે ગાળેલી પેલી રાતને કારણે હેલન બેજીવી બની હતી. હેલને 'હાવર્ડ્ઝ ઍન્ડ'માં માર્ગરેટ સાથે એકાદ રાત એકાંતમાં રહેવાની ઇચ્છા દર્શાવી પણ વિલ્કૉક્સે કોઠું ન આપ્યું.

છતાં બંને બહેનો 'હાવર્ડ્ઝ ઍન્ડ'માં રાત રોકાઈ. બીજે દિવસે સવારે વિલ્કૉક્સનો મોટો પુત્ર ચાર્લ્સ એમને ત્યાંથી કાઢવા માટે ગયો. એના પહોંચ્યા પછી તુરત જ લીઓનાર્ડ પણ ત્યાં આવ્યો. એની ઇચ્છા માર્ગરેટ પાસેથી કંઇક સહાય મેળવવાની હતી, પણ એને જોતાં જ ચાર્લ્સ ઉશ્કેરાઈ ગયો અને એને માર્યો. પોતાને લીધે હેલનની કફોડી હાલત થએલી જોઈને લાગેલા આઘાત પછી આ માર એનું નબળું હૃદય જીરવી શક્યું નહિ અને એ ત્યાં જ મરણ પામ્યો.

ચાર્લ્સ પર લીઓનાર્ડને મારી નાખવા બદલ મુકદ્દમો ચાલ્યો અને એને ત્રણ વર્ષની કેદની સજા થઈ. આ બધા બનાવોથી કુટુંબને લાગેલા લાંછનના દુઃખથી વિલ્કૉક્સ માંદો પડ્યો અને અપંગ બની ગયો. માર્ગરેટે પોતાના પતિ તથા બહેનને 'હાવર્ડ્ઝ ઍન્ડ'માં લઈ જઈને રાખ્યાં. હેલનને ત્યાં બાળક અવતર્યું. અપંગ વિલ્કૉક્સ એ બાળક સાથે હળી ગયો અને હેલનને 'હાવર્ડ્ઝ ઍન્ડ'માં જ રોકી રાખી; જોકે વિલ્કૉક્સ કુટુંબમાં બીજા કોઈને આ બધું ગમતું નહોતું. એટલે ચાર્લ્સે જેલમાંથી છૂટે તે અગાઉ વિલ્કૉક્સે કુટુંબનાં સૌને એકઠાં કર્યાં અને પોતાના નવા વસીહતનામાની એમને જાણ કરી. આ નવી વ્યવસ્થા મુજબ પોતાની બધી રોકડ એણે પહેલી પત્નીનાં સંતાનોમાં વહેંચી દીધી હતી જ્યારે 'હાવર્ડ્ઝ ઍન્ડ' માર્ગરેટને, ને તે મરી જાય પછી હેલનના (ગેરકાનુની) બાળકને આપ્યું હતું. આમ જે ઘરે એમના જીવનમાં ઘણો મોટો ભાગ ભજવેલો એ 'હાવર્ડ્ઝ ઍન્ડ' આખરે માર્ગરેટને જ મળ્યું અને એની સખી પત્ની મિસિસ વિલ્કૉક્સની અંતિમ ઇચ્છા પૂરી થઈ. □

લઘુકથા

બૉક્સ નં. ૩૫૦૦૮

ડૉ. મુકુલ બક્ષી

'બસ, આજ છેલ્લી વાર...' એમ મનોમન વિચારતો તે અખબારની કચેરીનાં પગથિયાં ચડી રહ્યો હતો.

નોકરી મેળવવા માટે એણે જાહેરખબર આપી હતી. એ સિવાય કોઈ છૂટકો જ ન હતો. પોતે ભણી ઊતર્યો હતો, પણ વાર્ધક્યને આરે પહોંચેલા પિતાની દુકાન સંભાળી લેવા જેટલો એનામાં રસ ન હતો, ને આજના જમાનામાં નોકરી મેળવવા માટે જરૂરી એવી કોઈ લાગવગ એની પાસે ન હતી, એટલે છાપાંમાં આવતી જાહેરખબરો વાંચીને કરેલી અરજીઓ અને મુલાકાતોનું પરિણામ શૂન્ય આવતું હતું. આથી કંટાળીને અંતે તેણે પોતે જ 'નોકરી જોઇએ છે'ની જાહેરાત છપાવી હતી.

છેલ્લાં બે અઠવાડિયાંથી એ એનો નિત્યક્રમ બની ગયો હતો. બપોરે ચા પીને એ નીકળી પડતો. અહીં જાહેરખબર વિભાગમાં આવતો અને લાઇનમાં જોડાઈ પોતાનો વારો આવે તેની પ્રતીક્ષા કરતો. પછી કાઉન્ટર પર એ પોતાનો બૉક્સ નંબરનો કાગળ ધરતો ને કારકુન ચોપડો ઉથલાવીને કહેતો: 'સૉરી, કોઈ જવાબ નથી.'

થોડા વખતમાં તો કારકુન એને બરોબર ઓળખી ગયો હતો. એના કાગળ પર નજર નાખ્યા વગર જ એના ઊતરેલા મોં સામે જોતાં કારકુન સહાનુભૂતિપૂર્વક એના એ શબ્દો દોહરાવતો. પંદર દિવસથી સતત સંભળાતા એ નકારથી એ એટલો હતાશ થઈ ગયો હતો, કે એણે નિરધાર કરી લીધો કે બસ આજ છેલ્લી વાર...

પણ આજ કારકુનના ચહેરા પર એક આછું સ્મિત ફરકી ગયું: 'બૉક્સ નં. ૩૫૦૦૮ ને? કૉન્ગ્રૅચ્યુલેશન્સ! એક જવાબ છે.' કહેતાં કારકુને એક પત્ર એના હાથમાં મૂક્યો.

'થૅંક યુ.' કહી એણે પત્ર લીધો, અને ત્યાં ને ત્યાં જ એક ખૂણામાં ગોઠવાઇને આશાથી કંપતા હાથે એણે આતુરતાપૂર્વક પત્ર વાંચવા માંડ્યો:

ભાઈશ્રી,

જાહેરાતમાં તમે તમારા વિષે જે કંઈ લખ્યું છે તે સઘળું મને પણ અક્ષરશઃ લાગુ પડે છે. ફર્ક માત્ર એટલો જ છે કે મારી પરિસ્થિતિ એટલી વણસી ગઈ છે કે તમારી જેમ જાહેરખબર છપાવવાની પણ મારી શક્તિ રહી નથી. મારું દુઃખ તમે સમજી શકશો. મારા પર એક મહેરબાની કરશો? તમને જે જવાબ મળે તેમાંથી તમારે ઉપયોગના ન હોય તે પત્રો મને ઉપરના સરનામે મોકલવાની કૃપા કરશો?'

અખબારી કચેરીના ઍરકન્ડિશન્ડ ઓરડામાં પણ એને પરસેવો વળી ગયો! □

નો પ્રસ્તાવ મૂક્યો. માર્ગરેટ એ મકાન જોવા આવી અને ત્યાં તક સાધી વિલ્કૉક્સે પોતાનો પ્રેમ વ્યક્ત કરી લગ્નની માગણી મૂકી. ત્રીસી વટાવી ચૂકેલી માર્ગરેટ તો આ સાંભળી આભી જ બની ગઈ, પણ તરત તેનો આઘાત કે મૂંઝવણ ન અનુભવતાં વિચાર કરી જોવા તેણે થોડી મહેતલ માગી, અને અંતે લગ્નનો પ્રસ્તાવ સ્વીકાર્યો. સ્વાભાવિક રીતે જ હવે મકાન ભાડે રાખવાપણું રહ્યું ન હતું.

પણ એ બંને પરણે તે અગાઉ મિ. વિલ્કૉક્સની પુત્રીનાં લગ્ન થયાં અને તે વિલ્કૉક્સ પરિવારના જ એક મકાનમાં વેલ્સ નજીક રહેવા ગઈ. આ પ્રસંગ પછી, થોડા જ વખતમાં માર્ગરેટના નજીક આવી રહેલા લગ્નને નાપસંદ કરતી હેલન એક દિવસ લીઓનાર્ડ અને એની પત્નીને લઈને ત્યાં આવી ચડી. હેલન જાણી ગઈ હતી કે વિલ્કૉક્સની ખોટી વાત માની લઈ પોતે બંને બહેનોએ આપેલી સલાહને લીધે જ લીઓનાર્ડે નોકરી છોડી બેહાલ બની ગયો હતો. આથી તે માનતી હતી કે વિલ્કૉક્સે તેને કરેલા આ નુકસાનનો બદલો વાળી આપવો જોઇએ. આ વખતે એક બીજી વાત પણ પ્રકટ થઈ. બાસ્ટની પત્નીએ પીધેલી હાલતમાં જાહેર કરી દીધું કે આ જ વિલ્કૉક્સ, વર્ષો પહેલાં એની સાથે પણ આડો વહેવાર ધરાવતો હતો! આ બધું જાણવામાં આવ્યા છતાં પણ માર્ગરેટ વિલ્કૉક્સને માફ કરવા તૈયાર થઈ એટલું જ નહિ, પણ લીઓનાર્ડને સહાય આપવાની વાતને પણ એણે કોઠું ન આપ્યું.

અજાણપણે લીઓનાર્ડને ચાહવા લાગેલી હેલનને પોતાની મોટી બહેનના આ વલણથી રીસ ચડી અને એક રાત થોડો સમય લીઓનાર્ડ સાથે ગાળી એ ઇંગ્લંડ છોડી ચાલી ગઈ. જતાં પહેલાં એણે પોતાની પાસેની રકમનો મોટો ભાગ લીઓનાર્ડને આપવા પ્રયત્ન કર્યો, પણ તેણે એ સહાય સ્વીકારી નહિ.

હેલન અને લીઓનાર્ડના આ સંબંધની માર્ગરેટને જાણ નહોતી. લગ્ન પહેલાં તેણે વિલ્કૉક્સને મળીને, તેના બંને પુત્રો કદાચ પોતાના આ લગ્નને પસંદ નહિ કરે તે વાત પણ સ્પષ્ટ કરી લીધી. હેલને તો એ લગ્ન વખતે હાજર રહેવાનું નકાર્યું જ હતું, પણ એની માર્ગરેટને કંઈ નવાઈ નહોતી. અંતે લગ્ન પતી ગયાં અને આઠ માસ પણ વીતી ગયા. પણ હેલન હજી પાછી ફરી નહોતી એટલે માર્ગરેટને એની ચિંતા થવા લાગી.

આખરે હેલન ઇંગ્લંડ પાછી ફરી અને કહેવડાવ્યું કે પોતાને 'હાવર્ડ્સ ઍન્ડ'માંની અમુક ચોપડીઓ જોઇએ છે. મોઢામોઢ મળવાનું હેલન ટાળતી હતી એટલે કદાચ એ મનઃક્ષોભનું કારણ હશે એમ માનીને વિલ્કૉક્સે અને માર્ગરેટે એની મુલાકાત થઈ જ જાય એવો તાગડો રચ્યો. પરંતુ એમણે એને રૂબરૂ જોઈ ત્યારે ખરો ભેદ પ્રકટ થઈ ગયો. લીઓનાર્ડ સાથે ગાળેલી પેલી રાતને કારણે હેલન બેજીવી બની હતી. હેલને 'હાવર્ડ્ઝ ઍન્ડ'માં માર્ગરેટ સાથે એકાદ રાત એકાંતમાં રહેવાની ઇચ્છા દર્શાવી પણ વિલ્કૉક્સે કોઠું ન આપ્યું.

છતાં બંને બહેનો 'હાવર્ડ્ઝ ઍન્ડ'માં રાત રોકાઈ. બીજે દિવસે સવારે વિલ્કૉક્સનો મોટો પુત્ર ચાર્લ્સ એમને ત્યાંથી કાઢવા માટે ગયો. એના પહોંચ્યા પછી તુરત જ લીઓનાર્ડ પણ ત્યાં આવ્યો. એની ઇચ્છા માર્ગરેટ પાસેથી કંઇક સહાય મેળવવાની હતી, પણ એને જોતાં જ ચાર્લ્સ ઉશ્કેરાઈ ગયો અને એને માર્યો. પોતાને લીધે હેલનની કફોડી હાલત થએલી જોઈને લાગેલા આઘાત પછી આ માર એનું નબળું હૃદય જીરવી શક્યું નહિ અને એ ત્યાં જ મરણ પામ્યો.

ચાર્લ્સ પર લીઓનાર્ડને મારી નાખવા બદલ મુકદ્દમો ચાલ્યો અને એને ત્રણ વર્ષની કેદની સજા થઈ. આ બધા બનાવોથી કુટુંબને લાગેલા લાંછનના દુઃખથી વિલ્કૉક્સ માંદો પડ્યો અને અપંગ બની ગયો. માર્ગરેટે પોતાના પતિ તથા બહેનને 'હાવર્ડ્ઝ ઍન્ડ'માં લઈ જઈને રાખ્યાં. હેલનને ત્યાં બાળક અવતર્યું. અપંગ વિલ્કૉક્સ એ બાળક સાથે હળી ગયો અને હેલનને 'હાવર્ડ્ઝ ઍન્ડ'માં જ રોકી રાખી; જોકે વિલ્કૉક્સ કુટુંબમાં બીજા કોઈને આ બધું ગમતું નહોતું. એટલે ચાર્લ્સ જેલમાંથી છૂટે તે અગાઉ વિલ્કૉક્સે કુટુંબનાં સૌને એકઠાં કર્યાં અને પોતાના નવા વસીહતનામાની એમને જાણ કરી. આ નવી વ્યવસ્થા મુજબ પોતાની બધી રોકડ એણે પહેલી પત્નીનાં સંતાનોમાં વહેંચી દીધી હતી જ્યારે 'હાવર્ડ્ઝ ઍન્ડ' માર્ગરેટને, ને તે મરી જાય પછી હેલન-ના (ગેરકાનુની) બાળકને આપ્યું હતું. આમ જે ઘરે એમના જીવન-માં ઘણો મોટો ભાગ ભજવેલો એ 'હાવર્ડ્ઝ ઍન્ડ' આખરે માર્ગ-રેટને જ મળ્યું અને એની સખી પત્ની મિસિસ વિલ્કૉક્સની અંતિમ ઇચ્છા પૂરી થઈ. □

● લઘુકથા

બૉક્સ નં. ૩૫૦૦૮

ડૉ. મુકુલ બક્ષી

'બસ, આજ છેલ્લી વાર...' એમ મનોમન વિચારતો તે અખબારની કચેરીનાં પગથિયાં ચડી રહ્યો હતો.

નોકરી મેળવવા માટે એણે જાહેરખબર આપી હતી. એ સિવાય કોઈ છૂટકો જ ન હતો. પોતે ભણી ઊતર્યો હતો, પણ વાર્ધક્યને આરે પહોંચેલા પિતાની દુકાન સંભાળી લેવા જેટલો એનામાં રસ ન હતો, ને આજના જમાનામાં નોકરી મેળવવા માટે જરૂરી એવી કોઈ લાગવગ એની પાસે ન હતી, એટલે છાપાંમાં આવતી જાહેરખબરો વાંચીને કરેલી અરજીઓ અને મુલાકાતોનું પરિણામ શૂન્ય આવતું હતું. આથી કંટાળીને અંતે તેણે પોતે જ 'નોકરી જોઇએ છે'ની જાહેરાત છપાવી હતી.

છેલ્લાં બે અઠવાડિયાંથી એ એનો નિત્યક્રમ બની ગયો હતો. બપોરે ચા પીને એ નીકળી પડતો. અહીં જાહેરખબર વિભાગમાં આવતો અને લાઇનમાં જોડાઈ પોતાનો વારો આવે તેની પ્રતીક્ષા કરતો. પછી કાઉન્ટર પર એ પોતાનો બૉક્સ નંબરનો કાગળ ધરતો ને કારકુન ચોપડો ઉથલાવીને કહેતો: 'સૉરી, કોઈ જવાબ નથી.'

થોડા વખતમાં તો કારકુન એને બરોબર ઓળખી ગયો હતો. એના કાગળ પર નજર નાખ્યા વગર જ એના ઊતરેલા મોં સામે જોતાં કારકુન સહાનુભૂતિપૂર્વક એના એ શબ્દો દોહરાવતો. પંદર દિવસથી સતત સંભળાતા એ નકારથી એ એટલો હતાશ થઈ ગયો હતો, કે એણે નિરધાર કરી લીધો કે બસ આજ છેલ્લી વાર...

પણ આજ કારકુનના ચહેરા પર એક આછું સ્મિત ફરકી ગયું: 'બૉક્સ નં. ૩૫૦૦૮ ને? કૉન્ગ્રૅચ્યુલેશન્સ! એક જવાબ છે.' કહેતાં કારકુને એક પત્ર એના હાથમાં મૂક્યો.

'થૅંક યુ.' કહી એણે પત્ર લીધો, અને ત્યાં ને ત્યાં જ એક ખૂણામાં ગોઠવાઇને આશાથી કંપતા હાથે એણે આતુરતાપૂર્વક પત્ર વાંચવા માંડ્યો:

ભાઈશ્રી,

જાહેરાતમાં તમે તમારા વિષે જે કંઈ લખ્યું છે તે સઘળું મને પણ અક્ષરશઃ લાગુ પડે છે. ફર્ક માત્ર એટલો જ છે કે મારી પરિસ્થિતિ એટલી વણસી ગઈ છે કે તમારી જેમ જાહેરખબર છપાવવાની પણ મારી શક્તિ રહી નથી. મારું દુઃખ તમે સમજી શકશો. મારા પર એક મહેરબાની કરશો? તમને જે જવાબ મળે તેમાંથી તમારે ઉપયોગના ન હોય તે પત્રો મને ઉપરના સરનામે મોકલવાની કૃપા કરશો?'

અખબારી કચેરીના ઍરકન્ડિશન્ડ ઓરડામાં પણ એને પરસેવો વળી ગયો! □

રવિશંકર રાવળનું આત્મકથાનક
હપ્તો ૯૯

જીવનપટનાં સ્મૃતિચિત્રો

૪૯૩ પાછા કલકત્તા

ઉતારે પહોંચતાં કલકત્તાથી આવેલી મોતીભાઈની ટપાલમાં ખબર હતા કે ગુજરાતમાં અસહકારનું આંદોલન જોરશોરથી ઊપડ્યું છે ને ચરોતર એડ્યુકેશન સોસાએટીના શિક્ષક-સભ્યો ગાંધીજીના આદેશ પ્રમાણે સરકારી પરીક્ષાઓનો બહિષ્કાર કરવાની અનુમતિ માગે છે. મોતીભાઈ શાળાઓમાં બહિષ્કારનું આંદોલન પેસે તેમ ઇચ્છતા ન હતા. તેમણે રામજીભાઈને કહ્યું કે હવે આપણે પ્રવાસ ટુંકાવી દેવો પડશે; મારે વેળાસર ગુજરાતમાં પહોંચી જવું જોઈએ. રામજીભાઈએ તુરત પાછા જવાનો કાર્યક્રમ ઘડી કાઢ્યો.

કલકત્તા પહોંચીને સવારમાં જ રામજીભાઈએ એલાન કર્યું કે 'આજ રાત્રે જ કલકત્તા છોડી, બર્દવાન થઈ કાલે શાંતિનિકેતન પહોંચવાનું છે. નરસિંહભાઈ પટેલ ત્યાં છે તેમને ખબર આપી દીધા છે. દિવસના ભાગે જમીને તરત જીવનલાલ કંપનીની ઍલ્યુમિનિયમનાં વાસણો બનાવનારી ફૅક્ટરી જોવા જઈશું. ઝવેરચંદ મેઘાણી હાલ અહીં નથી, નહિ તો તેમની પાસેથી બંગાળી ગીતો સાંભળવાની તક મળત. તેમને જીવનલાલભાઈ પોતાના સેક્રેટરી બનાવી ઇંગ્લંડ લઈ ગયા હતા અને પછી આ કારખાનાના મૅનેજર બનાવ્યા હતા. તે વતનમાં ગયા છે ત્યાંથી પાછા નહિ આવે. તેમનું મન સાહિત્યના રંગે રંગાએલું અને તેમાં અમૃતલાલભાઈના 'સૌરાષ્ટ્ર' પત્રે તેમને સ્થાન આપ્યું, એટલે એ તો હવે ગયા જ.' મેં ભાવનગરમાં સાંભળેલું કે શામળદાસ કૉલેજમાં એક ઝવેરચંદ મેઘાણી વિદ્યાર્થી હતા તેણે નાટકો અને ગીતોની હવા કરી મૂકી હતી. મારે તેમનો પરિચય પામવા હજુ વર્ષોની વાટ જોવાની હતી.

૪૯૪ ઍલ્યુમિનિયમ ફૅક્ટરીમાં

આખા હિન્દુસ્તાનમાં ઍલ્યુમિનિયમનાં વાસણોથી જાણીતી થએલી જીવનલાલ કંપનીની ફૅક્ટરી અમારે માટે નવાઈ હતી. ઍલ્યુમિનિયમનાં પતરાં પરદેશથી આવતાં. તેમાંથી ભારતીય ગૃહસંસારને યોગ્ય તપેલાં-તપેલીઓ, વાટકા-વાટકી, હાંડા-હાંડલાં, ટિફિનૉક્સો એમ અનેક ઘાટો યંત્રના પ્રબળ દાબથી જ તૈયાર થઈ હજારો-લાખોની સંખ્યામાં અમે ત્યાં તૈયાર થતાં જોયાં. એક યંત્ર આકાર કાપતું, બીજું તેને જરૂરી ઘોબો આપતું, ત્રીજું કાંઠા મરડતું અને છેવટ એક મશિન ગોળાઈ સંભાળી પૉલિશ આપતું. ત્યાં અમારા સ્વાગત માટે ચા-નાસ્તો ખરાં જ, પણ વિશેષમાં રામજીભાઈએ દરેક જણને ગમતી ચીજો પસંદ કરી લેવા કહ્યું. મેં જણાવ્યું કે 'આ પ્રવાસમાં આ સામાન મોટી લપ રૂપ નહિ બને?' રામજીભાઈ કહે: 'એની તમે ફિકર કરો મા. તમારે ઘેર પહોંચી જશે.' બીજાઓની જેમ મેં ઍલ્યુમિનિયમનાં મોટાં બે તપેલાં અને તેમાં સમાય એવી નાની-મોટી તપેલી અને છીબાં, તથા ટિફિનબૉક્સ નોંધાવ્યાં. કારકુને દરેકનાં સરનામાં લખી લીધાં અને વિદાય થવાની વેળાએ રામજીભાઈએ કહી દીધું: 'પારસલો તમારે ઘેર પહોંચશે પણ બિલ નહિ આવે. જીવનલાલ કંપનીની આ ભેટ સ્વીકારજો.' મોતીભાઈ કહે: 'રામજીભાઈ, આ તો મારી ભાવના વિરુદ્ધ છે. હું કદી ભેટો લેતો નથી. આ વસ્તુઓ વિદ્યાર્થીભવનને આપી દઈશ.' રામજીભાઈએ એમને 'તમને ફાવે તેમ કરજો' કહી અમને મોટરોમાં ચડાવી દીધા.

તે રાત્રે કલકત્તાને પ્રણામ કરી મોડી રાત્રે બર્દવાન જતી લોકલમાં અમારી મંડળી ગોઠવાઈ ગઈ. સવારે બર્દવાનથી ઊતરી બીજી ગાડીમાં બોલપુર પહોંચ્યા ત્યારે સવારના આઠ વાગ્યા હતા.

૪૯૫ બોલપુર–શાન્તિનિકેતન

બોલપુર ઊતર્યા ત્યાં નરસિંહભાઈ પટેલ લેવા આવ્યા હતા. નરસિંહભાઈ આ સદીના પહેલા દસકામાં ગુજરાતના પ્રથમ ક્રાન્તિકારી ગુપ્ત મંડળના સભ્ય હતા. બૉમ્બ બનાવવાની રીતની ચોપડી પર 'દેશી વનસ્પતીની દવાઓ' એવું મથાળું લખી કોઈ ભળતા નામે એમણે છપાવી હતી અને પોલીસ તેના કર્તાને શોધતી હતી. આથી લાગ જોઈને નરસિંહભાઈ કુટુંબ સાથે આફ્રિકા ભાગી છૂટ્યા હતા. ગાંધીયુગમાં તે ભારત આવ્યા ત્યારે અંગ્રેજી શાસનથી પ્રજા અને સંસ્થાઓ ભયભીત હતી તેથી ક્યાં રહેવું તેની મુશ્કેલી હતી, પણ ગાંધીજીની ભલામણથી કવિવર રવીન્દ્રનાથે પોતાના આશ્રમમાં તેમને શિક્ષક તરીકે રોકી લીધા હતા.

નરસિંહભાઈએ અમને પાલાની છાયાવાળા ગાડામાં ગોઠવી સાત માઈલ દૂર ગ્રામપ્રદેશમાં આવેલા શાંતિનિકેતન તરફ હંકાર્યા. ગાડીમાંથી બંગાળની ગ્રામજનતાનાં ઘરો અને દૈનિક આચાર નીરખતા અમે શાંતિનિકેતન પહોંચ્યા ત્યારે એ પણ જાણે એક વ્યવસ્થિત ગામડું જ લાગ્યું. ઘાસના છાપરાવાળા એક મકાનમાં અમારો મુકામ પડ્યો. થોડી વારે આચાર્ય ક્ષિતિમોહન સેન ખબર લઈ ગયા. તેઓ મને થોડા પરિચિત હતા એટલે મારા પ્રણામ ઝીલતા હાથ પકડીને બોલ્યા: 'તમે આ લોકો સાથે નિરર્થક સમય ન આપતા. તમને હું કલાભવનમાં સુરેન્દ્ર કાર અને અસીત હલદર પાસે હમણાં લઈ જાઉં છું.' એમ કહી મને તૈયાર થવા કહ્યું. મોતીભાઈને કહ્યું કે 'ગુરુદેવ (રવીન્દ્રનાથ) હમણાં અસ્વસ્થ રહે છે, પણ તમે, રામજીભાઈ ને નરસિંહભાઈ મારી સાથે આવી જાઓ. પછી આપણે શિક્ષક સંઘમાં જઈશું, ત્યાં તેઓને ગુજરાતની પુસ્તકાલય-પ્રવૃત્તિની વાત કરજો. શ્રી ઍન્ડ્રુઝને પણ મળજો. બીજા ભાઈઓને શાંતિનિકેતનનો વિસ્તાર જોવા એક સાથીદાર સાથે રવાના કર્યા.

૪૯૬ કલાભવન

હું પરવારી ગયો કે તરત ક્ષિતિબાબુ મને થોડે દૂર આવેલા એક સાદા બે માળવાળા મકાનમાં લઈ ગયા. જેમ નજીક ગયા તેમ વાદ્યસંગીતના સૂરો અને ઉસ્તાદી ગાન-લહરી કાને પડી. ક્ષિતિબાબુએ કહ્યું: 'એ જ મકાનમાં નીચેના ખંડમાં દીનુબાબુનો સંગીતનો વર્ગ ચાલે છે અને ઉપરના ભાગે ચિત્રશાળા છે. હાલ તો અવનીબાબુની દીક્ષા પામેલા સુરેન્દ્ર કાર અને અસીત હલદર બે-ચાર વિદ્યાર્થીઓ લઈ ચિત્ર-સર્જનો કરે છે. નવા વિદ્યાર્થીઓ બહુ નથી, પણ થોડા સમયમાં નંદબાબુ આશ્રમવાસી બનશે ત્યારે વ્યવસ્થિત ચિત્રશાળા થશે.'

કળાભવનમાં જઈને બંગાળીમાં આવું કંઈ કહ્યું: 'અસિત ગુજરાતના એક યુવાન ચિત્રકાર મહેમાન છે, તેને તમારી સાધનાનો પરિચય આપજો. બે કલાક પછી હું તેને લઈ જઈશ.' બંગાળી કલાકારો સાથે વાર્તાલાપો થયા તે ઉપરથી તો મને લાગ્યું કે તેઓ ગુરુદેવ અને ક્ષિતિબાબુ જેવા વિદ્વાનોના પરિચયથી કલા વિષે ઘણી ઉચ્ચ ભાવના ધરાવતા હતા. તેમનાં ચિત્રોમાંની રેખાની શુદ્ધિ અને રંગની સ્વચ્છતા તથા મનોરમ વાતાવરણ સરજવાની રીત મુંબાઈમાં તો અવાસ્તવિક જ ગણાય, પણ મને આ કલા વિષે ઈ. બી. હૅવેલ અને સિસ્ટર નિવેદિતાનાં નિરૂપણો વાંચવા મળ્યાં હતાં તેથી હું હૃદયપૂર્વક તેનો આનંદ લઈ શક્યો. દરમિયાન નીચેથી આવતું કર્ણ-મધુર સંગીત અહીંના વાતાવરણમાં સમાધિ અર્પતું હતું. મકાનની ચારે તરફ ઊંચાં વૃક્ષોની છાયા હતી. દૂર ક્ષિતિજ સુધી ગામડાના રસ્તે સ્થાનિક લોકો જતા-આવતા દેખાતા. સર્વત્ર નિરાંત, શાંતિ અને ભૂમિનું મમત્વ સહજ પ્રકટતું હતું

૪૯૭ ગુજરાતી વિદ્યાર્થીઓ

હું પાછો મુકામે આવ્યો ત્યારે દરેક જણ પોતાની માહિતી અને અનુભવ કહી રહ્યા હતા. કેટલાક ગુજરાતી વિદ્યાર્થીઓને મળી આવ્યા હતા તેમની એક વાત સાંભળી. શાંતિનિકેતનમાં ગુરુદેવના કાર્યમાં કલકત્તાના વેપારીઓ અને શ્રીમંતોએ ઉદારતાથી ફાળો આપ્યો હતો અને તેમણે 'વિશ્વભારતી'નો વિચાર પ્રજા આગળ મૂકી તરુણ વિદ્યાર્થીઓ માટે છાત્રાલય અને શિક્ષણવર્ગો શરૂ કર્યા ત્યારે અનેક ગુજરાતી કુટુંબોમાંથી વિદ્યાર્થીઓ ત્યાં આવ્યા હતા. ગુરુદેવ તેમને માટે ખાળ કાળજી રાખતા, પણ ખોરાકની બાબતમાં ગુજરાતી વિદ્યાર્થીઓને બંગાળી રસોડું જરા પણ માફક આવે તેમ નહોતું એટલે એક જુદું ગુજરાતી રસોડું ત્યાં ચાલતું હતું ને એક અણઘડ મારવાડી રસોઇયો રાંધી આપતો હતો. ઘરમાં ખૂબ લાડપાડથી ઊછરેલા વિદ્યાર્થીઓને તેની રસોઈથી અસંતોષ રહેતો, તેમાં યે જ્યારે રોટલીઓ કાચી આપે છે એવી ફરિયાદ ગુરુદેવ પાસે ગઈ ત્યારે તેમણે શ્રી ઍન્ડ્રુઝને તપાસ કરવા કહ્યું. ઍન્ડ્રુઝ બિચારા હિંદુ આભડછેટથી અજ્ઞાત એટલે એકાએક રસોડામાં દાખલ થઈ એક વિદ્યાર્થીની થાળીમાંથી રોટલી હાથમાં લઈ તપાસવા લાગ્યા. તરત વિદ્યાર્થીઓમાં હાહાકાર મચી ગયો અને બધાં ભાણાં છોડી ઊભા થઈ ગયા. ઍન્ડ્રુઝને કશું સમજાય નહિ કે આમ કેમ થયું? અંતે નરસિંહભાઈની સમજાવટથી વાતનો ઘટસ્ફોટ થઈને યોગ્ય વ્યવસ્થા થઈ. આ વાત આજના યુગમાં દરેક ભારતીયને ખટકે એવી છે. એમને થયું કે આપણે રૂઢિ અને જ્ઞાતિનાં બંધનોથી રુંધાઈને કેટલા ઉત્તમ લાભોથી વંચિત રહ્યા હતા. શાંતિનિકેતનની વિશ્વવ્યાપી સંસ્કૃતિની ભાવના જીવનમાં ઉતારવાને હજુ પણ ગુજરાતને સમય જોઈશે? તે જ રાત્રે અમે પાછા બોલપુરથી રામજીભાઈએ નક્કી કરેલી ટ્રેઇનમાં બનારસ (કાશી) પહોંચવા વિદાય થયા.

૪૯૮ બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય

બર્દવાનથી મોટી ગાડીમાં બેઠા, પણ એ સીધી ઉત્તરમાં જવાની હોઈ અમારે રાત્રે મુઘલસરાઈ જંકશને ઊતરી પડી બે કલાકે મળતા 'તુફાન મેઈલ'માં ચડવાનું હતું. તુફાન મેઈલ એટલે અંદર તોફાન કરનારાં તત્ત્વો હોય છે એમ નહિ, પણ તોફાની વાવાઝોડા જેવી એની ઝડપ, અને ગણતરીનાં જ સ્ટેશને ઊભો રહી ઘણા વહેલા છેવટના સ્ટેશને પહોંચાડે, એ કારણે એ નામ પડ્યું હતું. સ્વાભાવિકરીતે જ એનો અટકી ઊભવાનો સમય બહુ જ ટૂંકો, એટલે જગ્યા શોધવા ફાંફાં મારતાં જે બારણું ઊઘડે તેમાં ધૂસવાનું હતું. અમે બધા થર્ડ ક્લાસના પ્રવાસીઓ હતા, એટલે બે કલાક થર્ડ ક્લાસના વિશાળ છાપરા નીચે એક થાંભલા પાસે બિસ્તરા નાખી ઝુકાવ્યું. કેટલાકને ઊંઘ આવી. મને સખત શરદી થઈ હતી એટલે જંપ નહોતો, પણ રામજીભાઈએ વાતોમાં સાથ આપ્યો એટલે મારી ભાવનાઓનો ધોધ મેં એમની આગળ ઠાલવવા માંડ્યો. એમનામાં વાત સાંભળવાની ધીરજ અને સહાનુભૂતિ અજબ હતી. છેવટે ઉત્સાહપૂર્ણ શબ્દે એમણે કહ્યું: 'હવે દરેક જણે કંઈક કરી છૂટવું જોઈશે. જુઓ, ગાંધીજીએ અસહકારનો કેવો જુવાળ ઊભો કર્યો છે! આ હોમ કરનારા ઘણા નીકળશે તો બધાં સારાં વાનાં થશે. બંગાળની મુલાકાતથી તમને તો ઘણું નવું જાણવા-વિચારવાનું મળ્યું હશે.' મેં કહ્યું: 'હું તો નવો અવતાર પામ્યો હોઉં એમ લાગે છે. બંગાળ જેવું આપણે ત્યાં થતાં તો વાર લાગશે, પણ નવાં ક્ષેત્રો ઊભાં કરવાની સૂઝ અહીંથી મળી ગઈ છે.'

લાઇન-ક્લીઅરની ઘંટી વાગી. અમે સાથીઓને જગાડ્યા. અમારા કુલીઓને સાબદા કર્યા. રામજીભાઈએ સારી જગ્યા મળે તો બક્ષિશનો ઇશારો એમને આપી દીધો. પ્લૅટફૉર્મ પર તેમણે અમને ચોક્કસ જગ્યાએ ઊભા રાખ્યા, અને ગાડી ધસમસાટ આવીને અટકી કે તરત સામે આવેલું બારણું ખોલી રામજીભાઈ ચડી ગયા. પહેલાં એક જુવાનને ખેંચી, પછી એક પછી એક બિસ્તર-પેટીઓ ખેંચી લીધાં અને અમે પણ વચ્ચેથી ઘૂસી ગયા. કુલીઓના હાથમાં રામજીભાઈએ જે કંઈ મૂક્યું તેથી તેઓ સલામ કરી વિદાય થયા. પછી ડબ્બામાં જોયું તો બંને બાજુની બેઠકો પર સરસ ગાદીઓ નાખી નવાબો સૂતા હતા. તેમના નોકર નીચે બેઠા બેઠા પગ દાબતા હતા કે હુક્કા સાચવતા હતા. અમે બે ઘડી ઊભા રહ્યા, પણ મુંબાઈ તરફના અંગ્રેજી બોલતા માણસોને જોઈ તેઓએ ગાદીઓ થોડી ખસેડી બેસવાનું કરી આપ્યું.

સવારમાં બનારસ ઊતર્યા ત્યાં રામજીભાઈના કોઈ સ્નેહી ત્યાં હતા તેમણે એક ધર્મશાળામાં મુકામ ગોઠવી રાખેલો. પહેલા ખબર તેમણે એ આપ્યા કે ગાંધીજીનો અસહકારનો સંદેશો વ્યાપક થઈ ગયો છે. કલકત્તાના વિદ્યાર્થીઓએ કૉલેજો છોડવા માંડી છે એવું બનારસમાં ન થાય તે માટે આજે નવ વાગ્યે યુનિવર્સિટીમાં માલવીયજીનું વ્યાખ્યાન છે. મોતીભાઈ કહે: બીજું જોવા-મળવાનું પડતું મૂકો. આપણે પ્રથમ ત્યાં પહોંચી જઈએ. માલવીયજીની મૂંઝવણ એ મારી પણ મૂંઝવણ છે. અમારા વેપારી મિત્રોને એમાં રસ નહતો, એટલે હું, રામજીભાઈ ને મોતીભાઈ યુનિવર્સિટીના વિશાળ વ્યાખ્યાનગૃહમાં પહોંચી ગયા.

સેંકડો વિદ્યાર્થીઓથી હૉલ ચિક્કાર હતો. એકાદ અધ્યાપકે અમને જગ્યા કરાવી આપી. એ વખતે માલવીયજી ઉત્તર પ્રદેશમાં દેવતાની સમ માન ધરાવતા. ગળામાં વીંટેલો સાદો ખેસ, કેડિયું અને સુરવાલમાં એક ભારતીય નરશિરોમણી રૂપે અમને તેમનું દર્શન થયું. એમની વ્યાખ્યાન-છટા ગંગાના પ્રવાહ જેવી અખૂટ અને વિશાળ વિચાર પટવાળી હતી. જે અનેક રીતે ભારતની દશા સુધારવા પોતે હિંદુ યુનિવર્સિટી સ્થાપી અને જે ભારતીય પ્રણાલી તથા આદર્શો માટે આગ્રહપૂર્વક પ્રચાર કર્યો, તેમજ યુરોપ સુધી જવું ન પડે એવી વિદ્યાશાખાઓ તૈયાર કરી એ બધું વિસ્તારથી સમજાવ્યું અને છેવટે કહ્યું કે આ વ્યવસ્થા છિન્નભિન્ન થાય નહિ તેની કાળજી દરેક વિદ્યાર્થી રાખશે એવી હું આશા રાખું છું.

વ્યાખ્યાન બરાબર ત્રણ કલાક અવરિત ચાલ્યું. અમે હાશ કરી બહાર નીકળ્યા ત્યારે વિદ્યાર્થીઓ બોલતા હતા: 'ભલે તે ત્રણ કલાક બોલ્યા પણ પેલો ડોસો અરધા કલાકમાં તેનું વ્યાખ્યાન નિરર્થક કરી નાખશે.'

મોતીભાઈને આ સભા પછી પણ વધુ ચિંતા થવા લાગી, તેમને ચરોતર કેળવણી મંડળના અનેક યુવકોએ કાગળો લખીને આવે સમયે દેશના આંદોલનમાં એકાકાર થવાની ઉત્કંઠા બતાવી હતી અને તેથી મોતીભાઈનું મન ઊંચું થઈ ગયું હતું. તોપણ રામજીભાઈએ ધર્મશાળામાં અમને જમાડી ગંગામાં એક હોડીમાં કલાકેક ફેરવીને પુલ આગળથી છેવટના ઘાટ સુધીનું દૃશ્ય બતાવ્યું. કાશી-વિશ્વેશ્વરના મંદિર પાસેની ગલી અને સંકડાશ જોઈને મોતીભાઈ કહે કે એવાં દર્શનનો મને મોહ નથી. એમના વિચારો આર્યસમાજને અનુસરતા હતા. મણિભાઈ આર્યસુધારક પ્રેસવાળા તો એમાં સંમતિ જ આપનારા ને હું હતો નિરપેક્ષ; સૌને હવે ગુજરાત જતી ટ્રેઇન પકડવાની જ લગની લાગી હતી.

સંધ્યાકાળે ટ્રેઇન ઊપડી તે બીજે દિવસે રતલામ આગળ સવારમાં બારીમાં તેજ દેખાયું. ત્યાં પહેલી જ વાર એક ગુજરાતી સાડીવાળી સ્ત્રી સામા પ્લૅટફૉર્મ પર દેખાઈ ત્યારે સમજાયું કે ઉત્તર ભારત અને બંગાળ સુધી અમે સ્ત્રી-પાત્રનાં દર્શન તો શું વિચાર સુધ્ધાં કરી શક્યા નહોતા.

ગોધરા આવતાં ત્યાંથી આણંદ જતી ટ્રેઇનમાં ગાડી બદલી. મોતીભાઈની મંડળી સૌ આણંદ ઊતરી અને હું તથા રામજીભાઈ સૌરાષ્ટ્ર તરફ જતી ટ્રેઇનમાં ગોઠવાયા. પછી મેં પ્રવાસખર્ચનો મારો હિસાબ પૂછ્યો ત્યારે એમણે એટલું જ કહ્યું કે 'તમે કંઈક ચિત્ર કરી આપજો. અમારે શ્રી પઢિયાર અને શ્રી ટાગોરની મોટી છબીઓની જરૂર છે.' આમ કહીને મને ધરપત આપી અને મારો ક્ષોભ ટાળી નાખ્યો. અમદાવાદ આવ્યું ત્યારે છૂટા પડતાં મારું હૃદય પ્રેમ અને આભારની આર્દ્રતાથી ગલિત હતું. તે પછીથી એ સાદી, નિર્માની વ્યક્તિની મધુર મૈત્રીનો આસ્વાદ મને જિંદગીભર સતત મળ્યાં જ કર્યો. (ચાલુ)

૨૬૩ ('કુમાર' અંક ૫૫૯)





આલાસ્કામાં વિમાન એ સૌથી વધુ અનુકૂળ વાહન છે. ઉપર ચિત્રમાં બતાવેલા છે એ ત્યાંના મૅટેનુસ્કા ખીણના પ્રદેશમાં રેલવે કે મોટરમાર્ગ લગભગ નથી જ. ત્યાંના ખેડૂતો પોતાનાં ઘરનાં વિમાનો રાખે છે ને જાતે જ એ ચલાવી રાજ્યમાં તેમજ રાજ્ય બહાર દૂરદૂરની સફરો કરે છે. બાજુના નકશામાં આલાસ્કાનાં મુખ્ય વિમાનમથકો ત્રિકોણ વડે બતાવ્યાં છે.

આલાસ્કા

ચન્દ્રવદન મહેતાની
અંતરગડરી-૩૧

નાનપણમાં ભૂગોળમાં ભણેલા; બેહરિંગની સામુદ્રધુની એટલે એશિયા અને અમેરિકાને છૂટા પાડનાર બે સમુદ્રો વચ્ચેનો સાંકડો જલમાર્ગ. આ બેહરિંગ કોણ? એનું મૂળ નામ તો છે બેરિંગ. અને એ સાહેબ ત્યાં પહોંચ્યા તે પહેલાં અકબર-ઇલિઝાબેથના રાજ્યકાળ દરમ્યાન રશિયામાં એવી માન્યતા પ્રચલિત કે મૉસ્કોથી ગાડુ જોડી કે પગે ચાલતો કોઈ નીકળે અને પૂર્વ દિશા તરફ હીંડયા કરે, હીંડયા જ કરે તો અમેરિકા પહોંચે! અલબત્ત, ઉત્તર ધ્રુવ સંશોધનારા વીરોની કથા તો આપણે હવે જાણીએ છીએ, પરંતુ આ બેરિંગની સામુદ્રધુની શોધવામાં પણ એક વિચિત્ર પ્રકારની રોમાંચક ઘટના સંકળાએલી છે.

સાઇબીરિયા એટલે રશિયાનો કાળાં પાણીની સજાનો મુલક. ઝાર બાદશાહોએ આ સાઈબીરિયામાં કૈંક કેદીઓની હસ્તી નાબૂદ કરી નાખી હશે. અહીં એક રશિયન કેદી, સાઈમન ડેઝનેવ, અસલ કોસાક કે કોઝાક, ગુલામીની પ્રથાનો ભોગ ન બને માટે નાઠેલો. નાઠો નાઠો તે પૂર્વાભિમુખે, અને પૈસા હશે તે છ હોડકાં એકઠાં કરી ૧૬૪૪ની સાલમાં ઇન્ડિયાગુહા નદી અને કોલિમા નદીનાં મોં પસાર કરી ઠેઠ આ બેરિંગ સ્ટ્રેટ સુધી પહોંચ્યો ઉપર ને ઉપર, સાઈબીરિયાની ઉત્તરે આવેલો દરિયો ખૂંદતો. ત્યાં જમીન ઉપર ચુકચી નામની લડાયક ટોળી રહે, એના પંજામાંથી પણ એ છટકયો! આમ એણે તો શોધી કાઢયું કે રશિયા ને અમેરિકા એ બે પ્રદેશ તો છૂટા છે. હવે એ અરસામાં રશિયામાં પીટર ધ ગ્રેઈટનું રાજ્ય ચાલે. બાહોશ, સાહસિક ને દૂરંદેશ નજરવાળો એ બાદશાહ. એના દરબારમાં કંઈ ને કંઈ ગપ્પાંગુલબાંગ આવ્યા કરે. એમાં કોઈ સ્વીડનના ભાગેલા ગઠિયાએ આ સંબંધી ઇશારો કર્યો, અને પીટર ધ ગ્રેટ જેણે સેંટ પીટર્સબર્ગમાં સંસ્કૃત શબ્દકોષ રચવા યોજના ઘડેલી એણે બેરિંગનો છેડો આંકવા એક કાફલો મોકલવા નિરધાર્યું.

જી ના, ઈ. ૧૭૨૫ પહેલાં બેરિંગસાહેબનું નામ આ સામુદ્રધુની સાથે સંકળાએલું નહિ. ૧૭૨૫માં પીટરે જે કાફલો મોકલ્યો એના નેતાજી વાઈટ્સ બેરિંગ મૂળ ડેનમાર્કના, પણ રશિયાના નૌકાદળમાં નોકરી કરે. પાંચપાંચ વરસલગી એ બહાદુર એ પ્રદેશમાં જમીન ઉપર ભટકયો, બસો ઉપરાંત એના ઘોડા મર્યા, ખાવાપીવાની સામગ્રી લૂટાઈ, અફસરોની કનડગત વેઠી, પણ અંતે પૅસિફિક અને આર્કટિક સાગરોની હાથ-મિલાવટ જોઈ નોંધી એ પાછો ફર્યો. દરબારમાં અદેખા, ભાટ, કાનભંભેરુઓનો ભોગ બન્યો, માંડ બચ્યો, ફરી એક વાર કાફલો મોકલાયો. પીટર બાદશાહ તો ૧૭૨૫માં જ અવસાન પામેલા એટલે વળી નવી ગિલ્લી નવો દાવ. આ વખત એ કામસ્ચાટકા સુધી ગયો. ત્યાંથી જાપાનના ટાપુઓ નોંધ્યા, ઈ. ૧૭૪૦માં અલાસ્કા પહોંચ્યો, આસપાસ ફર્યો, સામુદ્રધુનીની પાકી સરહદો નોંધી, કંઈક ટાપુઓ શોધ્યા, નજીકના ટાપુમાં વહાણો ખોટકાયાં, અને આર્કટિક સાગરનો આ મહાન સંશોધક બેરિંગ સ્ટ્રેટ પાસેના બેરિંગ ટાપુ ઉપર અવસાન પામ્યો, ત્યાં દટાયો, અને એ બે સ્થળોને એના નામ સાથે સંકળાતાં એ પંકાયો.

ત્યારે આ આલાસ્કા રશિયાના કબજામાં! રાણી કેથેરીનને વળી વેપાર ખેડવાનો શૉખ થયો. અને અઢારમી સદીમાં રશિયન-અમેરિકન કંપની કાઢવામાં આવી, અને એની દેખરેખ હેઠળ વહીવટી અમલ શરૂ થયો. આપણે ત્યાં હિંદમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું અને એ થકી 'કુંપની સરકાર'નું રાજ્ય હતું જ ને વળી; એમ.

ઠીક છે. ફિનલૅન્ડમાં ૧૯૬૦માં ટ્રેઇનમાં ઉત્તર કાંઠે જઈ ઉત્તર ધ્રુવના દરિયા અને મધરાત્રિના સૂરજનાં દર્શન કર્યાં હતાં, હવે ૧૯૬૬–'૬૭ની નાતાલમાં આ બાજુથી આર્કિટિક રેખા ઓળંગવાનો લ્હાવો મળ્યો. કોઇક ભાઇને તારીખવાર અમારો પ્રવાસ-હિસાબ જોઇતો હતો તો તે આ




△ ધ્રુવ પ્રદેશના પડોશી આલાસ્કાનું એક લાક્ષણિક દૃશ્ય, જેના હિમાચ્છાદિત પર્વતોમાં મોંઘાં ખનિજો અને સાગર-સરિતા-સરોવરમાં જગતની પેદાશની હોડમાં ઊભી રહે એટલી માછલીઓ છે. જમણી બાજુના ચિત્રમાં ધ્રુવસાગરના પાણીમાં શિકાર માટે જતું એક એસ્કિમો કુટુંબ. એમની આ શિકાર-સફર દિવસો ને અઠવાડિયાંઓ સુધી પણ લંબાય. એમનાં ગરમ કપડાં અને વૉલરસના ચામડાથી મઢેલી હોડી—'યુમિયાક' હાથે જ બનાવેલ છે જ્યારે કેટલાંક કપડાં, શિકારનાં સાધનો, ગૅસોલિન અને જરૂર પડે હોડી હાંકવા માટેની મોટર બજારમાંથી ખરીદેલી છે. △

પ્રમાણે. આ સાલ ૧૯૬૬. ૧૯૬૨માં ભરઉનાળામાં અમે ઝીરો રેખા એટલે કે ઈક્વેટરની દોરી ઉપર જ નૈરોબીથી કંપાલા જતાં ઈક્વેટર નામના રેલ્વે સ્ટેશન ઉપર ઓવરકોટ પહેરીને ઈક્વેટરના નામના પાટિયા નીચે છબી પડાવવા બેઠા હતા. '૬૦માં ઝીરોથી ઉપર ૭૦°ની રેખા ઓળંગી ગયા હતા. અને આ '૬૬માં ફરી વાર ઉત્તરમાં જમીનની પાળ ઉપર ઊભા છીએ.

સાથે બીજા પ્રવાસીઓ હતા, વિવિધ દેશના હતા, પણ મેં કોઈ સાથે લાંબી વાતચીત ન કરી. ક્યાંક ગાઈડ લવારા કરે તો તે પણ ન સાંભળું. મોટા ભાગના અમેરિકનો, થોડા મેક્સિકન, બે ત્રણ કૅનૅડિયન; નાનામોટાનો ઠીક શંભુમેળો હતો. હિન્દી હું એકલો. ને એકલો જ ક્યાંક ઉસરાઈ જઈ વિચારે ચડું. આ હાથવેંતમાં રશિયા, ત્યાંથી સીધા જરાક ત્રાંસા નીચે ઊતરીએ તો ફરફર આપણું ઇન્ડિયા. નાકની દાંડીએ સીધા ચાલ્યા જઇએ તો મૉસ્કો કે હેલસિન્કી! પરંતુ એ તો બહુ લાંબું પડે. એટલે ઉત્તર તરફ મોં કરી ઊભા રહીએ તો પશ્ચિમ રેખાંશ. ૧૭૦° ચાલીએ, બરાબર ઉત્તર ધ્રુવનું શૂન્ય માણી આગળ. એ જ રેખાને અનુસરીએ તો ૧૦° નૉર્વે-સ્વીડન તરફ પહોંચાય, યા ગ્રીનલૅન્ડ જવું હોય તોપણ જવાય. જરા આડા ફંટાવું પડે. છતાં વિદ્વાનો(!) કહેવા મથે છે કે પૃથ્વી ગોળ નથી, ચોરસ જ છે.

ઠીક છે, આપણે તો આ ગરમ કપડાં પહેરી ઓઢી, બે ટંકનું વખતસર ખાઈ, ગરમાવેલા પ્લેનમાં અને ગરમાવેલી ગાડીઓમાં રશિયા તરફ નજર નાખતા ઊભા છીએ; પણ જે કોઈ અહીં સૌથી પહેલાં હિમ પખાળવા, ભૂગોળ સરજવા, જમીન-સાગર-હિમાદ્રિ આંકવા બાંધવા કે માપવા આવ્યા હશે એ સાહસવીરોને શી શી અડચણો નડી હશે? કઈક પોતાનાં વહાણોમાં, કઈક અહીંના બરફના ગઢગઢ્ઢામાં ગુમાઈ ગયા હશે—હજી પડ્યા હશે—એ બધાને ધન્ય છે. કહે છે કે ઍરિસ્ટોટલના જમાનામાં ગ્રીસથી પિથિયાસ વહાણ લઇને ઉત્તર તરફ દરિયો છે કે ગિરિમાળા છે એ તાગવા નીકળ્યો હતો. પિથિયાસ ઈ. પૂર્વે ૩૨૦માં ઊપડેલો. ત્યારે સાધનો શાં? અને એણે આઈસલૅન્ડ જોયો હતો! ત્યારે પણ અદેખાઓ તો હતા જ. ભૂગોળના જાણકાર સ્ટ્રેબોએ તો એની વાતોને હસી જ કાઢેલી. એ કહે—કારણ એણે એ પ્રમાણે નકશા બનાવેલા—કે આયર્લૅન્ડની ઉત્તરે કોઈ દેશ-પ્રદેશ છે જ નહિ. કારણ ત્યાં માનવ વસી શકે જ નહિ. પિથિયાસથી માંડી સોળ સત્તર સદી સુધીમાં તો કંઈક બહાદુરોએ ઉત્તર અને દક્ષિણ ખૂંદ્યા-ખંખોળ્યા. પિથિયાસે ઉત્તરમાં થુલ નામની ટોળી કે એવા લોકો રહેતા એમ જે જાહેર કરેલું તે પછીથી તો સાબિત પણ થયું. પછી તો નૉર્વે, સ્વીડન, ડેનમાર્ક, ઇંગ્લંડ, જર્મની એમ કંઈક દેશના નૌકાનિષ્ણાતોએ ઉત્તર પ્રદેશ સર કરવામાં ફાળો નોંધાવ્યો. તિલક મહારાજના કહેવા પ્રમાણે આપણે તો ઉત્તર ધ્રુવથી આવેલા આર્યો, એટલે આપણે ત્યાં જઈ હવે કિયા નવા રાયજગન કરવાના હતા જે? આથી આપણે તો એ દિશા તરફનો વિચાર સરખો પણ ન કર્યો. લગ્ન પ્રસંગે ધ્રુવનો તારો જોઈ,–જોયો ન જોયો–સંતોષ માનનારા આપણે, જાવા-સુમાત્રા-આફ્રિકા ખેડ્યા. પણ હડસન કે બટન, કુક, ફ્રૅંકલિન, પીઅરી, નાનસેન, શૅકલટન, સ્કૉટ, અમુન્ડસન જેવાની હરોળમાં બેસાડી શકીએ એવું તો એક પણ નામ આપણી પાસે નથી.

પણ આપણે એનો ઇતિહાસ વાંચવા નહિ બેસીએ. આ તો શું? અહીં કાંઠેકિનારે ઊભા સમજણ શી રીતે પડે કે આ જમીન છે, કે રસાતાળ પાણી છે, કે અનંત હિમપથાર છે? માનવીએ એ બધાંનો તાગ કાઢ્યો છે, એટલે માનવીને માન આપવાનું મન થાય એટલું જ. બાકી ફરફર નજર કરો તો હિમ હિમ અને હિમ! ચળે એવું હિમ અને નહિ ચળે એવું પણ હિમ, ફરફર તો પહાડો પડ્યા છે, પરંતુ અહીંથી ઉત્તર ધ્રુવનું ટીચકું પગે ખોતરી પાર કરનારાઓએ આ પથરાળ જણાતા બરફને ખોદ્યો છે, કોતર્યો છે, ખંખેર્યો છે. અલમસ્ત ગિરિરાજ જેવા દેખાતા પહાડોને ભાંગી એમાંથી પોતાનાં હોડકાં દોરવ્યાં છે, પાવડા-કુહાડા જેવાં જે કંઈ સાધનો હાથ આવ્યાં એ થકી રસ્તા બનાવ્યા છે. અને જે સાચો પહાડ તો એ પહાડ પણ ચડીઊતરી, કિયો દરિયો અને ક્યાં જમીન એનો તાગ કાઢ્યો છે. ઊભા રહો, તો ઊભા જ રહો. જોયા કરો, કિનારાની ધરતી પોતાના ખંધા ઉપર તમારા પગ આપોઆપ જડી લેશે: ન ચસી શકો, ન ખસી શકો. ના, બરફ એટલો પોચો નથી. એક તસુભર પણ તમે ઊંડા ન ઊતરો. એ માટે બેફિકર રહો, પરંતુ આસપાસની નિસ્તબ્ધ શાંતિમાં ફરફરના અગાધ વિશાળ પટાન્તરની અનંતતામાં તો તમે જરૂર ખોવાઈ જાઓ, ઓગળી જાઓ. શો માયાનો ખેલ છે! જગતને મિથ્યા કહે છે. આ સૌ માયાનું સ્વરૂપ છે એમ મનાય છે. ચાંદા-સૂરજની આ અનંત પગથાર ઉપરની રમમાણ રમતને જોતાં ધરાઇએ નહિ એવી સરજનહારની લીલા તે લીલા જ? બસ ઝાંઝવાતાં જળ જેવી ઠગારી માયા જ માનવી! અને એમ જ હોય તો નરસિંહે નિરખ્યાં, અખાએ અનુભવ્યાં, મળી ગઈ ચાવી ને ઊઘડી ગયાં તાળાં, ને ભાળ્યાં અજબનાં અજવાળાં, એ દર્શનો તો વળી કેવાંક હશે! શું (અનુસંધાન પૃ. ૨૮૫)

કલાવાર્તા

કલાકાર
શંકર
પળશીકર



શ્રી પળશીકરના નવા પ્રયોગ–તાંત્રિક કળા

મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટના પેઇન્ટિંગ વિભાગના અધિષ્ઠાતા (ડીન) શ્રી પળશીકરના સ્ટૂડિયોમાં દાખલ થતાં જ મોટા મોટા કૅનવાસ ઉપર 'ૐ', 'હ્રિં', 'ક્લિં' વગેરે વિવિધ અક્ષરોની રચના, ત્રિશૂળ કે રક્ષાકુંડ યા કોઈ જગ્યાએ પૃથ્વીનો ગોળાર્ધ કે આકાશનો ભાસ આપતું શૂન્યાવકાશ વગેરેની અનોખી સંયોજનાઓ જોવા મળી. આ બધાંનો અર્થ જાણવાની ઉત્સુકતા દર્શાવતાં એમણે હસતાં હસતાં જવાબ આપ્યો: 'ચિત્રકલા કંઈ સમજવા માટે નથી, અનુભવવા માટે છે. આ ચિત્રો જોઈ તમને શી લાગણી થાય છે તે કહો.' મેં કહ્યું: 'કંઈક જાદુમંતર જેવું દેખાય છે.' એમણે કહ્યું: 'બરોબર છે, તમને આ ચિત્રો સમજાયાં અને મારો હેતુ બર આવ્યો.'

પરંતુ તેમના ઉત્તરથી મને સંતોષ થયો નહિ, તેથી વધુ સમજવા માટે મેં ફરી પૂછ્યું: 'પણ આ જાદુમંતર જેવું શા માટે?' શ્રી પળશીકર ત્રાંબાના પતરા પર કોતરેલું એક યંત્ર લઈ આવ્યા અને મને બતાવી પૂછ્યું: 'આ શું છે. ખબર છે?' મેં કહ્યું, 'આ તો 'શ્રી યંત્ર' છે. દેવીની આરાધના કરવાનું.' અને શ્રી પળશીકરે બોલવાની શરૂઆત કરી: હાલમાં આ જ વિષય ઉપર મારા પ્રયોગો ચાલે છે. આપણા પ્રાચીન ઋષિમુનિઓએ આવાં અનેક પ્રકારનાં યંત્રો ધ્યાન ધરવા માટે બનાવ્યાં છે તેમાંના બીજાક્ષરો પ્રભાવી માનવામાં આવે છે. ૐ અક્ષર સાક્ષાત્ બ્રહ્મ માનવામાં આવે છે. ૐનો ઉચ્ચાર અમુક વિશિષ્ટ રીતે કરવાથી કેવળ વ્યાધિ મટતો નથી, પરંતુ પરમાત્માનો સાક્ષાત્કાર પણ થાય છે એવું મનાય છે.

ૐનો આકાર આંખો સમક્ષ રાખી સાધક તેનું ધ્યાન ધરે છે. આ યંત્રો અને આ બીજાક્ષરોના ઉચ્ચાર તથા આકારમાં કાંઈક શક્તિ છે. તે શક્તિની શોધ હું ચિત્રકાર હોવાથી હાલમાં મારી રીતે આલેખન દ્વારા કરી રહ્યો છું.

શ્રીમદ્ શંકરાચાર્યના 'સૌન્દર્યલહરી' નામના ગ્રંથમાં બીજાક્ષરોના સામર્થ્યનું વર્ણન કરેલું છે. 'શ્રી' એ લક્ષ્મીનું પ્રતીક છે, 'હ્રીં' એ સમૃદ્ધિદર્શક અને 'ક્લિં' એ જનનશક્તિ દર્શાવનારા અક્ષરો છે. આ અક્ષરોના ઉચ્ચારમાં જે સામર્થ્ય છે તે તેના આકારની કલ્પનામાં છે. ઉદાહરણાર્થ 'ક્લિં' અક્ષરમાં 'ક' એ પુરુષ છે. 'લ' અક્ષર પ્રકૃતિ છે અને 'ઇ' અક્ષર નિર્મિતદર્શક છે. 'ક' અને 'લ'નું મિલન અને તેની સાથે 'ઇ'ની રચના પુરુષ-પ્રકૃતિના મિલનનું પ્રતીક લાગે છે, બધા જ બીજાક્ષરોના ઉચ્ચારમાં આવી જ કોઈ શક્તિ પ્રભાવીપણે ભરેલી છે. આજના વિજ્ઞાનયુગમાં અવાજનું રૂપાંતર આપણે પ્રકાશમાં કરી શકીએ છીએ. પ્રકાશનું પૃથક્કરણ રંગમાં થઈ શકે છે. પછી બીજાક્ષરોની શક્તિ રંગરેખા દ્વારા પ્રકટ કરતાં ચિત્રકારને કેમ નહિ આવડે? મારા પ્રયાસો કંઈક આ પ્રકારના છે.

એક ચિત્ર બતાવતાં તેમણે કહ્યું: આ ચિત્ર બનાવતાં મારા મનમાં એવો એક વિચાર આવ્યો કે આ આખા વિશ્વમાં પૃથ્વી એક જ એવો ગ્રહ છે કે જ્યાં વાતાવરણ છે. વાતાવરણ છે માટે શબ્દસૃષ્ટિ છે. અને આ શબ્દસૃષ્ટિ હોવાથી વિશ્વની બધી જ શક્તિ મૂર્તિરૂપ દેખાવાનું સામર્થ્ય પણ કેવળ પૃથ્વીમાં જ છે 'ક્લિં' અક્ષરોમાંથી પૃથ્વીની આ ઇશશક્તિનો અનુભવ લેવાનો પ્રયત્ન મેં આ ચિત્રમાં કર્યો છે. આ બીજાક્ષરોનાં સ્વરૂપ, રંગરેખા વગેરે જાણવા માટે હું જ્યારે જ્યારે પ્રયત્નો કરવા લાગ્યો ત્યારે ત્યારે કાંઈક નવી જ અનુભૂતિ, કોઈ નવો જ સાક્ષાત્કાર મને થવા લાગ્યો છે. હું ચિત્રકાર હોવાથી આ બધી અનુભૂતિ ઉપર ખુશ છું. પછી મારો આ પ્રયોગ યશસ્વી થાય કે ન પણ થાય.

હું તે ચિત્ર ફરીથી જોવા લાગ્યો. હવે મને પણ ચૈતન્યની કંઈક જાણકારી તેના આકારોમાંથી પ્રતીત થવા લાગી. તેના રંગોમાં અર્થ હતો, તે એક નવું જ સર્જન હતું. મેં પૂછ્યું: 'પણ આ બધા પ્રયોગ આધુનિક કલાના સ્વરૂપમાં જ કરવાનો તમારો આગ્રહ કેમ છે?'

તેમણે જવાબ આપ્યો: 'આધુનિક કલા ન કહો, 'આજની કલા' એમ જ કહો. આજની કલાનું સ્વરૂપ એ આજના જીવનનું જ સ્વરૂપ છે. કળાકાર જે કાળમાં જન્મે છે તે કાળના કલા-પ્રકારની ભાષામાં પોતાની સંવેદના વ્યક્ત કરતો હોય એમાં અસ્વાભાવિક એવું શું છે?' મેં કહ્યું: 'અસ્વાભાવિક કંઈ નહિ, પણ આધુનિક કલાનાં મૂળ યુરોપનાં છે. તો તે પ્રકારની આરાધના આપણે શા માટે કરવી?'

શ્રી પળશીકરે કહ્યું: 'નવ વિચાર કોઈ એક ખંડના છે એવું ન જ કહેવાય. યાંત્રિક યુગમાં 'અંતર' એ શબ્દ ફૂચકામી બનેલો છે. આધુનિક કલા એ વિજ્ઞાન યુગની ભેટ છે. પણ ભારતમાં નિર્માણ થયેલી આધુનિક કલા એ ખાસ ભારતીય ઢબની જ હોવાની. આ માટીમાં, આ હવામાં, આ પાણીમાં, પેદા થએલી, ઊગેલી કલાને અહીંનાં જ રૂપગંધવાળાં પુષ્પો લાગશે.'

'પણ આ તમે જે કહ્યું તે આજનાં ચિત્રપ્રદર્શનોમાં પ્રતીત થતું નથી. ઘણાંખરાં ચિત્રો યુરોપની કલાકૃતિઓની નકલ જેવાં જ હોય છે.' એમણે કહ્યું: 'એ નકલી માલ અલ્પજીવી જ રહેશે. ભારતીય વાતાવરણની પ્રેરણામાંથી ભારતીય ચિત્રકારે સર્જેલી આજની કલાનાં જ ચિત્રો ઇતિહાસમાં સ્થાન પામી શાશ્વત થશે.'

—જયંત સિદ્ધપુરા

બલવંત જોષી

છેલ્લા બેએક દાયકામાં રાજકોટની 'સૌરાષ્ટ્ર ચિત્રશાળા' એ તે વિસ્તારમાં નવાં ચિત્રકારો ઘડવામાં સારો ફાળો આપ્યો છે. એમાંના એક ભાઈ બલવંત જોષી આગળ પડતા હોઈ છેલ્લે 'ગાંધી દર્શન પ્રદર્શન' સુધી એમની કૃતિઓ પહોંચી શકી છે. 'તુલસીવિવાહ' નામનું એમનું એક ચિત્ર નેશનલ મ્યૂઝિયમમાં પણ સંઘરાયું છે.




ગોંડલના એક સંસ્કારી બ્રાહ્મણ કુટુંબમાં એમનો જન્મ. મૅટ્રિક થયા પછી સૌરાષ્ટ્ર ચિત્રશાળામાં પાંચેક વર્ષ કલાઅભ્યાસ કરી એમણે મુંબાઈની કલાશાળાનો ચિત્રકળાનો ડિપ્લોમા મેળવ્યો અને ગુજરાત રાજ્યની આર્ટ માસ્ટરની પરીક્ષા પ્રથમ નંબરે પાસ કરી.

ભારતીય ચિત્રપરંપરાને લક્ષમાં રાખીને રંગરેખા અને પોતાની સર્જનશક્તિ દ્વારા તેઓ પોતાની આગવી પ્રતિભાનો પરિચય આપીને પ્રસંગોપાત્ત વિવિધ કલાપ્રદર્શનોમાં ભાગ લેતા રહી નવી દિલ્હીની નેશનલ અકાદમી ઑવ આર્ટસ, ઑલ ઇંડિયા ફાઈન આર્ટસ ઍન્ડ ક્રાફ્ટસ સોસાએટી, ગુજરાત રાજ્ય કલા પ્રદર્શન, સૌરાષ્ટ્ર કલામંડળ વગેરેનાં પ્રદર્શનોમાં પુરસ્કાર અને પ્રશંસા પામ્યા છે.

—મગનલાલ ત્રિવેદી







'ગાંધી જન્મ-શતાબ્દી' નિમિત્તે દિલ્હીમાં યોજાએલા ભવ્ય પ્રદર્શનમાં ભાઈ બલવન્તને 'ગ્રામ પંચાયત' વિષે ચિત્રો કરવાનાં હતાં, જેમાં એમણે કુલ ચાર મોટાં ચિત્રો બનાવેલાં જેમાંનાં બે જમણી બાજુ ઉપર આપ્યાં છે. પહેલા ચિત્રમાં બૌદ્ધકાલીન, મગધકાલીન, અશોકના સમયની, મરાઠા કાળની અને છેવટ અંગ્રેજોના સમયની ગ્રામપંચાયતનું નિદર્શન છે. બીજા ચિત્રમાં આજની ગ્રામ પંચાયત અને તેનાં પાયાનાં કાર્યો—ગ્રામોદ્ધાર પ્રવૃત્તિઓનો સંકેત છે. મથાળાના ચિત્રમાં 'સર્વ ધર્મ ઐક્ય'નું સૂચન આલેખ્યું છે. જમણી બાજુ નીચેના ચિત્રમાં 'ગાડું દોડાવવાની હોડ' આલેખી છે.













મથાળે: રાધા અને સખીઓ. (તેની નીચે) દૂધવાળીઓ. બલવન્ત જોષીનાં બે ચિત્રો અને જમણી બાજું ત્રણ સ્કેચ. બાજુનાં બે ચિત્રો–'ગ્રામલક્ષ્મી' અને 'સાતુનનું હનુમાન-મંદિર', નીચે જેમનો પરિચય આપ્યો છે તે ભાઈ પરશુરામનાં છે.





પરશુરામ મહેતા


સુરેન્દ્રનગર જિલ્લાના ખેરવા ગામે જન્મ. ધ્રાંગધ્રામાં માધ્યમિક શાળાના અભ્યાસ દરમિયાન ચિત્રશિક્ષક દલપતરામ ભટ્ટ પાસેથી



ચિત્રકામનો નાદ લાગ્યો અને એના વિકાસ અર્થે મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં જોડાયા, પણ હવાપાણી માફક ન આવતાં અમદાવાદમાં શ્રી રવિશંકર રાવળના ગુજરાત કલાસંઘ ચિત્રશાળામાં આવ્યા અને ત્યાર બાદ શેઠ ચી. ન. કલાવિદ્યાલયમાંથી આર્ટમાસ્ટર થયા પછી રાધનપુરમાં ત્રણેક દાયકાથી ચિત્રકલાનું શિક્ષણ આપે છે. આમ એક રીતે તો સ્વપ્રયત્ને પોતાની કલાસાધના આગળ ધપાવી છે અને એ પુરુષાર્થની બહુ ઝળકતી કીર્તિ નહિ, તોપણ આત્મવિકાસની દિશામાં એમણે સંતોષપ્રદ સિદ્ધિ મેળવી છે, એટલું જ નહિ પોતાના શિષ્યોમાં અને પુત્રમાં પણ કલાના સંસ્કારો રેડ્યા છે. ચિત્ર ઉપરાંત સાહિત્ય અને સંગીત



શ્રી રવિશંકર મ. રાવળ
પરશુરામ મહેતાએ કરેલો સ્કેચ



માર્ક છાગેલ નામના કલાકારે સર્જેલી 'સ્ટેઈન્ડ ગ્લાસ વિન્ડો'ના ચિત્રવાળી સંયુક્ત રાષ્ટ્ર સંઘની આ ટપાલટિકિટ હકીકતે એક નહિ પણ છ ટિકિટોનું એકમ છે. એના પરની આ સમગ્ર કલાકૃતિને નાનામોટા જે છ ભાગમાં વિભાજેલું છે તે પ્રત્યેક ભાગ એક સ્વતંત્ર ટિકિટ રૂપે વાપરી શકાય છે. એ દરેક ટિકિટની એક બાજુ પર સંયુક્ત રાષ્ટ્રસંઘનું નામ અને કિંમત છાપેલી છે તેના પરથી એના વિભાગોનો ખ્યાલ આવશે. (પ્રેષક: જે. ડી. કોટક–અમદાવાદ.)

✻

પ્રત્યે સૂઝ પણ કેળવીને એમણે જીવનને પરિપ્લાવિત કર્યું છે. ગ્રામાભિમુખતા ને સૃષ્ટિસૌંદર્ય એ એમનાં ચિત્રાલેખનનાં આગળપડતાં લક્ષણો છે.

યક્ષ

છે તો એ ભારત સરકારની ટૂરિસ્ટ ઑફિસના કર્મચારી-મંડળ (૧૨૩ મહર્ષિ કર્વે રોડ, મુંબાઈ-૨૦) દ્વારા પ્રકાશિત ઈ. ૧૯૬૯ના વર્ષનો વાર્ષિક અંક, પણ સામાન્યત: આ પ્રકારે પ્રકટ થતાં સામયિકો પેઠે તેમાં મંડળના સમાચારો ને 'સારી સારી' વાતો યા બોધને બદલે હજારો વર્ષના સાંસ્કૃતિક વારસા અને આજના ઔદ્યોગિક વિકાસના સંદર્ભમાં દેશના વતમાન અભિગમ વગેરે દ્વારા એના વિવિધ પાસાંનો પરિચય આપવાનો પ્રશસ્ય પ્રયત્ન એમાં જોવા મળે છે. અહીં આવતા વિદેશના પ્રવાસીઓને એ અનેક રીત સહાયભૂત બની આપણા વિષેની સાચી સમજ ઉપજાવે તેવો તેનો પ્રયાસ છે. પંદર જેટલાં પૂર્ણરંગી ચિત્રો અને સંખ્યાબંધ ફોટોગ્રાફ્સ તથા શોભન આલેખનોથી અલંકૃત તેમાંની ૮૫ પાનામાં વિસ્તૃત (અંગ્રેજી) લેખ-સામગ્રીમાં પ્રવાસીઓની દૃષ્ટિએ ભારત, ભારતના ઇતિહાસની સમયસારણી, ભારતીય ચિત્રકલા, શિલ્પાંકન, સંગીત અને નૃત્યની પશ્ચાદ્‌ભૂ, મુઘલ શિલ્પોત્તમ, ભારતીય આભૂષણો, ગણિતનું મૂળ, વગેરે જેવા અભ્યસનીય લેખો અને દેશ વિષેની અન્ય માહિતીની વિગતો અને આંકડા વગેરે રસિક માહિતી પૂરી પાડે છે. અલબત્ત, એમાંના કેટલાક લેખો બહારથી ઉતારેલા છે પણ એની પસંદગી સર્વથા ઉચિત ગણાય તેવી છે.

(ભારતના ઇતિહાસ અને સંસ્કૃતિનો આછેરો ખયાલ આપતાં બે માનચિત્રો અને આ અંકને છેડે આપેલું અવલોકિતેશ્વરનું ચિત્ર આ 'યક્ષ'ના આધારે તૈયાર કરેલું છે.)





ઓસિયા (મારવાડ) નજીક બએક માઈલ દૂરની એક પ્રાચીન વાવના થાંભલાની કુંભી (બેઠક) પરનાં બે શિલ્પ. (સંશોધક અને તસ્વીરકાર: દીનબંધુ)

ઈ.સ.

- શક યુગ

૧૦૦ — રોમન સમ્રાટ ટ્રાજનની રાજસભામાં ભારતીય એલચીમંડળ

૨૦૦ —

- કૌંડિન્યે કંબોડિયામાં હિન્દુ રાજ્ય સ્થાપ્યું.

૩૦૦ —

- બહુમુખી પ્રતિભાવાન સમુદ્રગુપ્તનો સમય. સંસ્કૃત સાહિત્ય ફરી પ્રતિષ્ઠા પામ્યું.
- ચંદ્રગુપ્ત બીજા (વિખ્યાત વિક્રમાદિત્ય)નો સમય. કવિ કાલિદાસ સહિત તેના રાજસભાનાં નવરત્નોની ખ્યાતિ
- શ્રીવિજયે સુમાત્રામા રાજ્ય સ્થાપ્યું

૪૦૦ —

- ચીની પ્રવાસી ફાહિયાનનો ભારતપ્રવાસ

૫૦૦ —

૬૦૦ —

- નાલંદા વિદ્યાપીઠની પ્રતિષ્ઠાનો પ્રસાર
- સમ્રાટ હર્ષવર્ધનના સામ્રાજ્યમાં હ્યુએનસંગનો ભારત-પ્રવાસ
- અજંતામાં ઉમેરણ સાથે ઇલોરા અને એલિફન્ટાની ગુફાઓ રચાઇ

૭૦૦ —

- સિંધ પર અરબ ચડાઇ
- વેદાંતના મહાન ભાષ્યકાર અને 'અદ્વૈત'ના તત્ત્વજ્ઞાનના પ્રસારક શંકરાચાર્યનો જન્મ

૮૦૦ —

૯૦૦ — રાષ્ટ્રકૂટ રાજસત્તાનો ઉદય.
- ઇલોરાનું 'કૈલાસ' મંદિર બન્યું

- મહાન ચોલરાજ રાજરાજે તાંજોરનું મંદિર બનાવરાવ્યું અને સિંચાઈની મોટી વ્યવસ્થા કરી

૧૦૦૦ —

- દિલ્હીનો લાલકિલ્લો બંધાયો.
- ઘોરીના વિજયથી ભારતમાં મુસ્લિમો માટે દ્વાર ખુલ્યાં

૧૧૦૦ — ઐબકે ગુલામ રાજવંશની સ્થાપના કરી.

૧૨૦૦ —

- મહારાષ્ટ્રના સંત જ્ઞાનેશ્વરનો જીવનકાળ

૧૩૦૦ — ભારત પર મંગોલ આક્રમણ

૧૪૦૦ —

- વિજયનગરનો સમૃદ્ધિકાળ
- ગુરુ નાનકનો જન્મ
- વાસ્કો-ડા-ગામાનું હિંદમાં આગમન

૧૫૦૦ —

- બાબરે મુઘલ સામ્રાજ્ય સ્થાપ્યું
- અકબરે 'દીન એ ઈલ્લાહી' નામના ધર્મની સ્થાપના કરી

૧૬૦૦ — ઈંગ્લંડમાં 'ઈસ્ટ ઇન્ડિયા કંપની' સ્થપાઈ

- શાહજહાંએ 'તાજમહાલ' બંધાવ્યો
- શિવાજીનો ઉદય

૧૭૦૦ —

- નાદિરશાહનું દિલ્હી પર આક્રમણ
- પલાશીનું યુદ્ધ, અંગ્રેજી રાજ્યનાં મૂળ નંખાયાં
- અંગ્રેજ અમલના પ્રાંતોમાં અદાલતોનો આરંભ

૧૮૦૦ —

- હિંદી ચાની લંડનમાં નિકાસ
- મુંબાઇ-થાણા વચ્ચે પહેલી રેલવે ચાલુ થઈ
- ૧૮૫૭નો બળવો
- વિલિયમ બેન્ટિકના સામાજિક સુધારા
- કોંગ્રેસની સ્થાપના

૧૯૦૦ —

- મહારાણી વિક્ટોરિયાનું અવસાન
- બંગભંગને પરિણામે વિદ્રોહ
- ભારતમાં સાંસ્કૃતિક અસ્મિતાનો ઉદય

૧૯૧૦ —

- પહેલું વિશ્વયુદ્ધ
- મહાત્મા ગાંધીજીનું ભારતમાં આગમન
- હોમરૂલનું આંદોલન
- અસહકારની લડતનો આરંભ

૧૯૨૦ —

- સમગ્ર દેશમાં કોંગ્રેસ દ્વારા સ્વરાજ્યની ભાવનાનો જુવાળ

૧૯૩૦ —

- ગાંધીજીની દાંડીકૂચ
- પ્રાંતિક સ્વરાજ્ય
- સુભાષચંદ્ર બોઝના ફોરવર્ડ બ્લૉકની સ્થાપના
- બીજા વિશ્વયુદ્ધનો પ્રારંભ

૧૯૪૦ —

- અંગ્રેજો સામે 'હિંદ છોડો'ની રાષ્ટ્રવ્યાપી લડત
- પાકિસ્તાનના સર્જનથી વિભાજિત દેશ સ્વતંત્ર બન્યો
- ગાંધીજીની હત્યા

૧૯૫૦ —

- ભારતના પ્રજાસત્તાકની જાહેરાત.
- પુખ્ત મતાધિકાર દ્વારા પહેલી સામાન્ય ચૂંટણી. નવી વિશાળ નહેરયોજનાઓ અને ભાકરા-નાંગલ બંધ ને તેની જલવિદ્યુત યોજના. અણુના શાંતિમય ઉપાયોનાં સંશોધન અને વિકાસ માટે દેશનું પ્રથમ અણુ રીએક્ટર 'અપ્સરા' તૈયાર થયું

૧૯૬૦ —


શક આક્રમણો | રોમન સામ્રાજ્ય | ગ્રીક, શુંગ | ગુપ્તોનો સુવર્ણકાળ | પૂર્વના ચૌલુક્ય | રાષ્ટ્રકૂટો | ચોલ રાજવંશ | દિલ્હીની સલ્તનત | વિજયનગરનું સામ્રાજ્ય | મુઘલ સલ્તનત | સામાજિક સુધારણા | સ્વાતંત્ર્યની લડતનો કાળ

પૃ. ૨૫૩/બ પરના માનચિત્રના અનુસંધાને ઈસ્વીસનના આરંભ પછીનો ભારતનો ઇતિહાસ.

શતરંજનો કોયડો-૬ .... સુરેશ મોદી

આ વખતે આપણે ફરી એક ત્રણ ચાલ-વાળો કોયડો જોઈશું. ઉકેલમાં ચાવીની ચાલ, (હોય તો), ધમકી અને વિકલ્પોનો સમાવેશ થવો જોઈએ.

D. Grossi



સફેદે રમીને ત્રણ ચાલમાં મ્હાત કરવાનું.

સ્થિતિ : 5B2/3r4/2r5/Q3pN2/5k2 6NP/1b2 P2K/8.

ઉકેલ મોકલવાની છેલ્લી તારીખ ૩૧-૮-'૭૦. પરદેશમાં વસતા વાચકો માટે ૩૦-૯-'૭૦.

ઉકેલ મોકલવાનું સરનામું :

Suresh M. Mody, 6/9 Kandhari Colony, Chembur, Bombay-71AS.

ખરા ઉકેલ તથા ભાગ લેનાર હરીફોનાં નામ ઑક્ટોબર અંકમાં આપવામાં આવશે.

એપ્રિલ માસના કોયડા (નં. ૪)નો ઉકેલ

સ્થિતિ: (A) 1b6/2p3pb/g3p3/P1k5/8/2PPPK2/4B3/B7.

(B) કાળો રાજા QB4 ને બદલે-Q4 ઉપર, બાકી A પ્રમાણે.

(C) કાળો રાજા QB4 ને બદલે KB4 ઉપર, બાકી A પ્રમાણે.

કોયડો : ઉપર દર્શાવેલી A, B, અને C એ ત્રણે સ્થિતિમાં બે ચાલમાં Help-mate.

ઉકેલ : (A) 1 P-B3, P-K4; 2B-Q3, P-Q4 mate. (૪ ગુણ)

(B) 1 Q-Q3, P-Q4; 2P-B3, P-B4 mate. (૩ ગુણ)

(C) 1 P-N4, P-B4; 2B-N3 P-K4 mate. (૩ ગુણ)

અમુક વાચકોએ મ્હાતની એવી સ્થિતિ બતાવી હતી, જેમાં કાળો વજીર શેહ આપતા સફેદ પ્યાદાને મારી શકતો હોય. અહીં કાળો સફેદને મ્હાતની સ્થિતિ લાવવામાં મદદ કરે છે, પણ મ્હાત ન હોય તો મ્હાત કબૂલી શકતો નથી, તેથી એવી મ્હાતની સ્થિતિ બતાવતો ઉકેલ ખરો ગણી શકાય નહિ.

ઉકેલમાં ત્રણેય સ્થિતિમાં સફેદ તેમજ કાળાની બંને ચાલનો ક્રમ બદલી શકાતો નથી. Help-mate કોયડામાં આ અગત્યની વાત છે. ત્રણે સ્થિતિના ઉકેલ વચ્ચેના સંબંધ કોઈ વાચક દર્શાવી શક્યા નથી. સફેદની ચાલ A માં P-K4 અને P-Q4, Bમાં P Q4 અને P-B4 તથા Cમાં P-B4 અને P-K4 છે. આ રીતે J. M. Riceના આ સુંદર કોયડાની ત્રણેય સ્થિતિમાં સફેદની ચાલમાં Cyclic Shift બતાવાઈ છે.

આ કોયડાનો ઉકેલ ઓછા વાચકોએ મોકલ્યો છે, પણ જેમણે મોકલ્યો છે તેમાંથી ઘણાખરાને પૂરેપૂરા ગુણ મળ્યા છે. એના ઉપરથી એમ લાગે છે કે ઘણા વાચકો એ fairy chessનું નામ વાંચીને પ્રયત્ન જ કર્યો નથી; જેમણે પ્રયત્ન કર્યો છે તેમને કોયડો સહેલો લાગ્યો છે. આ જોઈને હવે પછી બીજા વાચકોને પણ fairy chess કોયડામાં રસ લેવાનું મન થશે એવી આશા છે.

ઉકેલ મોકલનારનાં નામ અને ગુણ

(કુલ ગુણ ૧૦)

(૧) મહેન્દ્ર મહેતા-મુંબાઈ, (૨) જયતિલક નાયક-રાયપુર, (૩) કિશોર ગાંધી-કાલાવડ, (૪) ભૂદરભાઈ-ચાવડા, વિરમગામ, (૫) દિનેશકુમાર પંચમિયા-રાજકોટ, (૬) દિલીપ આહલપારા ભાવનગર, (૭) કલ્યાણભાઈ મુલિયા-વિરમગામ, (૮) મહેન્દ્ર ત્રિવેદી-કલોલ, (૯) મહેન્દ્ર મહેતા-ભૂજ, (૧૦) બિપિન પટેલ-અમદાવાદ, (૧૧) લક્ષ્મણ હરિરામ-અમદાવાદ, (૧૨) અક્ષયકુમાર વૈદ્ય-ભૂજ, (૧૩) ડૉ. ઇન્દ્રવદન મોદી-ભાવનગર, (૧૪) શાંતિલાલ સોલંકી-અમદાવાદ, પ્રત્યેકના ૧૦ ગુણ. (૧૫) નટવરલાલ સૌદેશિયા-અમદાવાદ, (૧૬) ચંદ્રશેખર કપાસની-વાઘોડિયા, (૧૭) મહેન્દ્રકુમાર તખાજીયા-ભાવનગર, (૧૮) માણેકજી લોડાયા મુંબઈ (૧૯) કિરણ શાહ નડિયાદ અને (૨૦) ગિરીશ માંકડ-અમદાવાદ દરેકના ૭ ગુણ અને (૨૧) ડૉ. એમ. બી. મોતીવાલા-અમદાવાદ. ૪ ગુણ

સાહિત્યસંપર્ક

શબ્દકથા : ભમરો · ગરિયો

ચક્કરભમ્મર ગતિમાંનો 'ભમ્મર'; પાણીના પ્રવાહમાં પડતા 'ભમર' કે 'ભમરી'—એટલે કે વમળ, ધૂમરી; એક ફૂલથી બીજા ફૂલ પર ભમતો ભમરો કે ભમરી; દોરી (જાળી) વીંટીને ફેરવાતો ભમરડો; કપાળમાં હોય છે તે ભમરો—આ બધા શબ્દો 'ભ્રમ્' ધાતુ સાથે સંકળાએલા છે. ભમવું, ફરવું, ગોળગોળ ગતિ કરવી એવો અર્થ તેમના વિવિધ અર્થોના મૂળમાં રહેલો છે.

ઈ. સ. ૧૦૮૪માં વર્ધમાનસૂરિએ રચેલા 'ગણરત્નમહોદધિ'માં, શબ્દમાં 'ક' પ્રત્યય ઉમેરાઇને મૂળ કરતાં જુદા જ અર્થનો વાચક શબ્દ સધાવાનાં કેટલાંક ઉદાહરણ નોંધેલાં છે. જેમ કે 'ફલ'—'ફલક' (પાટિયું), 'સંતાન'—'સંતાનક' (વૃક્ષવિશેષ), કદંબ—કદંબક (સમૂહ) વગેરે. આમાં 'ભ્રમર'—'ભ્રમરક' એનો પણ સમાવેશ કર્યો છે, અને 'ભ્રમરક'નો અર્થ 'ક્રીડા માટેનું ઉપકરણ—સાધન' એવો આપ્યો છે. આ 'ભ્રમરક' ઉપરથી 'ભમરઓ', ને 'ભમરઉ' દ્વારા 'ભમરો' શબ્દ થાય, અને 'ડ' પ્રત્યય ઉમેરાતાં આપણને 'ભમરડો' એવું રૂપ મળે. 'ભૃંગ' અર્થના 'ભમરો' શબ્દ ઉપરથી પણ લાડવાચક 'ભમરડો' એવું રૂપ બને છે, અને જૂની ગુજરાતીમાં એ વપરાયું પણ છે:

'ભમરડઉ મરિવા અણબીહતઉ / પસરિ પઈસઈ કેતકિઈ હતઉ' (વિરાટપર્વ)

એટલે કે મરવાનો ડર રાખ્યા વિના રસિક ભ્રમર કેતકીમાં પેસે છે અને ઘાયલ થાય છે. વળી 'વસંતવિલાસ'માં 'ભમરુલા-માલ' એટલે કે 'ભમરાની હાર' એ પ્રયોગમાં 'ભમરુલો' એવું રૂપ છે.

ભમવા સાથે સંકળાએલું રમકડું જેમ 'ભમરડો', તેમ ચક્કરચક્કર ફરવા સાથે સંકળાએલું રમકડું તે ચકરડી. સૌરાષ્ટ્ર વગેરે સ્થળે, રમવાના ભમરડાને માટે 'ગરિયો' શબ્દ વપરાય છે. 'ગણરત્ન-મહોદધિ'માં આ શબ્દ પણ નોંધાયો છે. 'ગિરિક' શબ્દ 'ક્રીડા માટેનું ઉપકરણ' એવા અર્થમાં ત્યાં આપેલો છે. 'ગિરિક' ઉપરથી વધારાનો 'ક' પ્રત્યય લાગીને થએલો શબ્દ અપભ્રંશમાં 'ગિરિયઉ' એવા રૂપમાં વપરાયો છે. તે નવમી શતાબ્દીનો પ્રયોગ છે, અને સામર્થ્યવિશેષ દર્શાવવા 'ગિરિ પણ જેમને મન ગરિયા જેવા છે' એવું વર્ણન કરેલું છે. પછીથી 'ગરિયો' એવું રૂપ ક્રમે કરીને અર્વાચીન ગુજરાતી સુધીમાં સિદ્ધ થયું છે.

હરિવલ્લભ ભાયાણી

કાવ્યમાં આધુનિકતા*

અવલોકન: પ્રો. ડૉ. ધીરુભાઈ પરીખ

આઘાત-પ્રત્યાઘાતની પ્રક્રિયા સનાતન છે; અને કલાના ક્ષેત્રમાં તો તીવ્રતર અને શીઘ્રતર. સાહિત્યક્ષેત્રે કાવ્યપ્રદેશમાં એ તીવ્રતમ અને શીઘ્રતમ; કારણ કે કવિ સવિશેષ સંવેદનપટુ. આથી જ રોમૅન્ટિસિઝમના પ્રત્યાઘાત રૂપે ઍન્ટી રોમૅન્ટિસિઝમનો કહો કે આધુનિકતા—મૉડર્નિટીનો ઉદ્ભવ થયો.

કવિતામાં આ આધુનિકતાનો અગ્રેસર બોદ-લેયર. ત્યાર પછી તો માલાર્મે, વાલેરી, સાર્ત્ર, કાફકા, કામૂ વગેરે અનેક ભળ્યા. એમણે રોમૅ-ન્ટિક વિસ્મય અને ઉત્સાહને બદલે એક સર્વગ્રાસી વિતૃષ્ણા અને નિર્વેદ દાખલ કર્યાં. મંગલબોધની વિરુદ્ધ અમંગલબોધ આરંભ્યો. કવિતાનું કાઠું અને કલેવર બદલી નાખ્યાં. અર્થ-બોધ ઓગાળી શબ્દ-સંગીતની સાધના કરી. જાણે કંઈક અવનવું બની ગયું, અને ઘણા નવસર્જકો એનાથી અંજાઈ ગયા! પરિણામે પ્રસ્થાપિત મૂલ્યોની અવહેલના ને નિર્ભર્ત્સના, તો નવમૂલ્યોની પ્રશસ્તિપૂજા શરૂ થયાં.

આ 'આધુનિકતા'નો અનિલ માત્ર ફ્રાન્સમાં જ ન રહ્યો, પણ જગતસાહિત્યમાં સર્વત્ર ઘૂમી વળ્યો. આપણા દેશમાં પણ અનેક પ્રાદેશિક સાહિત્યમાં એની અસરો વર્તાવા લાગી. બંગા-ળમાં કવિવર રવીન્દ્રનાથ વિરુદ્ધ નવકાવ્ય વિ-ભાવનાવાળું જૂથ તૈયાર થતું ગયું ત્યારે રવીન્દ્ર-કવિતાનાં સાર્વત્રિક અને સર્વકાલીન તત્ત્વોના ભાવકો ક્ષુબ્ધ થઈ ઊઠ્યા. એમાંના એક તે ઉપ-ર્યુક્ત પુસ્તકના લેખક અબૂ સઈદ ઐયૂબ. એમણે આ નવીન મૂલ્યોને સરાણે ચડાવ્યાં. નવીનો અને નવીનોના અગ્રેસરોની ઉચ્ચ પ્રતિભાની, સમ્યક્ સ્વીકૃતિ સાથે એમણે ખબર લેવા માંડી.

બોદલેયર ને એમની આખી સ્ફલના પ્રયત્નો-ને એમણે ઐતિહાસિક, સામાજિક ને માનસ-શાસ્ત્રીય પૃષ્ઠભૂમિકા પર ચકાસ્યા. આ વિષદ ચકાસણી બાદ એમણે આ આધુનિકતાની અનિવાર્યતા કરતાં ફૅશન સામે પોતાનો નિર્ભીત મત, બોદલેયરને કેન્દ્રમાં રાખીને, ઉચ્ચાર્યો છે.

પ્રસ્તુત પુસ્તકના પ્રથમ પ્રકરણ 'અમંગલ-બોધ અને આધુનિક કવિતા'માં એમણે મૉડ-ર્નિટીની બે પ્રધાન ખાસિયતો—વિસ્મયલોપ અને અમંગલબોધ—ની મુખ્યત્વે ચર્ચા કરી છે. બીજા પ્રકરણમાં એમણે 'કવિતાની ભાષા' વિષે ઝીણવટથી ચર્ચા કરી છે. અર્થની ખેવના કર્યા વગર માત્ર લયરમણામાં રાચતી કાવ્યભાષા વિષે એમણે ખેદપૂર્વક વિરોધ નોંધાવ્યો છે.

ત્રીજા પ્રકરણમાં અરુણકુમાર સરકારે લખેલા 'આધુનિકતા અને રવીન્દ્રનાથ' નામક લેખના અનુસંધાનમાં કેટલાક મુદ્દાઓની ચર્ચા જોવા મળે છે. પોતે વાપરેલો શબ્દ 'આધુનિકતા' વધારે વ્યાપક અર્થમાં છે એમ અહીં દલીલોથી એમણે પુરવાર કરવાનો પ્રયત્ન કર્યો છે. અહીં એમની કાવ્ય વિષેની સૂઝ પણ વધુ દ્યોતકપણે સ્પષ્ટ થઈ છે. લેખકની સચોટ દલીલશક્તિનો પણ અહીં પરિચય થાય છે. ચોથા પ્રકરણમાં 'શ્રેયો-નીતિ અને સાહિત્યનીતિ' વિષે એમણે ચર્ચા કરેલી છે. અહીં શ્રેયોનીતિ અને સાહિત્યનીતિ વચ્ચે કોઈ વિરોધ નથી એમ બતાવવામાં આવ્યું છે. છતાં ય કવિ શ્રેયોનીતિના ભારણથી લદાએલો સમાજસુધારક તો નથી જ એમ એ-મણે સ્પષ્ટપણે કહ્યું છે, અને તો પછી સાહિત્ય અને શ્રેયોનીતિ કલાત્મક રીતે સહ-અસ્તિત્વ ધરાવી શકે છે એમ એમનું કહેવું છે. પાંચમું પ્રકરણ 'રસાસ્વાદની એક સમસ્યા'નું છે. આ પ્રકરણમાં રસાસ્વાદન કેવી રીતે થાય છે તે ચર્ચ-વાનો હેતુ છે. અહીંયાં એમણે એક વિચાર-ણીય મુદ્દો ઉપસ્થિત કર્યો છે કે કવિનું દૃષ્ટિબિંદુ સુવાચકના દૃષ્ટિબિંદુ સાથે સંગત ન હોય તો કૃતિ, ગમે તેટલી ઉત્કૃષ્ટ હોવા છતાં ય, રસા-સ્વાદન કરાવી શકતી નથી.

આ પાંચે ય લેખ દ્વારા આપણને લેખકની સૂક્ષ્મ કાવ્યસૂઝ, સચોટ દલીલશક્તિ, નિર્ભીત મતોચ્ચારણ અને વિશાળ વાચનની પ્રતીતિ થાય છે. આમ છતાંય રવીન્દ્રનાથ વિષેનો તીવ્ર ઉત્સાહ ક્યારેક ક્યારેક એમની પાસે તાટસ્થ્ય ડોલાવી દે છે અને ત્યારે તેઓ આત્યંતિક ઉચ્ચારણ કરી બેસે છે. એવાં બીજાં થોડાંક વિધાનો બાદ કરતાં લેખક સારું તાટસ્થ્ય જાળ-વી શક્યા છે. મૂળ બંગાળી સાહિત્યમાં 'આધુ-નિકતા'ના પ્રવાહને અનુલક્ષીને લખાએલા આ લેખો નિરપેક્ષ રીતે પણ એટલા જ મૂલ્ય-વાન છે, અને તેથી જ આપણા સિદ્ધહસ્ત અનુવાદક નગીનદાસ પારેખે કરેલો અનુવાદ આપણા સર્જક-વાચકો માટે પણ એટલો જ ઉપયોગી હોઈ આવકાર્ય છે.

* મૂળ લેખક અબૂ સઈદ ઐયૂબ; અનુવાદક નગીનદાસ પારેખ; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ ૧; રૂ. ૪.

એક સંતર્પક કોશ

દેશભક્ત વિદ્વાન દી. બ. અંબાલાલ સાકર-લાલે આ સદીની શરૂઆતમાં પહેલવહેલી દળ-દાર અને પ્રમાણભૂત અંગ્રેજી-ગુજરાતી ડિક્ષ-નેરી રચી ત્યાર પછીથી આપણે ત્યાં એવા, ને આગળ વધુ સુવિકસિત સંવર્ધિત પ્રમાણભૂત અંગ્રેજી-ગુજરાતી કોશની ખોટ નિરંતર સાલતી જ આવી છે. અલબત્ત, વચગાળામાં શાળો-પયોગી કોશ બહાર પડ્યા છે જરૂર; પણ ઉપ-

યુક્ત ઊણપ મનભર રીતે પૂરે એવા તો કોઈ નથી જ. દરમ્યાન સંતપૈક ને સારો કહી શકાય એવો એક શાળોપયોગી 'અંગ્રેજી-ગુજરાતી કોશ' તાજેતરમાં પ્રકટ થયો છે. ડેમી સાઇઝનાં ૮૦૯ જેટલાં પાનાંમાં વિસ્તરેલા આ કોશમાં લગભગ ૩૫૦૦૦ જેટલા શબ્દોનો સમાવેશ છે. ઑક્સફર્ડ સ્કૂલ ડિક્શરી, ન્યૂ મેથડ ઇંગ્લિશ ડિક્શરી તથા જનરલ બેઝિક ઇંગ્લિશ ડિક્શરી જેવા શાળા-મહાશાળાઓ માટેના ખાસ કોશો સમાવવા સાથે એમાં શબ્દોના ઉચ્ચાર, અર્થ, શબ્દપ્રયોગ, રૂઢિપ્રયોગ, સંદર્ભ વગેરે દર્શાવવા ઉપરાંત જરૂરી હોય ત્યાં નામનાં વિશિષ્ટ બહુવચનો અને ક્રિયાપદનાં ભૂતકાળ તથા ભૂતકૃદંતનાં રૂપો તેમજ અર્થબોધ માટે જરૂરી વિસ્તાર પણ કરેલો હોઈ શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓ ને જિજ્ઞાસુ વાચકોને એ ઉપયોગી બની રહે એવો થયો છે. અંતભાગમાં ઉત્તર યુરોપીય ભાષાના શબ્દો તથા પ્રયોગો, સામાન્ય અંગ્રેજી સંક્ષેપો, તોલ-માપનાં કોષ્ટક તથા રોમન આંકડાઓ પણ ઉમેરેલા હોઈ એની ઉપયોગિતા વધી છે. કર્તા : પાંડુરંગ ગણેશ દેશપાંડે; પ્રકાશક સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર; વિતરક : બાલગોવિંદ કુબેરદાસની કંપની, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, કિ. રૂ. ૧૫

જીવનચરિત્ર માટે પારિતોષિક

આવતી કાલનાં નાગરિકોને જીવનનાં ઊંચાં મૂલ્યોનાં ઘડતર અને જાળવણીમાં તેમજ સ્વસ્થ, ધીરવીર અને સંસ્કાર-સંપન્ન નાગરિક તરીકેનું વ્યક્તિત્વ ખીલવવામાં પ્રેરણારૂપ થઈ પડે એવા માનવરત્નના જીવનચરિત્રના લેખકને અથવા તો એ પ્રકારની નવલિકા 'કુમાર'માં લખનારને દર માસે રૂ. ૫૦નું પારિતોષિક નડિયાદના હરિઃ ૐ આશ્રમ તરફથી આપવામાં આવે છે, એ યોજનામાં ભાગ લેવા સૌ લેખકોને નિમંત્રણ છે

ભારતચાહક અંગ્રેજ વાર્તાકાર અને વાર્તાકલાના વિવેચક પીઢ વિદ્વાન

ઈ. એમ. ફૉર્સ્ટર

આ સદીની પ્રથમ પચ્ચીસીના એક પ્રમુખ, પ્રતિભાશાળી ને પ્રથિતયશ નવલકથાકાર, માનવતાપ્રેમી અને મનનશીલ સર્જક, ઉચ્ચ જીવનમૂલ્યોના ઉપાસક, ભારત વિષે આદર ધરાવનાર નિખાલસ અને નિરાડંબરી સજ્જન અને છેલ્લા કેટલાયે દાયકાઓથી કોઈ પણ સર્જન ન કરતા હોવા છતાં ઇંગ્લંડના વિદ્વદ્વર્ગમાં આદરણીય સ્થાન ધરાવનાર એક ઋષિ સમ સર્જક એડવર્ડ મૉર્ગન ફૉર્સ્ટરનું આ જૂનની ૭મીએ ૯૨મે વર્ષે હૃદયરોગના હુમલાથી અવસાન થયું.

ઈ. ૧૮૭૯ના જાન્યુઆરીની ૧લી તારીખે લંડનમાં એમનો જન્મ થએલો. પિતા સુપ્રસિદ્ધ સ્થપતિ; માતા મેધાવી મહિલા. અભ્યાસ કેન્ટની ટૉનબ્રિજ જાહેર શાળાથી શરૂ થયો. ત્યાં એમને જીવનના કટુ અનુભવોનું ભાતું મળ્યું, જેણે પાછળથી એમની પ્રથમ બે નવલકથાની ભૂમિકા પૂરી પાડી. એ માનતા કે આવી જાહેર શાળાઓ વ્યક્તિઓ નહિ પણ 'ટાઈપ્સ' (બીબાં) ઘડે છે.

શાળાનું શિક્ષણ પૂરું કરીને એમણે કૅમ્બ્રિજની કિંગ્ઝ કૉલેજમાં પ્રવેશ કર્યો. ત્યાંનું વાતાવરણ જાહેર શાળા કરતાં તદ્દન વિરુદ્ધનું હતું. વ્યક્તિનો ત્યાં આદર થતો અને એના વ્યક્તિત્વને મુક્તપણે મહોરવાની તક મળતી. આથી પોતાની પ્રકૃતિને સાનુકૂળ વાતાવરણ પ્રાપ્ત થતાં યુવાન ફૉર્સ્ટરની પ્રતિભા ફોળી ઊઠી. ત્યાં જ એમણે પ્રશિષ્ટ કૃતિઓ અને ઇતિહાસનો ઊંડો અભ્યાસ કર્યો. ત્યાં જ એઓ પ્રખર પંડિત અને પરમ માનવતાવાદી અધ્યાપક, સર્જક તથા વિવેચક લોઝ ડિકિન્સનના પરિચયમાં આવ્યા ને અંતે એમના પ્રગાઢ મિત્ર બન્યા. એ વિદ્વાન અધ્યાપકના સંગમાં જ એમની ઊંચી રસદૃષ્ટિ ને અભિરુચિ પાંગરી, અને પાછળથી એમનું જીવનચરિત્ર લખીને ગુરુઋણ ચૂકવ્યાનો કંઈક સંતોષ પણ એમણે માન્યો. જે કૉલેજમાં એમનું મહત્ત્વનું જીવનઘડતર થયું તે જ કિંગ્ઝ કૉલેજમાં ૧૯૪૬માં એઓ માનાર્હ 'ફેલો'નું બહુમાન પામ્યા.

ઈ. ૧૯૦૧માં સ્નાતક થયા પછી પ્રશિષ્ટતાપ્રેમી યુવાન ફૉર્સ્ટરે પ્રશિષ્ટ સંસ્કૃતિધામ ગ્રીસ અને ઈટલીનો પ્રવાસ ખેડ્યો. એ પ્રવાસની એમની સર્જક પ્રતિભા અને વિચારપિંડ પર ઘેરી અને ચિરંતન અસર પડી. એ જ અરસામાં એમણે 'ઇન્ડિપેન્ડેન્ટ રિવ્યૂ'માં લેખો લખવા શરૂ કર્યા. ત્યારથી એમનામાં પડેલો સર્જક બહાર આવ્યો અને નવલકથાઓ સર્જવા માંડી.



એમણે પોતાની અઢી-ત્રણ દાયકાની લેખન-કારકિર્દીમાં પાંચ નવલકથાઓનું પ્રદાન કર્યું છે. એમની પ્રથમ નવલકથા 'વ્હેર એન્જલ્સ ફીઅર ટુ ટ્રેડ' ૧૯૦૫માં એમની ૨૬ વર્ષની ઉંમરે પ્રસિદ્ધ થએલી. ત્યાર બાદ ૧૯૦૭માં એમની બીજી નવલકથા 'ધ લૉંગેસ્ટ જર્ની' પ્રકટ થઈ. ૧૯૦૮માં 'અ રૂમ વિથ અ વ્યૂ' અને ૧૯૧૦માં ચોથી કૃતિ 'હાવર્ડ્ઝ એન્ડ' પ્રકાશિત થઈ. ત્યાર બાદ ચૌદ વર્ષના લાંબા વિરામને અંતે ૧૯૨૪માં એમની પ્રમુખ કીર્તિદા કૃતિ 'અ પૅસેજ ટુ ઇન્ડિયા' બહાર આવી. એમની પ્રથમ ચાર કૃતિઓમાં ઉચ્ચ મધ્યમ વર્ગના સમાજ ને સમસ્યા નિરૂપાયાં છે, (જુઓ પૃ. ૨૫૮ના નીચે ટૂંક પરિચય) જ્યારે છેલ્લી નવલકથા બ્રિટિશકાલીન ભારતીય સમાજ અને તેની સમસ્યાઓને નિરૂપે છે. આ પાંચે ય નવલકથાઓમાં છેલ્લી બે નોંધપાત્ર કૃતિઓ છે. એમાં યે 'હાવર્ડ્ઝ એન્ડ' અતિ સિદ્ધ અને 'અ પૅસેજ ટુ ઇન્ડિયા' અતિ પ્રસિદ્ધ કૃતિ છે.

ઈ. સ. ૧૯૧૨માં તે પ્રો. ડિકિન્સન અને જાણીતા વિદ્વાન આર. સી. ટ્રેવેલિયનની સાથે પ્રથમ વાર ભારત આવેલા. ત્યારથી ભારતવાસીઓના તત્કાલીન પ્રશ્નો એમને સ્પર્શી ગએલા અને બ્રિટિશ રાજનીતિ પ્રત્યે ગ્લાનિ જન્મેલી. એમની આ સંવેદનાનું સુફળ તે જ એમની નવલકથા 'અ પૅસેજ ટુ ઇન્ડિયા'. એ નવલકથાના ત્રીજા ખંડ 'Temple' માટે એમણે ૧૯૨૧માં બીજી વાર ભારતયાત્રા ખેડી. આ વખતે દેવાસ રાજ્યના મહારાજા સર તુકોજીરાવ ત્રીજાના આઠ-દસ માસ સુધી ખાનગી મંત્રી તરીકે એઓ રહ્યા, જે દરમ્યાન ભારતવાસીના સ્વાંગમાં એમણે ભારતીય ઉત્સવોમાં ભાગ લીધો. આમ ભારતની સંસ્કૃતિ, સમાજ, લોકમાનસ, લોકપ્રશ્નો વગેરેનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો અને એને આ નવલકથામાં વાચા આપી. એમની આ નવલકથામાં

એમની સહૃદય ભારતમૈત્રીનાં દર્શન થાય છે. જોકે સંસ્થાનવાદીઓએ તો એ માટે એમના પર 'બ્રિટિશરાજના પાયામાં ઘા કરનાર રાજદ્રોહી'નું આળ ચઢાવેલું. પણ આ માનવતાપ્રેમી સર્જકના સંવિત પર એની કંઈ જ અસર થએલી નહિ. બ્રિટિશ શાસન નીચેના ભારતનું યથાર્થ દર્શન કરાવનાર એઓ પ્રથમ અંગ્રેજ લેખક હતા. એમણે ત્રીજી વાર ૧૯૪૫માં પી. ઈ. એન. આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લેવા ભારતની યાત્રા કરેલી. ભારત પ્રત્યેનું એમનું આકર્ષણ અને આદર અદ્વિતીય હતાં. દેવાસમાં હતા ત્યારે લખાએલું 'ધ હિલ ઑવ દેવી' ૧૯૫૩માં પ્રસિદ્ધ થયું છે. એમાં પણ ભારત અને ભારતીય પ્રજા પ્રત્યેનો એમનો આદર અછતો રહેતો નથી.


ફૉસ્ટર: દેવાસમાં હિંદી પોશાકમાં

પણ નવલકથા કરતાં યે નવલકથાના વિવેચનક્ષેત્રે એમણે કરેલું પ્રદાન અવિસ્મરણીય છે. કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજના આશ્રયે ૧૯૨૭માં 'કલાર્ક લેક્ચર્સ'માં નવલકથાના સ્વરૂપ વિષે આપેલાં એમનાં એ વ્યાખ્યાનો 'આસ્પેક્ટ્સ ઑવ ધ નોવેલ'માં નવલકથાનાં ઘટક તત્ત્વોનું એમણે સરળ ભાષામાં સચોટ અને વિશદ વિવેચન કર્યું છે. ત્યારથી આજ સુધીમાં નવલકથાના સ્વરૂપની વિવિધ ચર્ચામાં ફૉસ્ટરના અભિપ્રાયો એક યા બીજા સ્વરૂપે ઉપયોગી થઈ પડ્યા છે તે એની ઓછી મહત્તા નથી. આ ઉપરાંત બી. બી. સી. પરથી સતત ૩૦ વર્ષ સુધી દર મહિને કરેલું તાટસ્થ્યપૂર્ણ ગ્રંથાવલોકન પણ એમની નોંધપાત્ર સિદ્ધિ છે.

ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં પણ એમણે કલમ ચલાવી છે. એમની ટૂંકી વાર્તાઓનો પ્રથમ સંગ્રહ 'ધ સેલેસીઅલ ઑમ્નીબસ ઍન્ડ અધર સ્ટોરીઝ' ૧૯૧૪માં પ્રસિદ્ધ થએલો, અને 'ધી ઈન્ટર્નલ મોમેન્ટ ઍન્ડ અધર સ્ટોરીઝ' નામક બીજો ગ્રંથ ૧૯૨૮માં. ૧૯૦૩ થી ૧૯૩૬ સુધીમાં ઈંગ્લિશ ને અમેરિકન સામયિકોમાં પ્રકટ થએલા એમના વિવિધ લેખો 'ઍબિન્જર હાર્વેસ્ટ'માં સંગૃહીત થયા છે. ૧૯૫૧માં આવો એક બીજો સંગ્રહ 'ટુ ચીઅર્સ ફૉર ડેમૉક્રસી' નામે પ્રસિદ્ધ થએલો, જે સામાજિક, રાજકીય ને નૈતિક પ્રશ્નોની છણાવટ કરતા લેખોને આવરી લે છે. ૧૯૪૧માં એમણે કેમ્બ્રિજમાં 'રીડ લેક્ચરર' તરીકે વર્જિનિયા વૂલ્ફ પર મનનીય વ્યાખ્યાન આપેલું. આ ઉપરાંત ૧૯૪૪માં ગ્લાસ્ગોમાં 'ડબલ્યુ. પી. કેર મેમોરિયલ લેક્ચરર' તરીકે 'ડેવલપમેન્ટ ઑવ ઈંગ્લિશ પ્રોઝ બિટવીન ૧૯૧૮ ઍન્ડ ૧૯૩૯' પર વિશદ વ્યાખ્યાન આપેલાં. આ અને આવી અન્ય કૃતિઓ એમની સમર્થ તાટસ્થ્યપૂર્ણ વિવેચનશક્તિની ઘોતક છે. એમની છેલ્લી કૃતિ છે એક કૌટુંબિક જીવનચરિત્ર 'મેરીઆના થૉર્નટન'.

એમની સાહિત્યિક પ્રતિભાનાં આગળ તરી આવતાં લક્ષણો તે ઉત્તમ કલ્પનાશક્તિ, સૌમ્ય વ્યંગ્યદૃષ્ટિ, સમભાવી કલાકારનું તાટસ્થ્ય અને નવલકથામાં સ્થાપત્ય-કુશળતા. એઓ પરંપરાના પુરસ્કર્તા હતા છતાં ય નવીન વિચારધારાઓ માટે હૈયાની બારી એમણે કદાપિ બંધ રાખી નહોતી. એમની નિરૂપણરીતિના વૈશિષ્ટ્યને લઈને ચીલાચાલુ જણાતી એમની કૃતિઓ પણ અસામાન્યતાના અંશવાળી બની ગઈ છે, અને આથી જ એ 'તાદૃશ'માંથી 'પ્રતીકાત્મક' બની રહી છે.

ફૉસ્ટર સમન્વયકારી સર્જક છે. સામસામેના છેડાઓ નિરૂપી, સંઘર્ષ દર્શાવી, શમન કરવા તરફનું એમનું વલણ હોય છે. વાસ્તવિકતા સાથે રહસ્યમયતા પણ એમની નવલકથાઓમાં હોય છે. તત્કાલીન જીવનના નિરૂપણ દ્વારા પણ એ વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના મનોસંબંધની અને એમના આંતરપ્રવાહની વાત કરતા હોય છે. રોજિંદી ઘટનાઓને એમની કૃતિઓમાં કલાઘાટ મળી રહે છે. એમની શૈલી સાદી, સીધી, સમુચિત અલંકારસજ્જ ને સૌષ્ઠવલક્ષી છે. એમની નવલકથાઓ શાંત ને ધીરગંભીર લાગે છે, પણ એ મહોરા પાછળ અજબ ઠંડી ક્રાંતિ સળવળી રહી છે.

આવા સાહિત્યસ્વામીનું ત્યાંની પ્રજાએ સન્માન પણ કરેલું જ છે. એમને 'ઑર્ડર ઑવ મેરિટ' તેમજ 'કમ્પૅનિયન ઑવ ઑનર'ના ઇલ્કાબો અપાયા હતા. ૧૯૬૧માં 'રૉયલ સોસાએટી ઑવ લિટરેચરે' એમને 'કમ્પૅનિયન ઑવ લિટરેચર' બનાવેલા. એમણે ખૂબ જ ઓછું લખ્યું હતું છતાં ય સવિશેષ કીર્તિ કમાયા હતા. છેલ્લી નવલકથા ૧૯૨૪માં આપ્યા પછી એમણે લગભગ મૌલિક સર્જન બંધ કરેલું. તે શા માટે, એવા એક પ્રશ્નના જવાબમાં એમણે કહેલું કે હવે મારે કહેવાનું કશું બાકી રહેતું નથી. પણ ખરેખર તો જીવનમૂલ્યોના પરિવર્તનના સંદર્ભમાં ફૉસ્ટરે જે અપેક્ષાઓ સેવી હતી તેનો હ્રાસ થતાં એ આઘાતની યાતના એવી અસહ્ય થઈ પડી કે જીવનનાં છેલ્લાં પચાસ વર્ષ દરમિયાન એમણે સૂચક મૌન સેવ્યું ને કાયમને માટે ક્ષેત્રસંન્યાસ લીધો. --ધીરુભાઈ પરીખ

જાપાન જવું છે!

અને જાપાની ભાષા નથી આવડતી? તો રોજિંદા ઉપયોગમાં આવતાં થોડાં વાક્યો જાણી લો તો ચાલે:

આપ કોણ છો? (આનાતાવા દોનાતા દેસકા?)
હું યોગેશ પટેલ છું. (વાતાસીવા યોગેશ પટેલ દેસ.)
તમારે શું જોઇએ છે? (આનાતાવા નાન ગા હોશીઈ દેસકા?)
મારે ટેક્સી જોઈએ છે. (વાતાસીવા તાકુશી ગા હોશીઈ દેસ.)
ક્યાં જવું છે? (દોકો એ ઈકીતાઇ દેસકા?)...વગેરે.

આવી રોજબરોજના વ્યવહારની વાતચીત માટે જાપાનીમાં **સવાલજવાબ** ધરાવતી, **ઉપરના નામની એક નાની પુસ્તિકા બહાર પડી છે. ઉદ્યોગ અને વ્યાપારના ક્ષેત્રમાં જાપાન સાથે આપણો ઘણો સહયોગ છે, અને ભાષા તેમાં જરૂરી વાહન છે. જાપાનમાં બીજી ભાષા (અંગ્રેજી પણ બહુ) ચાલતી નથી. એ દૃષ્ટિએ આ પુસ્તિકા ઉપયોગી નીવડશે. (લેખિકા પ્રકાશક: નિર્મળા પટેલ, 'આસોપાલવ' બૅંક ઑવ ઇંડિયા સામે, વડોદરા-૧, ૮૫ પૈસા.)**

નવાં પ્રકાશનો

ગાંધીજીની દિનવારી: દક્ષિણ આફ્રિકા કાયમ માટે છોડીને ૯મી જાન્યુઆરી ૧૯૧૫ના દિવસે સવારે ૭.૩૦ વાગ્યે ગાંધીજી મુંબાઈ ઊતર્યા ત્યારથી તા. ૩૦-૧-૧૯૪૮ના રોજ એમનો ઘાત થયો ત્યાં સુધી દરરોજ એ ક્યાં હતા ને એમણે શી શી પ્રવૃત્તિ કરેલી તેની તારીખવાર વિગતો, ગાંધીજીના સંખ્યાતીત પત્રો પુસ્તકો સામયિકો ને દૈનિકપત્રો જેવા દસેક જેટલા પ્રકારના આધાર પરથી તથા કેટલાં યે સ્થળ ને વ્યક્તિઓના સીધા સંપર્ક દ્વારા મેળવીને શ્રી ચંદુલાલ ભગુભાઈ દલાલે આ મહામૂલો સંદર્ભગ્રંથ તૈયાર કર્યો છે. ૧૨,૭૭૫ દિવ-

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન અને કવનનો પરિચય

[૧૦] —કરાવનાર · જલન માતરી



રતિલાલ રૂપાવાલા
'અનિલ'

ઈ. ૧૯૪૨માં સાબરમતી જેલમાં રાજકીય 'મિશન'ની વિડંબના જોયા પછી ૧૯૪૩માં બહાર આવીને, તાજા સ્થપાએલા 'મહાગુજરાત ગઝલ-મંડળ'માં જોડાઈ લખવાની પ્રવૃત્તિ વેગવંતી બનાવી ૧૯૫૯ સુધીના ગાળામાં કેટલાંક વર્ષો સુધી એ મંડળના મહામંત્રીની કામગીરી બજાવી ચૂકેલા; જૂનાગઢથી પ્રસિદ્ધ થતા 'પ્યારા બાપુ' (હવે 'વૈષ્ણવજન') માસિકના સંપાદક તરીકે પાંચ વર્ષ સુધી રહી ચૂકેલા; 'શ્રીરંગ' ડાયજેસ્ટમાં વર્ષો સુધી હાસ્ય-કટાક્ષયુક્ત રચનાના વિવિધ પ્રયોગો આલેખી ચૂકેલા; 'ગુજરાત સમાચાર' દૈનિકમાં પાંચ વર્ષ સુધી એકધારી રીતે કટાક્ષિકાની અઠવાડિક કૉલમ લખી ચૂકેલા; 'સંદેશ' દૈનિકમાં કેટલો ય સમય હાસ્યરસિક કૉલમને જીવતી રાખનારા; અને છેલ્લાં નવ વર્ષથી સૂરતના દૈનિક 'ગુજરાત-મિત્ર'ના તંત્રીવિભાગમાં સેવા આપી સાત્ત્વિક વિષયોના વિભાગ 'સુધા-સંચય' તથા વ્યંગોક્તિના વિભાગો 'ચાંદરણાં', 'મરક-મરક' અને 'મસ્તીની પળો'માં સતત લખી રહેલા તેમજ 'કાલિદાસને (પણ) ન સૂઝેલી ઉપમાઓ'નું સંશોધન કરી નમે રૂપે ઉપમાઓની નવી કેડી સર્જી રહેલા ભાઈશ્રી રતિલાલને ગુજરાતના ગઝલ-પ્રેમીઓ 'અનિલ'ના નામથી ઓળખે છે.

મૂળ નામ રતિલાલ મૂળચંદદાસ રૂપાવાલા; વતન સૂરત; તખલ્લુસ 'અનિલ'; જન્મતારીખ ૨૩-૨-૧૯૧૯; શિક્ષણ માત્ર પ્રાથમિક ત્રણ ધોરણ સુધીનું; આઠથી સોળ વર્ષની વય સુધી જરીના ધંધામાં; એ પછી સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રે અવિરત ચમકી રહ્યા છે.

'પ્રજ્ઞા' અને 'બહાર' માસિકોનું સંપાદન કરી ચૂકેલા ભાઈશ્રી 'અનિલ'ને એ પણ ખબર છે કે ક્ષણોની ગણતરી એ ઇતિહાસ નથી. ગણિત અને ઇતિહાસના અભ્યાસનો તરીકો ભિન્ન છે. દાતણ કર્યું, કોગળા કર્યા, ચા પીધી, સિગારેટ ફૂંકી, વિચાર કર્યો, નાહ્યા, કપડાં બદલ્યાં, જમ્યા, નોકરીએ ગયા એ કંઈ ઇતિહાસ નથી. એ ગમે તે હોય, પણ ગુજરાતી ગઝલનો ઇતિહાસ જ્યારે પણ લખાશે ત્યારે ભાઈશ્રી 'અનિલ'નું નામ આગલી હારમાં રહેશે. જિંદગીમાં ભયંકર ઝંઝાવાતો સામે ઝઝૂમી સાહિત્યનું સતત ખેડાણ કરતા રહ્યા છે. બે કાવ્ય-સંગ્રહો–'ડમરો ને તુલસી' તથા ૧૦૮ મુક્તકોનો સંગ્રહ 'મસ્તીની પળોમાં' ઉપરાંત ગાંધીજીના જીવનપ્રસંગો 'આવા હતા બાપુ'ના ત્રણ ભાગ તેમજ 'ઇન્દિરા ગાંધીના જીવનપ્રસંગો' એમણે પ્રગટ કર્યા છે.

ડહાપણનો ભાર હમેશ માટે ઊંચકી શકવાની અશક્તિ બતાવતા, પાગલ થવાની ક્યારેક ક્યારેક ઇચ્છા રાખતા, કોઈ અણધાર્યું વાહન એકાએક ધસી આવતાં તરત ખીજાઇને રસ્તાની ધૂળ જે રીતે પાછળ પડે છે એ રીતે અણધારી આફતો આવી જતાં ખીજાઇને શેરની ચોટદાર ગૂંથણી કરતા આ શાયરના થોડાક શે'રોની મજા માણીએ:

અહીંથી સાવ સીધો ને સીધો આ જાય છે, તોપણ
તમારા ધામ પાસે કેટલો વંકાય છે રસ્તો!

હું ઈશ્વરની કને તો ક્યારનો પ્હોંચી ગયો હોતે,
અરે આ મારાં ચરણોમાં બહુ અટવાય છે રસ્તો.

નથી એક માનવી પાસે
હજી માનવ બીજો પ્હોંચ્યો,
'અનિલ', મેં સાંભળ્યું છે
ક્યારનો બંધાય છે રસ્તો!

ગઝલનું પાત્ર 'અનિલ'ને મળ્યું જીવન માટે,
સુરાહી તીર્થસલિલથી ભરી, શરાબ નથી.

∞

મારા જીવનનું શિલ્પ ઘડાયું નહિ 'અનિલ',
જીવન વિતાવ્યું કોઈની મૂર્તિ ઘડી ઘડી.
મારી સૂરત ન જોઈ મેં નિજને ન ઓળખ્યો,
થાકી ગયું જગત મને દર્પણ ધરી ધરી.

∞

ડહાપણનો ભાર નિત્ય તો ઊંચકાય ના કદી,
પાગલ થવાની થાય છે ઇચ્છા કદી કદી.

કંટકની સાથ પ્યાર હતો, કોણ માનશે?
એમાં ય કૈંક સાર હતો, કોણ માનશે?

આવી હતી બહાર કદી ઘરને આંગણે,
ને હું જ ઘર બહાર હતો કોણ માનશે?

મારાથી દૂર હું જ ગએલો ઘણીય વાર,
ને હું જ આસપાસ હતો, કોણ માનશે?

હસવું પડયું જો કોઈને સારું લગાડવા,
એ શોકનો પ્રકાર હતો, કોણ માનશે?

∞

કેવળ હતી યુવાની મને એ જ યાદ છે,
કેવા દિવસ ને માસ! મને કંઈ ખબર નથી!

∞

મૃગજળ હતાં, તુષાર હતું, ચાંદની હતી;
કોને ખબર કે કેટલી, ક્યાં જિંદગી હતી!

∞

દિલના અસહ્ય દર્દનો બીજો વિકલ્પ ક્યાં?
પાડી શક્યો ન ચીસ તો મૂગો બની ગયો!

∞

ઉપહાસનું કે આશનું, શાનું હશે પ્રતીક?
ઊગી ગયું છે એકલું ખંડેર પર સુમન!

∞

મળ્યો અંધાર તો જાતે દીવો થઈને બળી લીધું,
સૂરજ કે ચાંદ પાસેથી નથી એકે કિરણ માગ્યું!

∞

મેં 'અનિલ', માગી નથી
જગમાં યુગોની જિંદગી,
કોઈ યુગને સાંપડે છે
એક એવી ક્ષણ મળે!

∞

પગલાં પૂજાય એવું ગમન હોવું જોઈએ,
સમજાય છે કે કેવું જીવન હોવું જોઈએ?

∞

'અનિલ', અદૃશ્ય અહિંયા
કોઈનો લહેરાય છે પાલવ,
હૃદયને એમ કહીને
છેતરું છું કે 'હવા આવી!'

∞

માર્ગ ને મંઝિલ અગર જો હોય, તો તે ત્યાં જ છે,
ચાલનારાનાં ચરણ, ને પંખીઓનાં પર સુધી.

∞

તરસ એવી લઈ નીકળ્યો છું હું દુનિયાના બાજારે,
પરબ છે કે કલાલોની દુકાનો? જોઈ લેવાશે!
સપાટી પર વિહરવાથી
શિખર પર પહોંચવું સારું,
અનિલ, ત્યાંથી જગતનાં
સર્વે સ્થાનો જોઈ લેવાશે!

સનો સમયગાળો સમાવતા આ પુસ્તકમાંના ૧૧,૭૩૯ દિવસની માહિતીને ચોક્સ આધાર સાંપડ્યો છે; કોઈ પણ રીતે માહિતી ન મળવાને લીધે ૧૨૪ દિવસોના કાર્યક્રમ માટે તેમણે અનુમાનનો આશ્રય લીધો છે; અને ૨૧૨ દિવસ માટે અટકળ બાંધીને ચલાવ્યું છે. અનુમાન ને અટકળ વચ્ચે ભેદ કરવામાં ભલભલા ઇતિહાસ-સંશોધકો પણ ગફલત કરી બેસતા હોય છે. એ બાબતમાં પણ સાવધ રહેવામાં તેમણે પ્રમાણશાસ્ત્રીય બુદ્ધિની સૂઝ બતાવી છે. એટલું જ નહીં, ગાંધીજી જેવી ચીવટવાળી અને યંત્રને આદર ન આપતી છતાં યાંત્રિક નિયતિથી કાર્યક્રમો પાર પાડનાર વ્યક્તિ વિસ્મરણ, સરતચૂક કે બીજા કોઈ દોષથી પોતાનાં લખાણોમાં ભૂલ ન કરે એમ આપણે માનીએ છીએ; પરંતુ

સંપાદક વ્યવસાયે ઑડિટર હોઈ હિસાબ નિરીક્ષકની ઝીણવટથી આવા દોષોથી થએલી અનેક ભૂલો પકડી પકડીને તે સુધારી પણ આપી છે. દા. ત. પત્રમાંની તારીખમાં વદને બદલે સુદ, કે ખોટો મહિનો યા વર્ષ લખવાની કેટલી ય સરતચૂકો તેમણે ટપાલની છાપ, તારીખની ગણતરી વગેરેના આધારે સુધારી છે.

આવી ઝીણવટભરી વિગતસભર 'દિનવારી' પછી અંતે સ્થળવાર સૂચિ જોડી છે. તેમાંથી તારવ્યા મુજબ ગાંધીજી ૨૧૫૧ દિવસ અમદાવાદમાં કોચરબના તેમજ સાબરમતી આશ્રમમાં અને ૨૫૮૮ દિવસ વર્ધા અને સેવાગ્રામમાં રહ્યા હતા. પ્રકીર્ણ સૂચિમાં અગિયારસો ઉપરાંત સદરો છે. ઉપવાસની અને કારાવાસની સૂચિઓ ટૂંકી છે છતાં પૂર્ણ છે. અંતમાં સંગ્રાહકે આધારની સૂચિ આપી છે. આ બધું તેમના અથાગ શ્રમ, જાગ્રત ચીવટ, સૂક્ષ્મ સંશોધનબુદ્ધિ અને નવ વર્ષના તપનું પરિણામ છે. ગુજરાત રાજ્ય મહાત્મા ગાંધી જન્મશતાબ્દી ઉજવણી સમિતિ; પૃ. ૮૦૦, પાકું પૂઠું, રૂ. ૫.

ગુજરાતમાં ગાંધીયુગ: મુંબાઈ યુનિવર્સિટીની ઠક્કર વસનજી માધવજી વાર્ષિક વ્યાખ્યાનમાળામાં કાકાસાહેબ કાલેલકરે ૧૯૬૫માં કરેલું ઐતિહાસિક અને સાહિત્યિક અવલોકન; સંપાદક: અમૃતલાલ યાજ્ઞિક: પ્ર૦ મુંબાઈ યુનિવર્સિટી; પૃ.૧૨૪, કાચું પૂઠું, રૂ. પા.

પૂર્ણયોગમાં પ્રાણ: શ્રી અરવિંદે પોતાનાં લખાણોમાં પોતાનું પૂર્ણ વ્યાકરણ ઘડી આપ્યું છે. તેમણે બતાવ્યું છે કે માણસમાં ગુપ્ત રહેલો ઊર્ધ્વ પ્રાણ જાગૃત થઈને સમર્પણ, ત્યાગ, બલિદાન અને મહાતપસ્યાના અપૂર્વ ચમત્કારો કરી શકે છે. પ્રાણના રૂપાંતરની આ મહાકથા, તેની અનેક ગલીકૂંચીઓમાં લગાડવાની અનુભવસિદ્ધ ચાવીઓ સાથે તેમનાં લખાણોમાંથી ઊપસી આવે છે. સુન્દરમે એ પ્રાણકથાને આ પુસ્તકદ્વારા ગુજરાતીમાં અવતારી છે. પ્ર૦ શ્રી અરવિંદ સોસાએટી, પોંડિચેરી; પૃ. ૧૭૨, કાચું પૂઠું, રૂા. ૩–૫૦.

ત્રીજી શક્તિ: પ્રાચીન કાળથી આપણે ત્યાં ત્રણ ગુણ, ત્રણ દોષ (ત્રિદોષ), ત્રિમૂર્તિ, ત્રણ લોક આદિની કલ્પના છે. આજના સમયમાં દુનિયાનો જે ભાગ અમેરિકા કે રશિયાના જૂથમાં નથી તેને 'થર્ડ વર્લ્ડ'-ત્રીજી દુનિયા-કહે છે. એવી જ ત્રીજી શક્તિ—'થર્ડ ફોર્સ'ની કલ્પના પણ આછી આછી હમણાં થઈ છે, જેને વિશ્વશાંતિની શક્તિ માનવામાં આવે છે. આ પુસ્તકમાં વિનોબાજીનાં એવાં ભાષણો સંકલિત છે જેમાં હિંસાશક્તિ અને દંડશક્તિ ઉપરાંતની તેમણે કલ્પેલી ત્રીજી શક્તિ 'જનશક્તિનું' સૈદ્ધાંતિક પ્રતિપાદન થયું છે. પ્ર૦ યજ્ઞ પ્રકાશન, હુઝરાત પાગા, વડોદરા ૧; પૃ. ૩૦૮, કાચું, રૂ. ૩.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



સૌ. લાભુબેન અને મોહનલાલ 'સોપાન'

શ્રી મોહનલાલ મહેતા–'સોપાન' જન્મ મોરબીમાં તા. ૧૪-૧-૧૯૧૦. 'જન્મભૂમિ' પત્રોમાં ૨૨ વર્ષ કામગીરી. 'અખંડ આનંદ'ના તંત્રી. હાલ 'સુકાની' અને 'અભિનવ ભારતી' નામનાં પોતાનાં બે સામયિકો ચલાવે છે. નવલકથા, વાર્તાસંગ્રહ, નિબંધો ને રાજકારણી માહિતી તથા સમીક્ષાઓ સહિત લગભગ પચાસ પુસ્તકોના લેખક. સૌ. લાભુબેન: જાણીતા પત્રકાર શ્રી અમૃતલાલ શેઠનાં પુત્રી. જન્મ લખતરમાં તા. ૧૭-૧૨-૧૯૧૫. 'ગૃહમાધુરી' અને 'જીવન-માધુરી' માસિકનું સંપાદન. 'જન્મભૂમિ-પ્રવાસી'માં 'સંસાર ચક્ર', 'અખંડ આનંદ'માં 'ગૃહ ગંગાને તીરે', 'સુકાની'માં 'સંસાર સરિતા' વગેરેનું સંપાદન. 'અભિનવ-ભારતી'નાં સહસંપાદક. બાળકો માટે વાર્તાસંગ્રહો, બંગાળી કથાઓના અનુવાદો વગેરે સાથે અનેક પુસ્તકોનાં લેખિકા.

૧. તમે બંને તંત્રી છો. તંત્રીમાં શી શી વિશિષ્ટતા હોવી જોઈએ?

ઉ. 'સોપાન': વર્તમાનપત્રના તંત્રીમાં સંપાદન-તંત્ર ચલાવવાની શક્તિ ને સૂઝ; પત્રના વિષયોનું પૂરતું જ્ઞાન; વહેલામાં વહેલી તકે સાચા સમાચાર આપવાની ચીવટ અને અગત્યના સમાચારોનું વિવેચનયુક્ત પૃથક્કરણ કરવાની આવડત. લાભુબહેન: સામયિકના તંત્રી પાસે પોતાના પત્ર વિષેની સંપૂર્ણ કલ્પના; કઈ સામગ્રી ક્યાંથી ને કેમ મેળવવી તેની સમજ, વિશાળ વાચન, ત્વરિત પરીક્ષણશક્તિ તથા વિવિધ સ્વભાવના લેખકો સાથે મીઠાશ જાળવી રાખવાની આવડત.

૨. શુદ્ધ સાહિત્યની તમારી વ્યાખ્યા?

ઉ. સો: 'જે અશુદ્ધ હોય તે સાહિત્ય હોઈ શકે જ નહિ. વ્યાખ્યા કઠિન છે, પણ જે એકસાથે સત્ય, શિવ અને સુંદર પ્રકટાવી શકે તે ખરું સાહિત્ય.' લા: જીવનને સંસ્કારી જનારા સૌન્દર્ય દ્વારા જે **રસ** પ્રગટાવે તે શુદ્ધ ને સુંદર સાહિત્ય.'

૩. તમારા ખાસ શૉખ?

ઉ. સો: લીધેલું કામ પાર પાડવાનું સૌથી વધુ ગમે. ચાલવામાં ને ફોટોગ્રાફીમાં રસ ખરો. નજર સમક્ષ આવતી વ્યક્તિ, વિચાર કે કંઈ પણ દૃશ્યનો મર્મ પામવાનો પણ બહુ જ ગમે. લા: સૌથી વધુ ગમે પ્રવાસ. કુદરતી દૃશ્યોનું વૈવિધ્ય; અને વિવિધ પ્રકારના લોકોને મળતાં પણ પરમ આનંદ થાય.

૪. નારીની મહત્તા શામાં?

ઉ. લા: જ્ઞાનપૂર્વકના સમર્પણમાં. નર્યું સમર્પણ ગુલામી છે.

૫. તમો બંને વચ્ચે કદી ચકમક ઝરે ખરી? કોણ હારે કે જીતે?

ઉ. સો: મતભેદના પ્રસંગો પેદા તો થાય, પણ તેનો નિર્ણય દલીલથી નહિ પણ સાહજિક ઉદારતાથી આવી જાય એટલે હારજીતનો પ્રશ્ન રહે જ નહિ અને મતભેદ કદી મતભેદનું કારણ બને નહિ.

મોહનલાલ મહેતા - સોપાન

લાભુબેન મહેતા

ભાષાવિજ્ઞાન (ભાગ ૧ વર્ણનાત્મક): પ્રા. ડૉ. વિપિન ઝવેરીના આ પુસ્તકના પહેલા ખંડમાં તેમણે ભાષાવિજ્ઞાનના પ્રદેશ ને કાર્ય, તેનો ઇતિહાસ ને ગુજરાતી ભાષાવિજ્ઞાનની રૂપરેખા રજૂ કરી છે; બીજા ખંડમાં ભાષાના ધ્વનિ, રૂપ ને વાક્યની સૂક્ષ્મ ખૂબીઓનું વ્યાકરણ સમજાવ્યું છે. પ્ર૦ અનડા બુક ડીપો ગાંધી માર્ગ અમદાવાદ-૧, પૃ.૫૦૮, પાકું રૂ. ૧૦.

સફળ વ્યક્તિત્વ: સ્વ. જમનાલાલ બજાજે વ્યાપારક્ષેત્રે ગાંધીજીના ટ્રસ્ટીપણાના સિદ્ધાંતને મૂર્તિમંત કરીને પોતાનું બહુવિધ વ્યક્તિત્વ ઘડ્યું હતું. પ્રામાણિકતાપૂર્વક પ્રાપ્ત કરેલું ધન તેમણે અનાસક્તિપૂર્વક સમાજ, રાષ્ટ્ર અને માનવજાતિના હિત માટે ખર્ચ્યું. એવી અભિજાત વ્યક્તિનું રિષભદાસ રાંકાએ 'જીવન જોહરી'માં જે સરળ જીવન ખૂબ ભાવપૂર્વક આંકેલું છે તેનો શ્રી મીરા ભટ્ટે કરેલો આ અનુવાદ. વાંચનાર ઇચ્છશે કે જમનાલાલજીની સત્યનિષ્ઠા, દક્ષતા ને સમભાવના આજની આપણી વેપારી પેઢીમાં ઊતરે. પ્ર૦ સર્વોદય ગ્રંથમાળા, ભાવનગર; પૃ. ૧૮૦, કાચું પૂઠું, રૂ. ૨.

महर्षि चरितामृतम्: મહર્ષિ દયાનંદ સરસ્વતીની નાટક સ્વરૂપે જીવનગાથા. લેખક-પ્રકાશક: સત્યવ્રત બી. કામદાર, 'સત્યસદન', પ્લૉટ નં. ૨૯૫, ભીમાણી સ્ટ્રીટ, માટુંગા, મુંબાઈ-૧૯; પૃ. ૧૨૭, કાચું પૂઠું, રૂ. ૨.

વિનાયકની આત્મકથા: આ સદીના બીજા ચરણથી ગુજરાતી સાહિત્યે વિવેચનની જે કરવટ બદલી તેના અર્વાચીનોમાં આદ્ય અને પોતાની આગવી શૈલીનાં નિર્ભીક વિવેચનોથી ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરનાર વિજયરાય કલ્યાણરાય વૈદ્યનું, વિલક્ષણ રજૂઆતમાં ઉતારાએલું આત્મકથાનક; સંપાદક: શિવનંદન કાશ્યપ (એટલે પોતે જ: એમનાં માતાનું નામ શિવલક્ષ્મી અને એમનું ગોત્ર કશ્યપ, તેથી.) પ્ર૦ એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. ૧૬૪, સામળદાસ ગાંધી માર્ગ, મુંબાઈ-૨; પૃ. ૨૪૨, કાચું પૂઠું, રૂા. ૬.

ભિક્ષુ અખંડાનંદ: આજથી છએક દાયકા ઉપર ગુજરાતની સાધારણ ભણેલી પ્રૌઢ જનતા માટે સરળ ભાષામાં હજારોની સંખ્યામાં સેંકડો પુસ્તકો સસ્તી કિંમતે પ્રકટ કરવા માંડીને ગુજરાતની આમ પ્રજામાં જ્ઞાનપ્રસાર કરનાર એક ત્યાગી અને આદ્ય સમાજશિક્ષકનું જીવનચરિત્ર. લેખક: જ. ઓ. કાનુગા; પ્રકાશક: ગુજરાત રાજ્ય સમાજશિક્ષણ સમિતિ, દરિયા મહેલ, સૂરત; પૃ. ૭૦, કાચું, ૭૦ પૈસા.

અમૃતની પરબ: માનવજાતને અજવાળતાં પ્રેરક નારીરત્નોનો સંગ્રહ; લેખિકા: દેવી મહેતા; પ્રકાશક: સાહિત્યનિધિ, અમદાવાદ-૬; પૃ. ૧૩૧, પાકું પૂઠું, રૂા. ૪.

આતાની ૧૧ વતવાતો: સદાચાર પોષક ૧૧ વાતો. લેખક: મહિપતરામ હી. જોષી; પ્રકાશક: ઉપર મુજબ; પૃ. ૪૮, કાચું પૂઠું, ૫૦ પૈસા.

માયજી અભિનંદન ગ્રંથ: ચાર દાયકાઓ સુધી ગાંધીજીએ ચીંધેલાં રચનાત્મક કાર્યો પાછળ એકસરખી ધગશથી મરોલીમાં કામ કરી ત્યાંના કસ્તૂરબા સેવાશ્રમ, માનસરોગ હૉસ્પિટલ, સૂરત-વલસાડ-ભરૂચ જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં આશ્રમશાળાઓ ને બાલવાડીઓ તથા કન્યા છાત્રાલયોની સ્થાપના અને વિકાસના પ્રાણ સમ મીઠુંબહેન પીટીટના અમૃત મહોત્સવ પ્રસંગે પ્રકટ થએલો પ્રશસ્તિગ્રંથ; પ્રકાશક: મીઠુંબહેન પીટીટ અમૃત મહોત્સવ સમિતિ, કસ્તૂરબા સેવાશ્રમ, મરોલી; પૃ. ૨૫૯ અને ૩૨ ચિત્રપ્લેટો, પાકું પૂઠું, રૂ. ૩.

આ જ પ્રસંગે એક સ્મૃતિ અંક પણ પ્રકટ થયો છે. ૭૫ પૃષ્ઠના આ અંકમાં પણ માયજી વિષે તેમજ જેનાં તેઓ સ્થાપક અને સંચાલક છે તે કસ્તૂરબા સેવાશ્રમ તથા મરોલીની અન્ય સંસ્થાઓ વિષે સચિત્ર માહિતી આપી છે. રૂ. ૧.

આદ્ય સુધારક મહેતાજી દુર્ગારામ: મહીપતરામ રૂપરામ નીલકંઠ કૃત 'દુર્ગારામ ચરિત'નો મુખ્ય આધાર લઈને ગુજરાતના જ નહિ બલ્કે ભારતવર્ષના એક અગ્રિમ આદ્ય સુધારક એવા મહેતાજીના જીવન ને વિચારોનું પુનઃસ્મરણ આ પુસ્તિકામાં કર્યું છે, જે ફળદાયી નીવડશે. પ્ર૦ વિશ્વમાનવ ટ્રસ્ટ, રામજી મંદિર પોળ: વડોદરા-૧; પૃ. ૮૪. કાચું પૂઠું, રૂા. ૨.

જનકલ્યાણ: (જીવનઘડતર અંક) પોતાની એક પ્રણાલી અનુસાર 'જનકલ્યાણ' માસિક દર ફેબ્રુઆરીનો અંક ખાસ અંક તરીકે સવિશેષ દળદાર અને પાકાપૂઠાનો પ્રકટ કરે છે. તદનુસાર આ અંક તેના વિષય પ્રમાણે ૭૦ જેટલા સચિત્ર પ્રેરક લેખોથી ભરેલો છે. પ્રકાશક: 'જનકલ્યાણ', પુનિત માર્ગ, મણિનગર, અમદાવાદ-૮; પૃ. ૪૨૫, છૂટક કિ. રૂા. ૪-૫૦.

ગોસંવર્ધન પરિસંવાદ: ગુજરાત રાજ્ય ગોસંવર્ધન પરિષદ તરફથી આણંદમાં યોજાએલા પરિસંવાદમાં વંચાએલા નિબંધો પ્રથાકારે; જે ગોસંવર્ધન, પશુ સુધારણા અને ડેરી ઉદ્યોગના વિકાસ અંગે ઉપયોગી થઈ પડે તેમ છે. સંપાદન અને પ્રકાશન: શિવાભાઈ જે. પટેલ, ગુ. રા. ગોસંવર્ધન પરિષદ, દહેગામ, જિ. અમદાવાદ; પૃ. ૧૦૪, કાચું પૂઠું, કિં. જણાતી નથી.

સાગરપારની સંસ્કારયાત્રા: પૂર્વ અને મધ્ય આફ્રિકાની પોતાની યાત્રાનું શ્રીકાન્ત ભગતજીએ કરેલું આલેખન. પ્ર૦ આર્ય સેવાસંઘ. ૮/૫૦૧, ચાંલ્લાવાડ, સૂરત-૨, પૃ. ૬૬, કાચું પૂઠું, રૂ. ૧-૫૦.

ગુજરાતનું લોકસંગીત: ગુજરાતની અસ્મિતા અને સંસ્કારધનનો લોકભોગ્ય શૈલીમાં પરિચય કરાવવા ગુજરાત સરકારના માહિતી ખાતા તરફથી પ્રકટ થતી 'આપણું ગુજરાત' નામની પુસ્તિકા શ્રેણીમાં પાંચમી પુસ્તિકા. લેખક: ચિત્તરંજન રાજા; પૃ. ૭૦, કાચું પૂઠું.

વગર પૈસાનું વૈદું: આરોગ્યની જાળવણી અર્થે અને વિવિધ રોગાવસ્થામાં અજમાવાએલા જુદા જુદા ટુચકાનુસખાઓ અને ઘરગથ્થુ ઔષધી વિષેની માહિતી આપતી 'વગર પૈસાનું વૈદું' બતાવતી નટવરલાલ માલવીની ઉપયોગી પુસ્તિકાઓની માળાના છ વધુ મણકા: મારો શિવાંબુ પ્રયોગ, બર્મી યોગોપચાર, અલૂણાંનો જાદુ, બહુરૂપી ખરજવું, બક્ષ સો નકા, ભામા- મનના તનના! પ્રકાશક: ગાંડીવ સાહિત્ય મંદિર, હવાડિયા ચકલો, સૂરત-૨; દરેક પૃ. ૪૮, કાચું પૂઠું, ને દરેકનો રૂ. ૧.

વિદ્યાર્થીઓના નિબંધો: આ પુસ્તકના પ્રકાશક (અનડા પ્રકાશન, ગાંધીમાર્ગ અમદાવાદ)ના છોટુભાઈ અનડાએ એસ.એસ સી.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની નિબંધ-સ્પર્ધા યોજીને તેમાં પ્રથમ પારિતોષિક પામેલી કૃતિઓનું, રતિલાલ સાં. નાયક પાસે કરાવેલું સંપાદન. પૃ. ૩૯૬, કાચું પૂઠું, રૂા. ૫.

કાચના કટકા: અધૂરું સ્વપ્ન અને **અધૂરું ઉપવન:** આમ જનતાના લોકપ્રિય વાર્તાલેખક અને ગઝલકાર 'સેફ' પાલનપુરીની ત્રણ નવી નવલકથાઓ: ફાલ્ગુની પ્રકાશન, ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. પાકાં પૂઠાં; પૃ. અનુક્રમે ૨૩૮, ૩૮૦ અને ૨૮૦. અનુક્રમે રૂ. ૯, ૧૧ ને ૧૧.

હાથપગ બંધાયેલા છે: આદિલ મનસુરીનાં પાંચ એકાંકી નાટકો; પ્ર૦ રે. મઠ, કાયચિકિત્સા, સારંગપુર ચકલા, અમદાવાદ; પૃ. ૧૪૪, કાચું પૂઠું, રૂ. ૫.

નીલ ગંગાને છાંયે: શ્રી પુરુષોત્તમ હરજી ભોજાણીનો બીજો કાવ્યસંગ્રહ; પ્ર૦ સાહિત્ય ગોષ્ઠિ, કંપાલા (યુગાન્ડા). પૃ. ૨૦૦, કાચું, રૂ. ૪.

ભીનું એકાંત: 'બેઝાર' સાસ્તાપુરી સંપાદિત એક નાનકડો કાવ્યસંગ્રહ; બકુલ પ્રકાશન, ગુરુ ફળિયા, ભૈરવનાથ માર્ગ, નડિયાદ; પૃ. ૫૩, કાચું પૂઠું, રૂ. ૨.

આંબાવાડિયું: શ્રી મનુભાઈ દેસાઈનો કિશોરભોગ્ય કવિતાસંગ્રહ; પ્ર૦ સ્મૃતિ પ્રકાશન, વસંતવિહાર, માણેકલાલ રોડ, નવસારી; પૃ. ૫૬, કાચું પૂઠું, ૭૫ પૈસા.

પથદીપ: શ્રી નાનાલાલ દ. પટેલ (શાહપુર અમદાવાદ)નાં કાવ્યો. પૃ. ૬૯, કાચું પૂઠું, રૂા. ૨.

વીસમી શિષ્ટવાચન પરીક્ષા

વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ તરફથી વીસમી શિષ્ટવાચન પરીક્ષા તા. ૪-૧૦-૭૦ને રવિવારના રોજ લેવાશે. આ પરીક્ષા માટે નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદે પ્રસિદ્ધ કરેલ 'ગુજરાતના શિરછત્ર સરદાર' નામનું પુસ્તક રાખવામાં આવ્યું છે. પુસ્તકની કિંમત પોસ્ટેજ સાથે રૂ. ૧-૧૫ છે. દસ પરીક્ષાર્થીઓ થએથી કેન્દ્ર અપાય છે. પરીક્ષા ફી ફક્ત ૩૦ પૈસા છે.

પરીક્ષાની વિસ્તૃત માહિતી માટે તેમજ કેન્દ્ર માટે લખો: વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળના મંત્રીજી, ૮/૦ ગુજરાત પુ. સ. સ. મંડળ લિ., સંસ્થાવસાહત, રાવપુરા, વડોદરા.

ગઝલ-સ્પર્ધા

ભાવનગર સાહિત્ય-વર્તુલ તરફથી યોજાએલી ગઝલ-સ્પર્ધામાં નામી-અનામી સૌ કવિમિત્રોને ભાગ લેવા નિમંત્રણ આપવામાં આવ્યું છે. પારિતોષિકની રકમો: પ્રથમ રૂ. ૧૦૧, દ્વિતીય ૫૧, તૃતીય ૨૫. કૃતિઓ મોકલવાની છેલ્લી મુદત તા. ૩૧-૭-૭૦. નિયમો વગેરે માટે નીચેને સરનામે લખવું: 'સાહિત્યવર્તુલ' ૮ પિતૃછાયા, ઘોઘા ગેઈટ, જમાદાર શેરી, ભાવનગર.



ફિલિમ્પીઆ ૧૯૭૦: આ નામે લંડનની ફિલેટેલિક સોસાએટી, બ્રિટિશ ફિલેટેલિક અસોસીએશન અને ફિલેટેલિક ટ્રેડર્સ સોસાએટીના ઉપક્રમે આવતા સપ્ટેમ્બરની ૧૮ થી ૨૬ તારીખમાં એક આંતરરાષ્ટ્રીય ટપાલ-ટિકિટ પ્રદર્શન યોજાશે. એ નિમિત્તે બ્રિટન પોતાની પહેલી ટપાલ-ટિકિટ 'પેની-બ્લૅક' (તા. ૧૬-૫-૧૮૪૦), પહેલી 'એમ્બૉસ્ડ ટિકિટ (તા. ૧૩-૯-૧૮૪૭) અને 'સરફેઈસ પ્રિન્ટિંગ'વાળી પ્રથમ ટિકિટ (તા. ૩૧-૭-૧૮૫૫) પરની છાપને જ ફરી રજૂ કરતી, ઉપર અનુક્રમે દર્શાવેલી, ત્રણ ખાસ ટિકિટો બહાર પાડશે. ઈ. ૧૮૩૭માં રાણી વિક્ટોરિયાની લંડનની મુલાકાતની યાદમાં બહાર પડેલા એક સુવર્ણચંદ્રક પર શાહી ટંકશાળના વિલિયમ વૉને રાણીનું જે મહોરું કોતરેલું તેના પરથી દોરેલી છબી જ આ ત્રણે ટિકિટો પર ત્રિવિધ રીતે છપાએલી અને હવે અસલના જ સ્વરૂપમાં તે ફરી છપાશે. અહીં એ મૂળ કરતાં મોટા કદમાં આપી છે.

ટિકિટ-સંગ્રહ

લંડનથી મોકલનાર
રમણિકલાલ સોલંકી






આ વર્ષ દરમિયાન [illegible] જયંતીઓ નિમિત્તે બહાર પડનારી બ્રિટનની ખાસ ટપાલટિકિટો (વિગત પાછળ આપી છે.)







આ વર્ષે વિખ્યાત લેખક ચાર્લ્સ ડિકન્સની એકસોમી સંવત્સરી પણ આવે છે. એ નિમિત્તે એની ચાર જાણીતી કથાઓનાં મુખ્ય પાત્રો પિક્વિક, મિકોબર, ડેવિડ કૉપરફીલ્ડ અને ઑલિવર ટ્વિસ્ટને આલેખતાં ચાર ચિત્રો સાથેની ઉપરની ચાર ખાસ ટિકિટો પણ બહાર પડશે.

પાછળ જે પાંચ જયંતીઓનાં સૂચક આલેખનોવાળી ટિકિટો આપી છે તેમાં પહેલી પાંચ પેન્સની ટિકિટ પર 'ડેક્લેરેશન ઑવ આર્બ્રોથ' (૭૫૦મી જયંતી), બીજી પર 'ફ્લૉરેન્સ નાઇટિંગેલ (૧૫૦મી જયંતી) ત્રીજી એક શિલિંગની ટિકિટ પર 'ઇન્ટરનેશનલ કોઑપરેટિવ ઍલાયન્સ' (૭૫મી જયંતી), ચોથી પર સદાને માટે ઇંગ્લંડ છોડીને જેમાં પિલગ્રિમ ફાધર્સ અમેરિકા જઈ વસેલા તે જહાજ 'મે ફ્લાવર' (૭૫૦મી જયંતી) અને છેલ્લે રૉયલ ઍસ્ટ્રોનૉમિકલ સોસાએટી (૧૫૦મી જયંતી)નાં સૂચક ચિત્રાલેખનો છે.

મથાળાની ત્રણ ટિકિટો એડિનબરામાં યો નારા નવમા કૉમનવેલ્થ રમતોત્સવ નિમિત્ત છે. તેમાં દોડ, તરણ અને સાઇક્લિંગમાં થ શરીરના હલનચલનનો ખયાલ આપતાં કૅમેર ની ખૂબીથી ઉપજાવેલાં ચોટદાર ચિત્રો દ


તેની નીચેની ટિકિટ વિલિયમ વર્ડ્ઝવર્થન બીજી જન્મ-શતાબ્દી નિમિત્તની છે જેમાં ક કવિના નિવાસસ્થાન ગ્રાસમીઅર સરોવરન સુંદર દૃશ્ય આપ્યું છે.

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર — જુલાઈ ૧૯૪૫ અંક ૨૫૯


છત્રીના યુગજૂના ઇતિહાસ તથા ભૂમંડળના વિવિધ દેશકાળમાં તે ધારણ કરેલાં નાનાવિધ રૂપો વિષે ૨૫ વર્ષ પર આવેલો આલેખ : છત્રીનો ઇતિહાસ યુગોજૂનો છે. દેશેદેશે તેણે અવનવાં રૂપો ધારણ કર્યાં છે, એટલું જ નહિ પણ તેના ઉપયોગ પણ નાનાવિધ થયા છે. સત્તા અને વૈભવની નિશાની તરીકે ધરાવાતાં રાજછત્રો, દેવછત્રો અને પૂજાવિધિઓ ઉપરાંત પ્રેતયાત્રાઓમાં પણ (સિયામ) તેને સ્થાન છે. તેની ઉત્પત્તિ પૂર્વના દેશોમાં જ થઈ અને હિંદ, આસીરિયા ને ઇજિપ્તમાં તે હજારો વર્ષ થયાં વપરાતી આવી છે એ તો પુરાણો અને પ્રાચીન શિલ્પો કહે છે. પછી ધીમેધીમે તે વપરાશના સામાન્ય સાધન તરીકે ગ્રીસ, રોમ અને પશ્ચિમના દેશોમાં પ્રસરી. પૂર્વ દેશોમાં તો શરૂઆતમાં તે સર્વ દેશોમાં પદાધિકારના ચિહ્ન ઉપરાંત ધાર્મિક વિધિઓમાં વપરાતી. આજે પણ દક્ષિણમાં સુબ્રહ્મણ્યમનાં મંદિરોની રથયાત્રામાં દેવનો છત્રધારક ભારે મોટું છત્ર લઇને નૃત્ય કરે છે. બંગાળના સંથાલ લોકો નવવસંતના ઉત્સવ વખતે એક મોટા દેવછત્રને પૂજાઅર્ચા કરી તેની આસપાસ નૃત્ય કરે છે.





સિરીઅસ

ઓગણીસમી સદીના પ્રથમ અરધમાં વરાળ-યંત્રો વડે નૌસંચલન કરવા અંગે અનેક મતાંતરો વ્યાપેલા. ઘણા નાવિકો અને કેટલાક વિજ્ઞાનીઓ પણ એનો વિરોધ કરતા હતા. માત્ર વરાળયંત્ર વડે જ આખો આટલાંટિક પાર કરવામાં તેઓને શ્રદ્ધા બેસતી નહોતી. પણ ઇ. ૧૮૩૮માં 'સિરીઅસ' નામના એક જહાજે રસ્તે સઢનો બિલકુલ ઉપયોગ કર્યા વિના એ સાહસ પાર પાડી કૉર્કથી ન્યૂ યૉર્કની સફર ૧૮ દિવસમાં પૂરી કરી. થોડા જ કલાક બાદ એના પછી ત્રણ દિવસ મોડું ઊપડેલું 'ગ્રેટ વેસ્ટર્ન' પણ આ જ રીતે આટલાંટિક પાર કરી આવ્યું.



બ્રિટાનિયા

ઈ. ૧૮૪૦માં કનાર્ડ સ્ટીમશિપ કંપનીની પહેલી સ્ટીમર 'બ્રિટાનિયા' ૧૪ દિવસે અમેરિકા ગઈ. ઇંગ્લંડથી અમેરિકા ટપાલ લઈ જનાર એ પહેલી સ્ટીમર. ઈ. ૧૮૪૨માં આ જ સ્ટીમરમાં ચાર્લ્સ ડિકન્સ અમેરિકા ગએલો. 'અમેરિકન નોટ્સ'માં એણે એ વર્ણવ્યું છે.

પણ આ બધાં જહાજો 'પૅડલર' એટલે કે વહાણના પડખામાં રાખેલાં પૅડલચક્રના જોરે ચાલતાં હતાં અને એને નુકસાન થવાની ઘણી શક્યતાઓ હતી. યુદ્ધ જહાજોમાં તો એ સંભવ વધી જતો. અને એટલે જ ત્યારનું નૌકાદળ એવાં વહાણો પસંદ કરતું નહોતું. આથી ધીરે ધીરે 'સ્ક્રૂ પ્રોપેલર' તરફ મત ઢળતો જતો હતો.

ઈ. ૧૮૩૯માં 'આર્કિમીડિસ' નામની સ્ક્રૂ પ્રોપેલરવાળી એક નાનકડી આગબોટે ગ્રેટ બ્રિટનની પ્રદક્ષિણા કરી બતાવી.

આમ, એક તરફ સ્ક્રૂ પ્રોપેલરનું આગમન થઈ રહ્યું હતું ત્યારે બીજી બાજુ જહાજની બાંધણીમાં લાકડાને સ્થાને લોખંડી પઠાણનો વપરાશ પણ શરૂ થયો હતો.



મધુકરી

ન સૂએ ચાકર, ન સૂએ ચોર; ન સૂએ ઘન ગાજંતે મોર;
ન સૂએ જેને પુત્રીઓ ઘણી, ન સૂએ બે નારીનો ધણી;
ન સૂએ નિર્ધન ને ધનવંત, ન સૂએ રાજા રાજ કરંત;
ન સૂએ જેને સુખ નહિ ઘેર, ન સૂએ જેને માથે વેર.

—લજ્જારામ

બહુશ્રુત અને વિદ્વાન કલાવિવેચક સ્વ. ભરત કે. આયર

ઓરિસ્સામાં પ્રવાસે હતો ત્યાં કટક ખાતે ૨૪મી એપ્રિલે સાંજે સુશીલભાઈ (ઝવેરી)નો તાર મળ્યો : Regret to inform Bharata Iyer passed away yesterday!

૨૫મી માર્ચે કુ. સુચેતા ભીડેના કાર્યક્રમમાં મુંબાઈમાં છેલ્લું મળેલા. દૂરથી મને દીઠેલો ને મધ્યાંતરમાં હોંશભેર આવ્યા, હેતથી ભેટયા, મારા પ્રવાસનું જાણી આશીર્વાદ આપ્યા. સૌ ટોળે વળી ઊભાં હતાં એટલે નિત્યની ટેવ મુજબ ટીખળ કરી બોલેલા: 'સખીજનપરિવૃત્ત તને અમ બુઢ્ઢાંવની શી પરવા?' મારા યુરોપથી પાછા ફર્યા પછી બેએક વાર મળેલા... મારી પાસેની કૃષ્ણાટ્ટમ નૃત્યોની રંગીન ટ્રાન્સ્પેરન્સી માગેલી...'ટાઇમ્સ ઑવ ઇન્ડિયા'ના વાર્ષિક અંકોમાં અત્યાર લગી પ્રકટ થએલા તેમના લેખોના સંપાદનનું કામ મને સોંપેલું...તરતમાં પારી(સ)થી પ્રકટ થનાર તેમના પુસ્તક વિષે બધું જણાવેલું...ખરખબર પૂછેલી...તબિયત ઠીક નહોતી રહેતી એવું કહેતા હતા...પણ એટલા તો જીવંત ને સ્ફૂર્તિમય કે આમ અચાનક ચાલ્યા જશે તે માની શકાય નહિ. માંદગી અઠવાડિયું ય નહિ ટકી હોય. કોઇને કશી જાણ નહિ. જેણે જેણે જાણ્યું, નિકટનાએ, તે સૌએ આઘાત અનુભવ્યો.

કેરળનાં-હવે તો સંસારભરમાં પ્રસિદ્ધ-કથકલી નૃત્યો પર એકમેવ અને અદ્વિતીય પુસ્તક 'કથકલી—ધ સેક્રેડ ડાન્સ-ડ્રામા ઑવ મલબાર' પુસ્તકના એ લેખક; ડૉ. આનંદ કુમારસ્વામીના પરમ ભક્ત, પ્રશંસક અને સ્નેહભાજન; નૃત્યકારો, ચિત્રકારો, શિલ્પીઓ-કલાકાર માત્રના સમવયી મિત્ર ને ગુણરાગી, સ્વભાવે નમ્ર ને મિલનસાર, અત્યંત હેતાળ, ને જો એક જ વિશેષણ વાપરી તેમના વ્યક્તિત્વને ન્યાય આપવો હોય તો ખરા અર્થમાં 'રસિક'-એવા શ્રી ભરત આયર બહુ મોટું મિત્રમંડળ મૂકી ઓચિંતાના સીધાવી ગયા. અફસોસ એ થયા કરે છે કે અરે, બે ઘડી સાથે બેસી નિરાંતે વાતો કરી હોત, તેમનું બધું લખેલું અધૂરું રહેલું એક વાર સાથે મળી જોઈ ગયા હોત. પણ સ્વજનોની વિદાયના આવા અફસોસ-દુઃખ-દર્દની તે કેટલી વાતો લખવી?



ઍકાઉન્ટન્ટ જનરલની ઑફિસમાં કામ કરતા હતા. રંગૂનમાં પણ ઘણું રહેલા. કવિ વળ્ળત્તોળ શરૂમાં કથકલી ટ્રુપ લઈ બ્રહ્મદેશ ગએલા ત્યારે ત્યાં ભરત આયરે ઘણો બોજો માથે ઉપાડેલો. કળાના પાકા મરમી, માણસના ઉત્તમ અંશોના ચાહક કથકલી નૃત્યોનો જે રસાસ્વાદ એમણે પોતાના એ પુસ્તકમાં કરાવ્યો છે તે ઢબે આપણે ત્યાં તો હજી લગી નૃત્ય પર એવું બીજું એકે ય પુસ્તક લખાયું નથી. લખ્યા પછી દાયકા લગી રાહ જોઈ. બીજા વિશ્વયુદ્ધને કારણે પરદેશી પ્રકાશન પેઢી ભીંસમાં આવેલી. ડૉ. કુમારસ્વામી પોતે એ પુસ્તક જોઈ ગએલા. 'ધી અધર માઇન્ડ'નાં લેખિકા (સદ્ગત) બેરીલ ડીઝોટે પણ એની પારાવાર પ્રશંસા કરેલી. અંતે લુઝાક ઍન્ડ કંપનીએ ૧૯૫૫માં લંડનથી પ્રકટ કર્યું. સુંદર રંગીન ને સાદાં ચિત્રો, આર્ટપેપર, કિંમત મોંઘી દાટ! કહે છે કે પુસ્તક જ્યારે લખ્યું ત્યારે ય ભારે નાણાભીડ ભોગવવી પડેલી

—એટલે લગી કે ઘર ગીરવે મૂકવું પડેલું. પણ દૃઢ નિર્ધારથી પુસ્તક પૂરું કર્યું. આપણા અલ્પધન નૃત્યસાહિત્યનાં તે અહોભાગ્ય. શી કાવ્ય કોટિની ભાષા! વિચારોની સ્પષ્ટતા, રસિકતા, છણાવટ અને વાક્યમાં ભાવ જગાડવાની કુનેહ અને શક્તિ! એમનું લખાણ આંતરરાષ્ટ્રીય ધોરણે માન પામેલું છે. બીજું પુસ્તક તે 'ઇંડિયન આર્ટ'. એ લખતાં નજર સામે ગુરુ આનંદ કુમારસ્વામી અને ભારતીય કળા-ફિલસૂફી-ધર્મનું તલાવગાહન કરાવનાર પ્રો. ઝીમરને રાખેલા. ચરમ કોટિના એ બંને સર્જકોને અનુસરનારી તેમની કલમ; ભાષા પર સુંદર પ્રભુત્વ. પંડિતની શુષ્કતા નહિ પણ કલાવિદ્‌ની રસિકતા એમના વ્યક્તિત્વ તેમજ લખાણની દ્યોતક છે.


કુમારસ્વામીના શ્રેષ્ઠ ને વિરલ સ્મૃતિગ્રંથ 'આર્ટ ઍન્ડ થૉટ' પુસ્તકનું સંપાદન એમણે કરેલું. સંસારભરના ઉત્તમ કલાવિદો, વિવેચકો વગેરેનો સહકાર એમાં એમને મળેલો. એવા અભ્યાસધન ગ્રંથો વિરલ હોય છે.

ઈ. ૧૯૫૭માં તેમના પરિચયમાં આવવાનું થયું. 'કુમાર'માં ત્યારે મારે કથકલીના પુનરુદ્ધારક કવિ વળ્ળત્તોળનો પરિચયલેખ લખવો હતો. યુનિવર્સિટી લાયબ્રેરીમાં એમનું લખેલું પુસ્તક કથકલી વાંચેલું ત્યારની એમને મળવાની ભારે ઉત્કંઠા. પછી તો અનેક વાર મળવાનું થએલું ને એમનો સ્નેહ ભાજન બનવા નસીબદાર થએલો. નૃત્યક્ષેત્રે તો એ મારા મિત્ર ફિલસૂફ ને માર્ગદર્શક હતા. કેરળમાં મારું સંશોધનકાર્ય હું નિર્વિઘ્ને કરી શકેલો. અમારા મિત્રવર્તુળમાં એ સૌના સ્નેહી હતા. હું જ્યારે 'નર્તક મિલન' સંસ્થા (ડાન્સર્સ ગિલ્ડ)નો મંત્રી હતો ત્યારે મારી પ્રવૃત્તિને આવકારતા, ઉત્સાહ આપતા. કથકલી પર તેમણે ચાર વ્યાખ્યાન આપેલાં તેનાં મધુર સ્મરણો ક્યારેય નહિ ભુલાય. વચમાં થોડો વખત બનારસમાં 'ધી અમેરિકન ઍકેડેમી ઑવ બનારસ'માં કામ કરેલું. ત્યારે એક વાર બચુભાઈ રાવત જોડે તેમણે તે ટ્રેનમાં સાથે પ્રવાસ કરેલો અને 'કુમાર'ની સેવાઓને બિરદાવેલી. ગુજરાતી નહોતા વાંચી શકતા, પરંતુ કથકલી ને કવિ વળ્ળત્તોળના સચિત્ર લેખો જોઈ ઘણો સંતોષ પામેલા. એમની ઘણી ઇચ્છા હતી કે કોઈ એમના ગ્રન્થ 'કથકલી'નું ભાષાંતર ગુજરાતીમાં પ્રગટ કરે. હું મારી અશક્તિ ને મર્યાદા સમજી તે વિષે 'હા' ભણતો નહિ, એમની કલમને ન્યાય આપવાનું મારું ગજું નહિ.

એમના લેખો સંપાદિત કરી પ્રકટ કરવાનું માથે લીધું છે. સદ્‌ગત ઇ. કૃષ્ણ આયર, ડૉ. ચાર્લ્સ ફાબ્રી, જી. વ્યંકટ અચલમ્ વગેરેના સમકાલીન અને એવા જ બહુશ્રુત વિદ્વાન; કલાપારખુ, વિવેચક અને અધિકારી લેખક; રસિક આત્મા. મુંબાઇમાં છેલ્લે થોડો વખત મ્યૂઝિયમની લાયબ્રેરીમાં બેસી પુસ્તક લખતા હતા. મ્યૂઝિયમની ડાબી પાંખના વિશાળ ખંડને 'કુમારસ્વામી હૉલ' નામ એમના જ સૂચનથી અપાયું છે. ત્યાં ૧૭મી જૂને મુંબાઇની અગ્રિમ વીસેક સંસ્થાઓએ એમને જે ભાવભરી અંજલિ આપી તે એમનું સ્થાન કલાકારો અને જનતાના હૃદયમાં કેવું વ્હાલસોયું હતું તેની નિદર્શક હતી. —સુનીલ કોઠારી

મત્સ્ય-ઉછેરમાં ગુજરાતની અપૂર્વ સિદ્ધિ

ખેતીવાડી અને પ્રાણી-ઉછેરના ક્ષેત્રમાં, અન્ય ઉદ્યોગ-વ્યવસાયની પેઠે ઉત્પાદન વધારવાના અને સુધારવાના પ્રયત્નો પણ બધા દેશોમાં સતત થતા રહે છે. મત્સ્ય-ઉછેર પણ એક એવો વ્યવસાય છે, જેમાં માછલાંની જાતો સુધારવા અને મોટી સંખ્યામાં એમની પેદાશ વધારવાના પ્રયત્નો થાય છે. એમાં એક પ્રયાસ સ્થાનિક વિસ્તારમાં ન થતી માછલીઓને બીજેથી લાવીને ઉછેરવાનો પણ છે. આ રીતે ભારતની જાણીતી 'કટલા' (ગુજરાતી 'બાવસ') માછલી સીલોન, ઈન્ડોનેશિયા ને મલાયા વગેરે દેશોમાં લઈ જઈને ઉછેરવામાં આવી છે, અને આપણે પણ લગભગ અગિયાર જાતની માછલીઓ બીજેથી લાવીને ઉછેરી છે, જેમાં કૉમન કાર્પ, ગોલ્ડન કાર્પ, ગોરામી ને તિલાફિયા વગેરે મુખ્ય છે. છેલ્લે ઈ. ૧૯૫૯માં



હૉંગકૉંગથી આણેલી 'ચાઇનીઝ ગ્રાસ કાર્પ' માછલી તો બીજી રીતે પણ ઘણી લાભપ્રદ પુરવાર થઈ શકે તેમ છે.

મૂળ તો એ મધ્ય ને ઉત્તર દક્ષિણ ચીનની વતની; પણ હવે ફૉર્મોસા, થાઇલૅન્ડ, મલાયા, જાપાન, સીલોન અને હમણાંથી ભારતમાં તેનો ઉછેર થાય છે. પ્રથમ એને કટક (ઓરિસ્સા)ના 'કિલ્લા ફિશ ફાર્મ'માં લાવવામાં આવી અને ત્યાંના મત્સ્ય-સંશોધન-કેન્દ્ર 'ધી સેન્ટ્રલ ઈનલૅન્ડ ફિશરીઝ રીસર્ચ સબસ્ટેશન'માં એના આહાર, વિકાસ ને પ્રજનનની ખાસિયતોનો અભ્યાસ કરવામાં આવ્યો.

ઈ. ૧૯૬૮ના નવેમ્બરમાં ગુજરાતમાં પ્રાંતીજના ફિશ-ફાર્મમાં કટકથી એનાં ૧૨૦ બચ્ચાં લાવવામાં આવ્યાં. અહીં એમનો ઝડપી વિકાસ થયો અને અન્યત્ર ત્રણ વર્ષે પુખ્ત વયે પહોંચતી આ જાત પ્રાંતીજમાં બીજે જ વર્ષે પુખ્તતાએ પહોંચી અને સવાચાર કિલોગ્રામ જેટલી વજનમાં વધી શકી. આ વર્ષે જૂન માસમાં એમને માછલીના પિચ્યુટરી હૉર્મોન્સનાં ઇંજેક્શન આપી એમનું પ્રજનન કરાવવાનો પ્રયોગ કરવામાં આવ્યો. અગાઉ આ જ રીતે 'કટલા' (બાવસ), 'રોહુ' (રોઉ) અને 'મિર્ગેલ' (જીજરી) માછલી પર આવા પ્રયોગો સફળ નીવડેલા. આ પદ્ધતિમાં નર-માદાને ઇંજેક્શન આપી એક સાથે અલગ રાખવામાં આવે છે. હૉર્મોનને કારણે એમનામાં માત્ર છ જ કલાકમાં જાતીય ઉત્તેજના પેદા થઇને તે બંને કુદરતી રીતે એકબીજાના સંપર્કમાં આવી લાખો ઈંડાં મૂકે છે.

અગાઉ તાઈવાન, થાઇલૅન્ડ વગેરેની પેઠે ભારતમાં પણ માછલીનાં પ્રજનન કરાવવાના પ્રયોગો તો થએલા, પણ તે આટલી હદ સુધી સફળ થયા નહોતા; કેમ કે એ પદ્ધતિમાં ઈન્જેક્શન આપી માછલી પાસે મુકાવેલાં ઈંડાંને નરના પેટ પર હાથેથી દાબીને કૃત્રિમ રીતે તેને ફલિત કરાવાતાં હતાં. પણ પ્રાંતીજમાં અજમાવાએલી રીતમાં બધી ક્રિયા કુદરતી રીતે થતી હોઈ તેમાં સંપૂર્ણ સફળતા મળી છે અને એ સફળતા માટે ગુજરાત ગૌરવ લઈ શકે તેમ છે. દુનિયાભરના મત્સ્ય-સંશોધન-કાર્યમાં અપૂર્વ ગણાએલી એ સફળતા મેળવનાર પ્રાંતીજ મત્સ્ય-ઉછેર-કેન્દ્રના પિસ્સીકલ્ચરિસ્ટ શ્રી કે. એન. મેનન અભિનંદનને પાત્ર છે.

ચાઈનીઝ ગ્રાસ કાર્પની વિશિષ્ટતા તો એ છે કે એ વનસ્પત્યાહારી છે. મત્સ્ય-ઉછેર માટે અને સિંચાઈ માટે બનાવેલાં જળાશયો અને નહેરોમાં ઊગી નીકળતી બિનજરૂરી વનસ્પતિ સામાન્ય રીતે તેમાં ઊછરતાં માછલાંના વિકાસ અને પાણીના પ્રવાહને અવરોધક બની રહે છે. વળી, મોટાં જળાશયોમાં માછલાં પકડવામાં પણ એ નડે છે. આ વનસ્પતિ દૂર કરવા માટે ઠીકઠીક મહેનત ને ખર્ચ વેઠવાં પડતાં હોઈ વ્યવસાયની દૃષ્ટિએ એથી નફામાં મોટો કાપ પડે છે. પણ જો એ પાણીમાં આ ચાઈનીઝ કાર્પ ઊછરતી હોય તો એ તેમાંની વનસ્પતિ ખાઈ જઇને પાણી ચોખ્ખું ને વહેતું રાખે છે. એ ખાઉધરી પણ એવી છે કે એક જ દિવસમાં પોતાના વજન કરતાં વીસ ગણી વનસ્પતિ ખાઈ જાય છે! એની સંખ્યા પણ ઘણી ઝડપથી વધતી હોઈ એ રીતે પણ એનો ફાલ ફાયદાકારક બની રહે છે. આમ, જળાશયોમાં ઉપદ્રવ રૂપ વનસ્પતિને દૂર કરી પાણીને સ્વચ્છ રાખતી, નહેરોનાં દ્વારને અવરોધક વનસ્પતિથી જકડાઈ જતાં અટકાવતી અને પાણીને સરળતાથી વહેતું રાખતી, તથા જળાશયની જલસંગ્રહ-શક્તિને વધારી ઉનાળામાં પાણીની ખેંચ ઘટાડવામાં મદદરૂપ બનતી ચાઈનીઝ ગ્રાસ કાર્પનો ઉછેર આપણને અનેક રીતે લાભપ્રદ બની રહેશે.



આલેચના ડુંગરમાં પાટણની બૌદ્ધ ગુફા

સૌરાષ્ટ્રમાં જામજોધપુર અને ઢાંક વચ્ચે આલેચના ડુંગરમાં ઘોડીધાર પાસે, રાવટાધડાની પશ્ચિમ પગથારે પાટણ નામે એક જૂનું ગામ છે. આજે એ ચૂનાના પથ્થર માટે જાણીતું છે. અહીં ચારણ આઈ સતી નાગબાઈનું થાનક પણ છે. લોકો કહે છે કે ગામથી આગળ રાવટાના દક્ષિણ ઢાળે અગાઉ રાજમહેલ હતા; પણ ત્યાંથી મળતા અવશેષોમાં ઈંટવા અને સાણાના બૌદ્ધ વિહારોમાંથી મળેલી એવી પાકી ઈંટોના ટુકડા જોવા મળે છે તે પરથી લાગે છે કે એ અવશેષો કોઈ વિહારના જ હશે. વળી, ગામની દક્ષિણે ઝર ઉપર ઉત્તરાભિમુખે એક બૌદ્ધ ગુફા પણ છે જેને લોકો ખાપરાકોડિયાનું ભોંયરું કહે છે. આ ગુફા ઢાંકની ઉત્તરે આવેલી ઝિંઝવડી ઝરની બૌદ્ધ ગુફાઓ જેવી જ, બીજી સદીની ગુફા છે તે નોંધનીય છે.

પોરબંદરના પુરાતત્ત્વ સંશોધન મંડળના અમે ત્રણ મિત્રો—હું, શ્રી નથુભાઈ વઢિયા અને શ્રી નરોત્તમ પલાણ, આ જૂનની ૧૦મી તારીખે એ તરફ જઈ ચડેલા ત્યારે આ ગુફા મળી આવી છે. આલેચના પૂર્વભાગે પ્રાચીન ગુફામંદિરોમાં ઢાંકની જૈન ગુફાઓ અને ઝિંઝવડી ઝરની બૌદ્ધ ગુફાઓમાં પાટણની આ બૌદ્ધ ગુફા એક વધુ ઉમેરો કરે છે.

—નોંધ અને ફોટો: મણિભાઈ વોરા

હિતભુક મિતભુક અશાકભુક

વારાણસીમાં દિવોદાસ નામના રાજા આયુર્વેદના પ્રખર જ્ઞાતા હતા. તે વૃદ્ધ થવા આવ્યા ત્યારે ઇન્દ્રે એમના મરણ પહેલાં એમની પાસેથી નીરોગી રહેવાનું રહસ્ય જાણી લેવા દેવલોકના વૈદ્ય અશ્વિનીકુમારોને આજ્ઞા કરી. દિવોદાસ ગંગામાં સ્નાન કરી પ્રાતઃસંધ્યા કરવા બેસતા હતા ત્યારે અશ્વિનીકુમારોએ પોપટનું રૂપ લઈ તેમના માથા પર ઊડતાં ઊડતાં ટહુકો કર્યો: 'કોણ નીરોગી? કોણ નીરોગી? કોણ નીરોગી?' દિવોદાસે જવાબ દીધો: 'હિતભુક, મિતભુક, અશાકભુક–એટલે કે પોતાને પથ્ય તેવો ખોરાક ખાનાર, માપસર ખાનાર અને બહુ શાક નહિ ખાનાર.

હિતકારક ખોરાક એટલે શું? આપણે ત્યાં ઋતુઓ પ્રમાણે હવામાનમાં ભારે ફેરફાર થાય છે. ગરમી, ભેજ અને ઠંડીની અસરથી શરીરમાં પિત્ત, વાત કે કફ વધે છે. એ ત્રણે સમાન થાય તો જ આરોગ્ય જળવાય છે. આથી ઋતુવાર પથ્ય-ખોરાક કેવો હોય તેનું ઝીણું વિવેચન આયુર્વેદે કર્યું છે. અષાડ-શ્રાવણ માસમાં વર્ષાઋતુ બેસે છે. આ ઋતુમાં હલકું ભોજન પથ્ય છે. હોજરીને ઓછો બોજો આપવો જોઈએ. આથી શ્રાવણ માસમાં સોમવારે એકટાણાં કરવાનો અને ચોમાસાની અગિયારશને દિવસે ઉપવાસ કરવાનો મહિમા મનાયો છે. ભાદરવો-આસો માસમાં શરદ ઋતુ ભેજયુક્ત હોવાથી શરીરમાં પિત્ત વધે છે. પિત્તનું શમન કરવા દૂધ, સાકર, ખીર, કેળાં, મોસંબી, લીંબુ જેવાં ફળ અને શીતળ (વાસી નહિ), મધુર તેમ જ હલકો ખોરાક પથ્ય છે. આથી ભાદરવા માસના શ્રાદ્ધપક્ષમાં દૂધપાક-પૂરી નહીં પણ ખીરપોળીનો ખોરાક પથ્ય છે. કારતક-માગશરમાં હેમંતઋતુ ચાલે છે. હવે ઠંડીની શરૂઆત થાય છે, જઠરાગ્નિ પ્રદીપ્ત થવા લાગે છે. એટલે ધીરે ધીરે પૌષ્ટિક ખોરાક વધારવો જોઈએ. પૌષ્ટિક ખોરાક ન લેવાય તો પ્રબળ થતો અગ્નિ માંસ, મજ્જા અને લોહીનું દહન કરે અને શરીર નાકૌવત થાય. તેથી આ ઋતુમાં મધુર, તેલયુક્ત, ખારા અને રસયુક્ત ખોરાક પથ્ય છે. સાથે શરીરે તેલમર્દન અને વ્યાયામ પણ પથ્ય છે.

પોષ-માહમાં શિશિર ઋતુ ચાલે છે. હવે ઠંડી વધે છે. જઠરાગ્નિ પ્રબળ થાય છે. આ ઋતુમાં નવાં ધાન્ય, ફળો, લીલોતરી, તલ, ગોળ, દૂધ, માખણ, ઘી પથ્ય છે, પૌષ્ટિક પાકો ખાઈ શક્તિસંગ્રહ કરવાની આ ઋતુ છે. તેલમર્દન ને વ્યાયામ પણ ખરાં. ફાગણ-ચૈત્રમાં વસંતઋતુ બેસે છે. સવારે જરા ટાઢ અને બપોરે ઠીક તાપ એવી આ મિશ્ર ઋતુ છે. શિશિરમાં સ્નિગ્ધ ખોરાક ખાધા છે. આથી શરીરમાં કફનો સંચય થયો છે. ગરમીથી આ કફ પાતળો થઈ શરીરમાં ફેલાય છે જે જઠરમાં જઈ પાચનશક્તિને મંદ કરે છે. એ દૂષિત કફનું શમન કરવા આ ઋતુમાં ઓછા તેલવાળો ખોરાક ખાવો જોઈએ. આથી હોળીમાં ધાણી, ચણા, ખજૂર જેવા ઓછા તેલવાળા ખોરાક ખાવાની પરંપરા પડી. આ ઋતુમાં કડવો, તીખો, તૂરો રસ પથ્ય છે. આથી ચૈત્ર સુદ એકમે કડવા લીમડાનો રસ પીવાની પ્રથા છે. વૈશાખ-જેઠમાં ગ્રીષ્મ ઋતુ બેસે છે. તાપ ઘણો પડતાં શરીરમાં કફ ઘટે છે. આથી વાયુનું પ્રમાણ વધે છે. ઘટતા કફને અટકાવવા મધુર, હલકું, શીતળ રસયુક્ત ભોજન પથ્ય છે. ચોખા, દૂધ, દહીં, છાશ, શિખંડ, ને ઋતુમાં પાકતાં દ્રાક્ષ, ફાલસાં, કેરી, ટેટી ખાવાં. આથી કફ ઘટતાં વાયુ વધે છે તેનું શમન થાય છે. આમ બારે માસ વાત-પિત્ત-કફ સમાન રહી આરોગ્ય જળવાય એવી ખોરાક સંબંધી યોજના આયુર્વેદમાં સૂચવાઈ છે.

જે પ્રદેશમાં જે અન્ન ને કઠોળ પાકતાં હોય તે પ્રમાણસર ખાવાથી તે પ્રદેશના લોકોને સહેલાઈથી પચે છે. સામાન્ય રીતે તૃણધાન્યો (એટલે ઘઉં, જુવાર, બાજરી ઈ.) એક વરસનાં જૂનાં સહેલાઈથી પચે છે. તૃણધાન્યોમાં જાડા ૬૦ દિવસે પાકતા સાઠી ચોખા, કઠોળમાં મગ, શાકમાં પરવળ, કંકોડાં, કારેલાં, કુમળાં વેંગણ, ભાજીઓમાં તાંદળજો, ડોડી, પાલક, સરગવા, સુવા, ફળોમાં દાડમ, દ્રાક્ષ, ગળપણમાં એક વરસનો જૂનો ગોળ અને મધ, સુકાં ફળોમાં આલુ, અખરોટ, ખજૂર, મસાલામાં ધાણાજીરું, હળદર, મેથી, તેજાનામાં લવિંગ, ગાયબકરીનાં દૂધ, દહીં, છાશ, પથ્ય મનાયાં છે. સામાન્યરીતે કફ પ્રકૃતિવાળાને તીખા, કડવા અને તૂરા, પિત્ત પ્રકૃતિવાળાને કડવા, તૂરા અને ગળ્યા, વાયુ પ્રકૃતિવાળાને ખારા, ખાટા અને ગળ્યા, પદાર્થનું પ્રમાણસર ભોજન પથ્ય મનાયું છે.

(ગુજરાત મિત્ર) —જ. ઓ. કાનૂગા

શાન્તિનિકેતનની સ્થાપના કેમ થઈ?

રવીન્દ્રનાથના પિતા મહર્ષિ દેવેન્દ્રનાથ એક દિવસ કલકત્તાથી પોતાના મિત્રને ત્યાં લગ્નમાં જવા નીકળ્યા. ઘોડા ઉપર બેસીને પોતાના રસાલા સાથે તેઓ જઈ રહ્યા હતા. મુસાફરી લાંબી હતી. પ્રવાસમાં યે રોજ સવારે અને સાંજે નિયમિત રીતે તેઓ ધ્યાનમાં બેસે. સાંજે રસ્તામાં એક નિર્જન સ્થળે વૃક્ષની નીચે મહર્ષિ ધ્યાનમાં બેઠા. રાત પડી, અરધી રાત પસાર થઈ ગઈ, બે વાગ્યા, ત્રણ વાગ્યા, ચાર વાગ્યા, સવારના છ વાગ્યા પણ મહર્ષિ તો ધ્યાનમાં બેઠા છે. પ્રદેશ હતો ભયંકર. મહીં ડાકુઓ રહે. ડાકુઓનો સરદાર પહેલાં તપાસમાં નીકળે કે આજ કોઈ શિકાર છે! એ દિવસે પણ નીકળ્યો. ડેરા-તંબુ જોઈ એને થયું: 'આજે તો બહુ મોટો શિકાર હાથમાં આવ્યો લાગે છે!' ફરતો ફરતો મહર્ષિ ધ્યાનમાં બેઠા હતા ત્યાં આવી પહોંચ્યો. એને મહર્ષિના કપાળ પર અલૌકિક જ્યોત દેખાઈ. એટલામાં મહર્ષિએ આંખ ઉઘાડી ને તેમના મુખમાંથી શબ્દ નીકળી પડયો: 'શાંતિનિકેતન!' અને અનુભૂતિ વ્યક્ત કરી: 'અહીં શાંતિ

પ્રાપ્ત થઈ છે, પ્રભુનાં દર્શન થયાં છે. મારે માટે આ તીર્થસ્થાન છે.' આ સાંભળતાં જ પેલો ડાકુ એકદમ બદલાઈ જઇને શરણે આવ્યો: 'હું આપનો શિષ્ય છું' એમ કહીને ડાકુઓની ટોળીને એણે બરખાસ્ત કરી દીધી. મહર્ષિએ નિશ્ચય કર્યો: 'હું અહીં આશ્રમ સ્થાપીશ.'

ત્યાર પછી મહર્ષિ અવારનવાર તે સ્થળે જતા. કેટલીક વાર મિત્રોને પણ લઈ જતા. એક વખત અગિયાર વર્ષના રવીન્દ્રનાથને પણ ત્યાં લઈ ગયા. તે સ્થળનું પ્રકૃતિ-સૌન્દર્ય અજબ હતું. જોતાં જ રવીન્દ્રનાથે કહ્યું: 'પિતાજી! હું અહીં શાળા ખોલીશ.' પિતાએ આશીર્વાદ આપ્યા: 'બેટા! હું જોઈ શકું છું કે ત્રીસ વર્ષની અંદર અહીં એક એવી શાળા ચાલતી હશે, જેમાં આનંદ અને આઝાદીનું વાતાવરણ હશે. હું ત્યારે જીવતો નહિ હોઉં, પણ તું એ કાર્ય કરી શકીશ એનો મને વિશ્વાસ છે.'

રવીન્દ્રનાથના શાળા ખોલવાના ઉપર્યુક્ત વિચારની પાછળ એક ભૂમિકા છે. તેમને પોતાને કેદ જેવી નિશાળમાં ભણવું પડતું, જ્યાં આકાશનું ઇન્દ્રધનુષ જોવા બાળક બારીની બહાર જુએ ત્યાં સોટી પડે!

ઈ. ૧૯૧૦માં ટાગોરે ત્રણ વિદ્યાર્થીઓને લઈ અહીં શાંતિનિકેતનની સ્થાપના કરી. વૃક્ષ નીચે બેસે. ગુરુદેવ પોતે શીખવે. મનોહર પ્રકૃતિ-સૌન્દર્ય હતું. ધીમેધીમે વિદ્યાર્થીઓની સંખ્યા વધતી ગઈ. એક શિક્ષક દસથી વધુ વિદ્યાર્થીઓને ન સંભાળી શકે એ દૃષ્ટિથી વધુ શિક્ષકો રાખવામાં આવ્યા. માધ્યમ માતૃભાષા હતી. આજથી પચાસ વર્ષ પહેલાં માધ્યમ માટે માતૃભાષાનો વિચાર કરવો એટલે ખલાસ! સરકારની આંખો ચાર થાય! અંગ્રેજ સરકારે શાંતિનિકેતનમાં સી. આઇ. ડી. મોકલી: 'બૉંબ તો નથી બનાવતા ને?' પણ ત્યાં તો બધું ઉઘાડું હતું: નહિ બારણાંને તાળું કે નહિ પેટીને. છ મહિનામાં તો સી. આઈ. ડી. ભાગી ગઈ!

શરૂઆતમાં સંસ્થાનું પ્રૉસ્પેક્ટસ પણ ન હતું. કોઈ પૂછે: 'તમારું ધ્યેય શું છે?' ગુરુદેવ માથું ખજવાળતા અને કહેતા 'મારે જીવન સાથે કામ કરવાનું છે અને જીવન સ્વયં વિકસતું રહે છે.' બીજનાં અંકુર ફૂટે એને એમ ન કહેવાય કે તારી ડાળીઓને અમુક જ દિશામાં કાઢજે. અહીં બાળકોમાં માણસાઈના દીવા પ્રકટાવવા હતા.

પરદેશી કેળવણીકારો આવતા તેઓ પણ પૂછતા: 'શાંતિનિકેતનનું ધ્યેય શું?' ગુરુદેવ કહેતા, 'ધ્યેય છે વિદ્યાર્થીઓને પરમાત્મ-ચેતનાભિમુખ બનાવવાનું!' પણ તેમને તે માટે અહીં કોઈ મંત્ર શીખવવામાં નહોતો આવતો. માત્ર એક જ સાધના શીખવવામાં આવતી: રોજ સવારે અને સાંજે પંદર મિનિટ મૌન. શરૂઆતમાં કદાચ બાળકોને કંટાળો આવે અને તોફાન કરવા જાય. પણ તોફાન ક્યાં કરે? કોની સાથે કરે? પ્રકૃતિનો ત્યાં અજબ પુષ્ટિકારક પ્રભાવ હતો. એથી બાળક આત્માને ઓળખવામાં સ્વયં જ પ્રવૃત્ત થઈ જતો. અહીં સમયપત્રક ન હતું. એક જ દૃષ્ટિ હતી, એક જ ધ્યેય હતું: સમૂહજીવન જીવવાની કળાનું શિક્ષણ મળે. આપણે વર્ષોથી બોલીએ છીએ: ॐ सहनाववतु. અહીં સાથે રહેવું, સારી રીતે રહેવું, તેની તાલીમ મળતી. દરેક જણ પોતાનું કામ પોતાની જાતે કરે–શિક્ષક પણ કરે, વિદ્યાર્થી પણ કરે. શિક્ષક પોતાની ઓરડી વાળે, વિદ્યાર્થી પોતાની વાળે. જમવા પણ સાથે બેસે, જમ્યા પછી વાસણ પણ ભેગા મળીને સાફ કરે. બધું કર્યા પછી અભ્યાસ માટે જાય. ત્યાં શિક્ષક પહેલાં પ્રાર્થના કરે. 'આપણે સાથે મળીને અભ્યાસ કરીએ.' એ રીતે, 'હું ભણાવું' એમ નહિ.

ઇશ્વરની કૃપા, ગુરુદેવનો પ્રયત્ન અને પ્રકૃતિનું સૌન્દર્ય એ ત્રણેયને લીધે શાંતિનિકેતનનો વિકાસ થતો જ રહ્યો. શિક્ષણમાં કલા અને સંગીતને પણ તેમનું પોતાનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે એ વાત એ જમાનામાં કોઈ કબૂલ કરતું ન હતું. કલાગુરુ નંદલાલ બોઝ શરૂઆતમાં છ મહિના સુધી ત્યાં રહ્યા પણ કોઈ એમના શિષ્ય થવા જ તૈયાર નહિ! સાતેક મહિના પછી એકાદ શિષ્ય આવ્યો. કહેવા લાગ્યો: 'નંદબાબુ, આ શું કરો છો? મને પણ શીખવોને!' એક શિષ્ય આવ્યો, બીજો આવ્યો, ત્રીજો આવ્યો અને પછી તો વિદ્યાર્થીઓ રસથી કળાઓ શીખવા લાગ્યા.

આ ભણતર એ તો પાઠ્યપુસ્તક વિનાનું ભણતર હતું. અહીં એવું ભણીને વિદ્યાર્થીઓ કલકત્તા જઈ મૅટ્રિકની પરીક્ષા આપતા અને પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થતા. કેમ ન થાય? હાથ કેળવાએલો હતો, હૃદય કેળવાએલું હતું, અને મનની કેળવણી તો હતી જ!

જગતમાં દ્વિતીય વિશ્વયુદ્ધ થયું. ગુરુદેવ પરદેશમાં હતા. જયાં જ્યાં જતા ત્યાં લોકો એમને પૂછતા: 'શાંતિનો કોઈ રસ્તો છે? હોય તો અમને બતાવો. અમે કંટાળી ગયા છીએ. આધ્યાત્મિક પ્રકાશ પૂર્વમાંથી જ હમેશાં આવે છે.' આવું સાંભળતાં ગુરુદેવને થયું કે શાંતિનિકેતન એ કેવળ હિંદીઓ માટેની જ સંસ્થા ન રહેવી જોઈએ. જગતભરના વિદ્યાર્થીઓનું એ અતિથિભવન બનવું જોઇએ. આ વિચાર સ્ફૂર્યો અને ગુરુદેવે એને 'વિશ્વભારતી' એવું નામ આપ્યું, અને ઇચ્છયું કે જગતના જુદાજુદા દેશોની સંસ્કૃતિઓનો અહીં સંગમ થાય. ત્રણ વર્ષનો અભ્યાસક્રમ નક્કી કરી નાખવામાં આવ્યો. પહેલા વર્ષમાં ભારતનો ઇતિહાસ, ભૂગોળ, સંસ્કૃતિ ધર્મ વગેરેનો અભ્યાસ. બીજા વર્ષમાં વિશ્વનો અને ત્રીજા વર્ષમાં વિવિધ સંસ્કૃતિઓનો અભ્યાસ. એ વિષય પર મહાનિબંધ લખતા કે જેમાં કટુ આલોચના ન હોય. આ રીતે વિશ્વભારતી 'વિશ્વસંસ્કૃતિનું અતિથિભવન' બની.

(વૈષ્ણવજન) —(સ્વ.) ગુરુદયાળ મલ્લિક

થાય? નથી નરસિંહ કે અખા ભગત હયાત, નહિ તો એમને એકાદા ખાસ વિમાનમાં ઊંચકી, અહીં લાવી, આ ધ્રુવપ્રદેશની ગરવી મોહિની દેખાડત. અને એ જોયા બાદ પણ એ કહેત કે છી: એ અલખના લ્હાણા આગળ આની તે શી બિસાત છે, તો આપણે બન્દા એના પગ પકડી છોડત જ શાના? કહેત તમે એકલપેટા એ જોયા કરો, તો અમને પણ એ દેખાડો. આ જ તો અમારું ગોકુલ છે. તમે લખો છો-ગાઓ છો 'ગોકુળથી વૃન્દાવન મોટું તે અમને દેખાડ વ્હાલા!' તો તમે જ અમારા વ્હાલા. આ થકી અદકો માયાવિહોણો ખેલ દેખાડો વ્હાલા.

દેખીતો હિમાચલ યા નિકટના હિમચલ, બધું જ શ્વેત, પરંતુ અહીં પશુપંખી, ઝાડપાન, ઘાસફૂલ પણ છે. ભીતરમાં માનવીના હૃદય જેવો દરિયો ધબકે છે. ક્યાંક ઊનો-દઝાડે એવો પણ છે! અહીં જ્વાળામુખીઓ ફાટ્યા હતા, કદીક હજુ પણ ફાટે, ક્યાંક ધૂમ્રસેર પણ જોવા મળે, ગરમ પાણીના ઝરા તો આ અહીં જ ઝરતા દેખાય, આ બધાંમાં અહીં માનવી રહેતો હશે ખરો? કોટઝેબ્યુથી જરા દૂર અમે એવા એસ્કિમો, માનવ સંસારનાં ખોરડાં જોવા ગયા. આર્કટિક સર્કલની ઉપર. ત્યાંથી દૂર દૂર માઉન્ટ મૅકિન્લીનું ૨૦,૩૦૦ ફૂટ ઊંચું શિખર ચળકતું દેખાયા કરે. અહીંથી પંચાવન માઈલ જ દૂર રશિયાનો પ્રદેશ; ઊભા છીએ યુનાઈટેડ સ્ટેટ્સના વાવટામાં-૧૯૫૯ની સાલમાં નવા ઉમેરાએલા ૪૯માં તારાના પ્રદેશમાં. સામે દેખાય છે સોવિયેટ ભોમ! ઈ. ૧૮૬૭ની સાલમાં ૭૨ લાખ ડૉલરે અમેરિકાએ આ પ્રદેશ રશિયા પાસેથી ખરીદી લીધો હતો. ત્યારે તો એ રાજકીય ભૂલ ગણાતી. પણ પછી તો ત્યાં સોનું નીકળ્યું, અને રાજકારણ વિકસ્યું, એટલે બોંતેર લાખ તો હવે નજીવી રકમ ગણાઈ ગઈ

અમે બહુ ફર્યા. આ ભાગમાં ઊંચામાં ઊંચો પહાડ ૪૮૦૦ ફીટ, અને ત્યાં નીચાણમાં લાવા પ્રદેશ, ઈમુરુક સરોવર. ત્યાં કંચન મળે. કહે છે કે અસલ તો ત્યાંની નદીઓના કાંઠા ઉપર જ જમા થએલું દેખાતું; ખોતરી જ લેવાનું! ન્યૂ નિવાક ટાપુ તો જ્વાળામુખીમાં નીકળેલા અગનરસનો જ બંધાએલો ટાપુ છે. હશે પંદરસો-સોળસો ફીટ ઊંચો, અને કહે છે કે લાખો નહિ પણ કરોડો વર્ષ પહેલાં તો એશિયા ને અમેરિકાની આ જમીન એકધારી એકસરખી જ હતી, પગપાળા અહીંથી તહીં ચાલ્યા જાઓ, આવો, કોઈ તમને પૂછનાર નહિ. પણ આજે તો અહીં વસ્યાં છે રેઈનડીઅરો; ને હિમાલયમાં મળે એવા કસ્તૂરીમૃગો પણ ન્યાળવા મળે.

પાછા ફરતાં વ્હાઈટહૉર્સ શહેરની દક્ષિણે દરિયા કાંઠે જુનો ગામમાં સરસ લાયબ્રેરી છે; ત્યાં ઉત્તર ધ્રુવના સંશોધકોનાં ને એના ઇતિહાસનાં સુંદર પુસ્તકો છે, એમાં ઉત્તર ધ્રુવ સર કરનારા અમેરિકાના પીઅરીનાં યે છે. ત્રણચાર પ્રવાસ બાદ આખરે એ ત્યાં પહોંચ્યો, (૬ એપ્રિલ ૧૯૦૯), પાછો ફર્યો, અને તે દરમ્યાન ડૉ. ફ્રેડરિક કૂક પોતે પહેલો પહોંચ્યો હતો એવો દાવો નોંધાવી પીઅરીના વિજયકળશને એક વાર તો ધૂળ ભેગો કરી નાખ્યો હતો. પછી તપાસો થઈ અને કૂકસાહેબ ખોટા નીકળ્યા, અને પીઅરી પોતાની સાથે ફક્ત એના એક નિગ્રો દોસ્ત હૅનસન અને બે એસ્કિમો લઈને અને બ્રિટિશ સાથીદાર બૉબ બાર્ટલેટને સાથે ન લઈ જવા થકી કેટલો નિંદાયો. એ બધો રસિક ને રોમાંચક ઇતિહાસ છે. વાંચજો, ગમે ત્યાંથી મળશે. હું તો અહીં ત્રણચાર કલાક અડી પડ્યો હતો.


કહે છે કે અહીં આદિકાળથી માનવીઓ તો વસતા જ રહ્યા છે. આપણે એમની હસ્તી છેલ્લાં સો-બસો વર્ષો પહેલાં જાણી. પણ એમની ભાષા—લાપ્સ, ફિનો, ઉગ્રી, ટ્રંગુસ મંચુ, ચાકુટ અને પલ્લવાશિયાટિક, એ પાંચની ભાષા જુદીજુદી છતાં એમાં એક દોર જોવા મળે છે. વિદ્વાનો તો એમની ભાષામાં સંસ્કૃત શબ્દો પણ હોવાનું જણાવે છે. પણ અટાણે તો આ મનોરમ, સ્વચ્છ અલૌકિક દર્શન જ માણ્યા કરીએ. (ચાલુ)

આ માસ (જુલાઈ) ઇતિહાસમાં

તા. ૩, ૧૪૯૭ 'સાઓ ગૅબ્રીઅલ' અને 'સાઓ રફાએલ' સાથે બે બીજાં વહાણો લઈ વાસ્કો ડા ગામા દક્ષિણ આફ્રિકા વટાવી પૂર્વમાં હિંદુસ્તાન જવાનો જલમાર્ગ શોધવા પોર્ટુગાલથી ઊપડ્યો. એ કુશળ નાવિક હોવા ઉપરાંત બહાદુર લડવૈયો પણ હતો. કેઈપ ઑવ ગુડ હૉપ પસાર કરી આફ્રિકાની પૂર્વ-કંઠારે ઉત્તરમાં મોઝામ્બિક વટાવી છેક મલિન્ડી પહોંચ્યો ને ત્યાંના રાજાને થોડી સહાય કરી, એમની પાસેથી ભોમિયો મેળવી ઈ. ૧૪૯૮ની ૨૦મી મેએ તે મલબાર કાંઠે કાલિકટ બંદરે પહોંચ્યો. હિંદુસ્તાન પહોંચવાનો જલમાર્ગ જાણી જનાર એ પહેલો યુરોપવાસી હતો. ૧૫૦૨માં એ ફરી હિંદ આવ્યો ત્યારે છેક કોચીન સુધીની કંઠાર ફર્યો. પછી ત્રીજી વાર તે અહીંની પુર્તુગીઝ વસાહતોના વાઇસરૉય તરીકે આવેલો ને ઈ. ૧૫૨૪ની ૨૪ ડિસેમ્બરે અહીં જ કોચીનમાં એનું અવસાન થયું.




વાસ્કો ડા ગામા




સાઓ ગૅબ્રીઅલ

તા. ૯, ૧૮૧૯ સીવવાના સંચાના શોધક ઇલિયાસ હૉવેનો જન્મ. બૉસ્ટનમાં પોતાના કારીગર શેઠના એક અછડતા સૂચનમાંથી પ્રેરણા લઈ આર્થિક હાડમારી, લોકોનો ઉપહાસ અને અન્ય અનેક મુશ્કેલીઓ છતાં પત્નીની હૂંફે એણે વર્ષોની મહેનત કરી સીવવાનો સંચો બનાવ્યો. પણ એની શોધને જોઇએ તેવો આવકાર ન મળતાં છેક લંડન જઈ એને એ સંચો વેચવા પ્રયાસ કરવો પડેલો ને તેમાંયે નિરાશ થઈ એ પાછો ફરેલો. પાછળથી એના નમૂના પરથી સંચા બનાવી લેભાગુઓ પૈસા કમાવા માંડયા ત્યારે એણે ઉછીના પૈસા લાવી દાવો માંડ્યો ને જ્યારે જીત્યો ત્યારે પત્ની વિનાનો એ બધી રીતે દુ:ખી અવસ્થાએ પહોંચ્યો હતો. પણ એને દાવામાં વીસ લાખ ડૉલર મળ્યા ને પાછલી અવસ્થામાં પોતાની શોધની ઉજ્જવળ સફળતા એ જોવા પામ્યો.



હૉવેનો પહેલો સંચો

તા. ૪, ૧૭૭૬ અમેરિકાના સ્વાતંત્ર્યની જાહેરાત. રાજાની આપખુદીથી ત્રાસી ઈંગ્લંડ છોડી સદાને માટે અમેરિકા જઈ વસેલા અંગ્રેજો ત્યાંથીયે રાજાની સત્તાને સ્વીકારતા હતા તેનો લાભ લઈ એમના પર 'સ્ટૅમ્પ-ડ્યૂટી' ને બીજા અનેક વેરા તથા એમના વેપારમાં પણ અંકુશો ઈંગ્લંડે મૂકવા માંડતાં, પોતાને જેમાં 'પ્રતિનિધિત્વ નથી તે પાર્લમેન્ટને પોતાના પર કર નાખવાનો પણ અધિકાર નથી' એવા સિદ્ધાંત સાથે જ્યૉર્જ વૉશિંગ્ટનની સરદારી નીચે એમણે ઇંગ્લંડ સામે યુદ્ધ લડી લેવા નિરધાર્યું ને ફિલાડેલ્ફિયામાં પોતે ઈંગ્લંડથી સ્વતંત્ર હોવાની જાહેરાત કરી. નીચે એ અસલ જાહેરાતનામાનો છેલ્લો પૅરેગ્રાફ અને છેવટ જે તેર રાજ્યોના પ્રતિનિધિઓની સહીઓ થએલી તે આપી છે. અમેરિકન સંયુક્ત રાજ્યો—યુ.એસ.એ.નાં એ તેર સ્થાપક રાજ્યો હતાં તેમની સામે યુદ્ધમાં હારેલા ઈંગ્લંડે એમના સ્વાતંત્ર્યને સ્વીકારવું પડયું.



તુલસી યહ સંસાર મેં પાંચ રત્ન હૈ સાર:
હરિભજન અરુ સંતમિલન, દયા, દાન, ઉપકાર.

સમ્રાટ ચંદ્રગુપ્તના પ્રધાનમંત્રી ચાણક્યને કોઈએ આવીને ગભરાતાં ગભરાતાં કહ્યું: 'સ્વામી આપના સાથીદારોએ આપને દગો દીધો છે; એ દુશ્મનો સાથે મળી ગયા છે; આપનું સૈન્ય પણ વિફર્યું છે ને આપને ત્યજીને શત્રુ સાથે મળી જવાની તૈયારીમાં છે.' ચાણક્યે શાંતિપૂર્વક કહ્યું: જેમને જવું હોય તે ભલે જાય: મારી બુદ્ધિ મને છોડીને ન જાય એટલે બસ.

કહેવતોના અર્થ: 'ભૂત જાય વસવાથી, ને દાગ જાય ઘસવાથી.' દુરિતને દૂર કરવા, કે અનિષ્ટનો હિંમતપૂર્વક સામનો કરવા માટે પ્રોત્સાહિત કરવા વપરાતી આ કહેવતના પૂર્વાર્ધ પાછળ એવી લોકમાન્યતા રહેલી છે કે ઘરમાં કે માણસની વસતિમાં ભૂત ટકી શકતું નથી; અને ઉત્તરાર્ધનો અર્થ તો સ્પષ્ટ છે.


ગણિતગમ્મત

કોઈ પણ પાસેપાસેની ચાર સંખ્યા લો તેમાંની વચલી બેના ગુણાકારમાંથી પહેલી અને છેલ્લી સંખ્યાનો ગુણાકાર બાદ કરવાથી હમેશાં બે જ (૨) વધશે. દાખલા તરીકે—

૪, ૫, ૬, ૭ એમાં (૫×૬)-(૪×૭)=૨


૫, ૬, ૭, ૮ એમાં (૬×૭)-(૫×૮)=૨

એમ ગમે તે રકમો સુધી (મ. ના. ખત્રી)




વીસ ઇંચ લાંબા અને નવ ઇંચ પહોળા અર્ધા ઇંચી પાટિયાના એક ટુકડામાંથી પાસેની આકૃતિમાં આલેખ્યા પ્રમાણેના પાંચ ટુકડા કાપી કાઢો (કાળો ભાગ નકામો જશે.) પછી નીચે આકૃતિ 'અ'માં બતાવ્યા મુજબ એક ઇંચ લાંબા સ્ક્રૂથી જોડી દો. એટલે પરચૂરણ કાગળો મૂકવાનું ખાનું તૈયાર થશે.

(અંબુ રાવળ)



अ




ઓપલ (=ફેપલ, દૂધિયું નંગ, રત્નોત્પલ, દૂધિયા રંગનું રત્ન) ઉષ્ણતામાનના એકાએક મોટા ફેરફારથી ભાંગી જાય છે.

ભારતની વસતિ માર્ચ આખરે ચોપન કરોડ, સાઠ લાખ ને ચાલીસ હજારની હતી, જેમાં એકલા માર્ચ માસ દરમ્યાન જ ૧૦,૨૬,-૫૬૦નો વધારો નોંધાયો હતો.

ઊંઝા પાસે મુખ્યત્વે પાટીદારોની વસતિવાળા કામલી નામે સુખી ગામના લોકોએ મળી નક્કી કર્યું કે ગામમાં હોટેલનું દૂષણ ન જોઈએ. તદનુસાર ત્યાં એકે હોટેલ નથી. આગંતુક કે મહેમાનનું સ્વાગત ઘેર જ ચા બનાવીને કરાય છે.

અંગ્રેજી શબ્દ cash (રોકડ) મૂળ દક્ષિણ હિંદના 'કાસુ' (ત્રાંબાનો સિક્કો) શબ્દ ઉપરથી અપભ્રંશ થએલો છે.



ટાવર ઑવ લંડનના શસ્ત્રાસ્ત્ર-સંગ્રહમાં પ્રદર્શિત હાથીનું બખ્તર: ઈ. ૧૭૦૭માં પલાશીમાં મેળવેલી જીતના એક સ્મરણ તરીકે રૉબર્ટ ક્લાઈવ તે ઇંગ્લંડ લઈ ગએલો કહેવાય છે.



અવલોકિતેશ્વર પદ્મપાણિ : ભારતીય કલાનું દૃષ્ટિબિંદુ, પશ્ચિમના 'કલાને ખાતર કલા'ના ખયાલથી ભિન્ન રહ્યું છે. ભારતીય કલાકાર પોતાના ચિત્રવિષયનું ઇંદ્રિયગમ્ય સ્વરૂપ રજૂ ન કરતાં એની અંદરના આત્માનું દર્શન કરાવવા મથે છે. ઈસ્વી સનની ૧૨મી સદીની પાલ શૈલીના, 'અવલોકિતેશ્વર'ના આ ચિત્રમાં ભગવાન બુદ્ધના દેહસ્વરૂપને નહિ પણ એમની ઉચ્ચ ભાવનામય લાક્ષણિકતાઓને વ્યક્ત કરી છે અને એ માટે રેખાના વળાંકો પર અને આકારને ઉઠાવ આપવા પશ્ચાદ્‌ભૂમિના ઘેરા રંગ પર ભાર મુકાયો છે. આંખમાંની કરુણા, હોઠ પરનું સ્મિત, હાથની વરદ મુદ્રા ને બેઠકની સ્વસ્થતા વગેરે દ્વારા અહીં બુદ્ધના ચારિત્ર્યની લાક્ષણિકતાને વ્યક્ત કરી છે. સહેજ પણ ખચકાયા વિના સળંગ વહી જતી લયાન્વિત રેખા નજરને ક્યાં યે રોક્યા વિના જોનારને ચિત્રના ભાવમાં તરબોળ કરે છે.